દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 142 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ વદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 June 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૧૭ જૂન ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભાવનગરમાં આભ ફાટ્યું

## જેસર પાલિતાણા સિહોર મહુવા
## જળબંબોળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાનો પ્રારંભ ધમાકેદાર રહ્યો હતો. રાજ્યમાં આજે સવારે ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા દરમિયાન ૧૬૩થી વધુ તાલુકામાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. જેમાં સૌથી વધુ ભાવનગરના જેસરમાં ૧૦.૧૨ ઇંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે ભાવનગરના પાલીતાણામાં ૯.૭૨ ઇંચ, સિહોરમાં ૯.૬૧ ઇંચ, ભાવનગરના મહુવામાં ૮.૫૪ ઇંચ, અમરેલીના સાવરકુંડલામાં ૮.૨૭ ઇંચ. અમરેલીના રાજુલામાં ૭.૨ ઇંચ અને અમેરલીમાં ૫.૨૪ ઇંચ વરસાદ ખાબક્યો હતો.

અગાઉ રાજ્ય ઈમર્જન્સી સેન્ટર, ગાંધીનગર દ્વારા સોમવારે ૧૬ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા દરમિયાન ૧૦૧ થી વધુ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા દરમિયાન ૧૦૧થી વધુ તાલુકામાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. જેમાં સૌથી વધુ ભાવનગરના જેસરમાં ૯.૦૬ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે ભાવનગરના પાલિતાણામાં ૭.૨૮ ઈંચ, ભાવનગરના મહુવામાં ૬.૯૩ ઈંચ, તળાજામાં ૩.૩૧ ઈંચ, ભાવનગરના ગારિયાધારમાં ૩.૦૩ ઈંચ, ભાવનગરના સિહોરમાં ૨.૭૨ ઈંચ, અમરેલીના રાજુલામાં ૨.૬૦ ઈંચ, અમરેલીના સાવરકુંડલામાં ૨.૨૮ ઈંચ, રાજકોટના જેતપુરમાં ૨.૦૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

ભાવનગરના જેસરમાં ૯ ઈંચ વરસાદ ખાબકી જતાં ચારેકોર પાણી જ પાણીની સ્થિતિ સર્જાઈ હતી. આ દરમિયાન બુઢણાથી પાલિતાણાને જોડતા કોઝ વેની રેલિંગ ધોવાઈ ગઇ હતી. જ્યારે પાલિતાણા, મહુવા અને વલ્લભીપુરમાં વરસાદે જળબંબાકારની સ્થિતિ સર્જી હતી. ભારે વરસાદને પગલે અનેક નદીઓ બે કાંઠે વહેતી થઇ હતી.

જ્યારે જૂનાગઢ, વલસાડના ઉમરગામ, ગીર (જુઓ પાનું ૨) ▶▶




## કેરળમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયું


તિરુવનંતપુરમઃ કેરળમાં સતત વરસી રહેલા વરસાદે સોમવારે પણ તબાહી મચાવી હતી. જેના કારણે માર્ગ અને રેલ વ્યવહાર સહિત સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું.

વરસાદે ઉત્તરીય જિલ્લાઓમાં સૌથી વધુ વિનાશ વેર્યો હતો. નદીઓ અને જળાશયોના જળસ્તરમાં વધારો થયો હતો. કન્નુર અને કાસરગોડ સહિત અનેક જિલ્લાઓમાં પૂરના પાણી ઘરોમાં ઘૂસી ગયાં હોવાથી રહેવાસીઓને રાહત શિબિરોમાં સ્થળાંતર (જુઓ પાનું ૨) ▶▶










## વરસાદે મુંબઈને ફરી ધમરોળ્યું

### ટ્રેન, વાહનવ્યવહારને અસર ▸ તળ મુંબઈમાં ૨૪ કલાકમાં ૧૦૦ મિ.મી. વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વરસાદે સોમવારે મુંબઈ સહિત મહારાષ્ટ્રને ધમરોળ્યું હતું. રવિવાર રાતથી ચાલુ થયેલા વરસાદને પગલે અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવાની સાથે જ લોકલ ટ્રેન, મેટ્રો અને વાહનવ્યવહારને ફટકો પડયો હતો. રવિવારથી સોમવાર સવાર સુધીના ૨૪ કલાકમાં દક્ષિણ મુંબઈમાં ૧૦૦ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. ભારતીય હવામાન વિભાગે સોમવારે મુંબઈ માટે ઓરેન્જ અલર્ટ જાહેર કરીને ભારેથી (જુઓ પાનું ૨) ▶▶

## મહારાષ્ટ્રમાં ૧૮ જણનાં મોત, ૬૫ ઘાયલ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં પહેલી જૂનથી અત્યાર સુધીમાં બનેલી વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૮ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૬૫ જણ ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ સોમવારે કહ્યું હતું.

મુંબઈ શહેર, પરાં વિસ્તાર, રત્નાગિરિ, સિંધુદુર્ગ અને રાયગઢ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ નોંધાયો હોવાનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટીએ જણાવ્યું હતું.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ચોમાસું સક્રિય થઈ ગયું હોવાને કારણે અનેક (જુઓ પાનું ૨) ▶▶

## અનેક ફ્લાઈટમાં વિવિધ કારણોસર મુશ્કેલી

મુંબઈ : વિવિધ એરલાઈન્સની ફલાઈટ્સમાં અલગ-અલગ કારણોસર મુશ્કેલી સર્જાઈ હતી. હોંગકોંગથી દિલ્હી આવતું એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર ઉડ્ડયનના એક કલાક બાદ ટેક્નિકલ ખામીને લીધે પાછું ફર્યું હતું. બીજા બનાવમાં લુફથાન્સાની ફ્રેન્કફર્ટ -હૈદરાબાદ ફ્લાઈટને બૉમ્બની ધમકી મળતાં તે ફ્રેન્કફર્ટ પાછું ફર્યું હતું. ત્રીજા બનાવમાં સઉદીયા એરલાઈન્સની ૨૪૨ હજ જાત્રાળુને જેદ્દાહથી પાછા ભારત લાવી રહેલી જેદ્દાહ-લખનઊ ફ્લાઈટ ઉતરાણ કરતી હતી ત્યારે તેના પૈડામાંથી ધુમાડો નીકળતા મોટો ખળભળાટ (જુઓ પાનું ૨) ▶▶

## મોંઘવારી ૧૪ મહિનાને તળિયે

નવી દિલ્હીઃ ખાદ્યસામગ્રી અને ઈંધણના ભાવમાં થયેલા ઘટાડાને કારણે મે મહિનામાં હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ(ડબ્લ્યુપીઆઈ) આધારિત ફુગાવાનો દર ૦.૩૯ ટકા એટલે કે ૧૪ મહિનાની સૌથી નીચલી સપાટીએ પહોંચ્યો હતો.

નિષ્ણાતોનું કહેવું છે કે જીઓપોલિટિકલ ટેન્શનને કારણે ભાવમાં વધારો થાય તેવી શક્યતા છે. એપ્રિલમાં ડબ્લ્યુપીઆઈ આધારિત ફુગાવાનો દર ૦.૮૫ ટકા હતો. ગયા વર્ષના મે મહિનામાં ડબ્લ્યુપીઆઈ આધારિત ફુગાવાનો દર ૨.૭૪ ટકા હતો.

ઉદ્યોગ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે પ્રાથમિક રીતે ખાદ્યસામગ્રી, વીજળી, કેમિકલ અને કેમિકલ આધારિત ઉત્પાદન, અન્ય ટ્રાન્સપોર્ટ ઉપકરણો અને નૉન-ફૂડ આર્ટિકલ્સના ઉત્પાદનની કિંમતમાં જોવા મળેલા વધારાને કારણે મે મહિનામાં ફુગાવાનો દર પોઝિટિવ ઝોનમાં હતો.

ડબ્લ્યુપીઆઈ ડેટા મુજબ શાકભાજી, કાંદા, બટાટા, કઠોળમાં જોવા મળેલા નકારાત્મક ફુગાવાના દરને કારણે એપ્રિલ મહિનાના (જુઓ પાનું ૨) ▶▶

## દેશની વેપાર ખાધ ૨૧.૮૮ અબજ ડૉલર

નવી દિલ્હીઃ ભારતની નિકાસ મે મહિનામાં ૨.૧૭ ટકા ઘટીને ૩૮.૭૩ અબજ ડૉલર અને વેપાર ખાધ ૨૧.૮૮ અબજ ડૉલર થઈ ગઈ હતી, એમ સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું. મે મહિનામાં આયાત ઘટીને ૬૦.૬૧ અબજ ડૉલર થઈ ગઈ હતી. એપ્રિલ-મે ૨૦૨૫-૨૬ દરમિયાન નિકાસ વધીને ૭૭.૧૯ અબજ ડૉલર અને આયાત વધીને ૧૨૫.૫૨ અબજ ડૉલર થઈ ગઈ હતી. (એજન્સી) ■



## મોદીને સાયપ્રસનો સર્વોચ્ચ મુલકી એવૉર્ડ

નિકોસિયા : સોમવારે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સાઈપ્રસનો સર્વોચ્ચ મુલકી એવૉર્ડ 'ગ્રાન્ડ ક્રોસ ઑફ ધિ ઑર્ડર ઑફ મેકસિયસ થ્રી' એનાયત કરવામાં આવ્યો હતો. મોદીએ એવૉર્ડ સ્વીકાર્યા બાદ કહ્યું હતું કે હું 'ગ્રાન્ડ ક્રોસ ઑફ ધિ ઑર્ડર ઑફ મેકસિયસ થ્રી' એવૉર્ડ નમ્રતાથી સ્વીકારું છું. હું આને બે દેશ વચ્ચેની મિત્રતાને સમર્પિત કરું છું.

સાઈપ્રસના પ્રમુખ નિકોસ ક્રિસ્ટોડોલાઈડસે આ એવૉર્ડ એનાયત કર્યો હતો. 'ગ્રાન્ડ ક્રોસ ઑફ ધિ ઑર્ડર ઑફ મેકસિયસ થ્રી'નું નામ સાઈપ્રસના પ્રથમ પ્રમુખ આર્કબિશપ મેકસિયસ થ્રીના નામ પાછળ રાખવામાં આવ્યું છે.

હું ભારતના ૧.૪ અબજ લોકોને એવૉર્ડ (જુઓ પાનું ૨) ▶▶

## વસ્તી ગણતરી માટે જાહેરનામું બહાર પડાયું

નવી દિલ્હી : સરકારે સોમવારે ૨૦૨૭માં ૧૬મી જાતિ ગણતરી સાથે ભારતની વસ્તી ગણતરી હાથ ધરવા માટે એક જાહેરનામું બહાર પાડ્યું છે, જે ૧૬ વર્ષ પહેલાં ૨૦૧૧માં છેલ્લી વખત કરવામાં આવી હતી.

લદાખ જેવા બરફથી ઘેરાયેલા વિસ્તારોમાં ૧ ઓક્ટોબર, ૨૦૨૬ અને દેશના બાકીના ભાગોમાં ૧ માર્ચ, ૨૦૨૭ ની સંદર્ભ તારીખ સાથે વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે, એમ જાહેરનામામાં જણાવાયું છે.

ઉક્ત વસ્તી ગણતરી માટે સંદર્ભ તારીખ ૧ માર્ચ, ૨૦૨૭ના રોજ ૦૦.૦૦ કલાક રહેશે, જેમાં કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીર અને હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યોના બરફથી ઘેરાયેલા બિન-સમકાલીન વિસ્તારો સિવાયનો સમાવેશ થાય છે, એમ તેમાં જણાવાયું છે. લદાખ અને જમ્મુ અને કાશ્મીર અને હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યોના બરફથી ઘેરાયેલા બિન-સમકાલીન વિસ્તારોના સંદર્ભમાં, સંદર્ભ તારીખ ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના (જુઓ પાનું ૨) ▶▶

## રૂપાણીનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલીન



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ૧૨ જૂનના રોજ લંડન જતું એર ઇન્ડિયાનું વિમાન એઆઈ ૧૭૧ ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીનું નિધન થયું હતું. પ્લેન ક્રેશ દુર્ઘટનાના ૭૦ કલાક બાદ તેમના ડીએનએ મેચ થયા બાદ રૂપાણી પરિવારને તેમનો પાર્થિવદેહ સોંપવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં દિવંગત નેતાના પાર્થિવ દેહને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. રાજકોટમાં સોમવારે સાંજે તેમની અંતિમ યાત્રા નીકળી ત્યારે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને આખું રાજકોટ જાણે હિબકે ચઢ્યું હોય તેવાં દ્રશ્યો સર્જાયા હતા. રૂપાણીના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર રાજકોટ ખાતે કરવામાં આવ્યા હતા.

અગાઉ સ્વર્ગસ્થ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના પાર્થિવદેહને અમદાવાદથી હવાઈ માર્ગે હીરાસર એરપોર્ટ લાવવામાં આવ્યો હતો અને ત્યાંથી ગ્રીનલેન્ડ ચોકડી પહોંચ્યો હતો. ગ્રીનલેન્ડ ચોકડી ઓવરબ્રિજ પર વિજય રૂપાણીના અંતિમ દર્શન માટે લાઈન લાગી હતી. ગ્રીનલેન્ડ ચોકડીથી તેમના નિવાસ સ્થાન (જુઓ પાનું ૨) ▶▶



## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદીવિરોધી રોડ શો, કૅનેડા હવે ભારતનું મિત્ર ના બની શકે

**કૅનેડામાં** જસ્ટિન ટ્રુડોના સ્થાને માર્ક કાર્ની વડા પ્રધાન બનતાં સત્તા પરિવર્તન ભલે થયું પણ ભારત વિરોધી ખાલિસ્તાનવાદીઓને રોકવામાં નવી સરકારને પણ કોઈ રસ નથી તેનો પરચો ફરી એક વાર ભારતને મળી ગયો. સોમવારથી કેનેડાના કનાનાસ્કિસમાં વિશ્વના સૌથી ધનિક દેશોના બનેલા ગ્રુપ ઓફ સેવન એટલે કે G-7નું બે દિવસીય સમિટ શરૂ થઈ છે.

ભારત G-7નું સભ્ય નથી પણ વિશ્વની સૌથી મોટી આર્થિક મહાસત્તાઓમાંથી એક હોવાથી ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ G-7 સમિટમાં હાજરી આપવા નિમંત્રણ મળ્યું છે. મોદી સોમવારે કેનેડા પહોંચ્યા એ પહેલાં ખાલિસ્તાનવાદી સંગઠનના સમર્થકોએ એક જબરદસ્ત રોડ શો કરીને મોદી વિરોધી દેખાવો કર્યા અને ભારત વિરોધી ઝેર ઓક્યું તેના પરથી સ્પષ્ટ થઈ ગયું કે, કેનેડામાં સરકાર કોઈની પણ હોય, ખાલિસ્તાનવાદીઓને રોકવામાં કોઈને રસ નથી અને કેનેડા ફરી ભારતનું મિત્ર બની શકે તેમ નથી.

કેનેડાના કેલગરી પ્રાંતમાં ગુરુદ્વારા દશમેશથી શરૂ થયેલા ૨૦૦ કરતાં વધારે કાર-ટ્રક સાથેના રોડ શોમાં ખાલિસ્તાનવાદીઓએ નરેન્દ્ર મોદીની કેનેડાની મુલાકાત અને G-7 સમિટમાં મોદીને નિમંત્રણનો વિરોધ કરીને મોદી અને ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા. મોદીને કેનેડાના દુશ્મન ગણાવીને ખાલિસ્તાનવાદીઓએ ધમકી પણ આપી કે, મોદીને ખતમ કરી દેવાશે. આ રોડ શોના આયોજન ખાલિસ્તાનના સમર્થક મનજિંદર સિંહે ફિશિયારી મારી કે, અમે મોદીના રાજકારણને ખતમ કરવા માટે અહીં ભેગા થયા છીએ અને અમે કેનેડાને સુરક્ષિત બનાવવા માગીએ છીએ.

ખાલિસ્તાનવાદીઓએ ભારતીય હિન્દુઓને ગાળાગાળી કરીને એવું કહ્યું કે, મોદી કેનેડામાં રહેશે ત્યાં સુધી તેઓ વિરોધ ચાલુ રાખશે. રોડ શો દરમિયાન ખાલિસ્તાન ઝિંદાબાદના નારા પણ લગાવવામાં આવ્યા અને મોદીનું પૂતળું રસ્તા પર લઈ જઈ હાથકડી પણ પહેરાવવામાં આવી. મોદી સરકાર કેનેડામાં ખાલિસ્તાનની માગણી કરી રહેલા લોકોની હત્યાઓ કરાવી રહી હોવાના આક્ષેપો પણ કરાયા.

ખાલિસ્તાનવાદીઓના આ ઉધામા એ વાતનો પુરાવો છે કે, માર્ક કાર્ની કેનેડાના વડા પ્રધાન બન્યા પછી પણ ખાલિસ્તાનવાદીઓ ફાટીને ધુમાડે ગયેલા જ છે અને કાર્નીની સરકારને તેમને રોકવામાં કોઈ રસ નથી. જસ્ટિન ટ્રુડોના સમયમાં ભારત-કેનેડા સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી અને તેનું કારણ ટ્રુડોનું ખાલિસ્તાનવાદીઓ તરફ નરમ વલણ હતું. જાન્યુઆરી ૨૦૨૫માં જસ્ટિન ટ્રુડોના રાજીનામા બાદ ૧૪ માર્ચે માર્ક કાર્ની કેનેડાના નવા વડા પ્રધાન બન્યા અને પછી ચૂંટણી યોજીને તેમણે ફરી સત્તા હાંસલ કરી છે.

કાર્નીએ વડા પ્રધાનપદે બેઠા પછી ભારત સાથેના સંબધો સુધારવાની મોટી મોટી વાતો કરેલી પણ મોદી વિરોધી રોડ શો એ વાતનો પુરાવો છે કે, કાર્ની ખાલી વાતો કરે છે, બાકી તેમને ભારત સાથેના સંબંધો સુધારવામાં કોઈ રસ નથી. રસ હોય તો આ રીતે પોતાની ધરતીનો ઉપયોગ ભારતના વડા પ્રધાન સામે ઝેર ઓકવા માટે કરવા દે ખરા ?

G-7 દુનિયાના સૌથી ધનિક દેશોનું બનેલું સંગઠન છે તેથી આ સંગઠનના સમિટમાં શું બને છે તેના પર આખી દુનિયાની નજર મંડાયેલી હોય છે. એ જ વખતે ખાલિસ્તાનવાદીઓ મોદીવિરોધી રોડ શો કરે તેથી રોડ શોને આખી દુનિયામાં પબ્લિસિટી મળે એ કહેવાની જરૂર નથી. આ વાત કાર્ની સરકારમાં બેઠેલા લોકોને ના સમજાય એટલા નાદાન એ નથી જ ને છતાં કાર્ની સરકાર તેમને રોકે નહીં તેનો સીધો મતલબ એ થયો કે, ખાલિસ્તાનવાદીઓને કેનેડા સરકારનું પીઠબળ છે અને તેમની પ્રવૃત્તિઓ સામે આંખ આડા કાન કરાય છે.

કેનેડાની સરકાર ખાલિસ્તાનવાદીઓને કેમ છાવરે છે એ ઓપન સિક્રેટ છે. કેનેડાની સંસદના નીચલા ગૃહ એટલે કે હાઉસ ઓફ કોમન્સની ૨૦૨૫ની ચૂંટણીમાં શીખ મતદારોએ કાર્નીની લિબરલ પાર્ટીને ખોબેખોબે મત આપ્યા છે. કેનેડાની ૩.૭૦ કરોડની વસતીમાં ૧૬ લાખ એટલે કે લગભગ ચાર ટકા ભારતીય મૂળનાં લોકો છે અને તેમાંથી અડધા એટલે કે ૭.૭૦ લાખ શીખ છે.

કેનેડાના ૩૪૩ સાંસદોમાંથી ૨૨ શીખ છે અને તેમાંથી ૧૨ લિબરલ પાર્ટીના છે. અત્યાર લગી બહુમતી શીખ મતો જગમતસિંહની ન્યુ ડેમોક્રેટિક પાર્ટીને મળતા હતા પણ ટ્રુડોએ ખાલિસ્તાનવાદીઓની ભક્તિ કરી તેમાં શીખ મતદારો લિબરલ પાર્ટી તરફ વળ્યા. તેના કારણે ન્યુ ડેમોક્રેટિક પાર્ટી ધોવાઈ ગઈ ને ફાયદો કાર્નીની લિબરલ પાર્ટીને થયો. ટ્રુડોના સમયમાં લિબરલ પાર્ટી પાસે સ્પષ્ટ બહુમતી નહોતી અને સત્તા ટકાવવા માટે બીજી પાર્ટીઓ પર નિર્ભર હતી. કાર્નીને સ્પષ્ટ બહુમતીમાં માત્ર ૩ જ ઓછી બેઠકો મળી તેથી ટ્રુડો કરતાં કાર્ની વધારે મજબૂત સ્થિતિમાં છે. તેનો યશ શીખોને જાય છે તેથી કાર્ની શીખો પર ઓળઘોળ છે.

કેનેડામાં અત્યારે ૨૨ પંજાબી મૂળના સાંસદ છે જ અને બીજી ૧૫ બેઠકો એવી છે કે જ્યાં કોણ જીતશે એ શીખ મતદારો નક્કી કરે છે. કેનેડાની સંસદની ૩૫ એટલે કે ૧૦ ટકા બેઠકો પર શીખોનો પ્રભાવ હોવાથી કોઈ પણ રાજકીય પક્ષ શીખ સમુદાયને નારાજ કરવા માગતો નથી. ટ્રુડોની પાર્ટી તો તેમના પિતાના સમયથી શીખોની પ્રિય હતી તેથી ટ્રુડો ભારતને નારાજ કરીને પણ શીખોને રાજી રાખવા મથ્યા કરતા હતા.

કાર્નીએ પણ એ જ પરંપરા જાળવી છે તેથી કેનેડાની ધરતી પર વિદેશી મહેમાન સામે રોડ શો થાય તેના કારણે કેનેડાની આબરૂનો ધજાગરો થઈ જાય તેની તેમને પરવા નથી. શીખ મતદારો નારાજ ના થવા જોઈએ. રાજકારણીઓ પોતાના સ્વાર્થને સાચવવા જ વર્તતા હોય છે ને કાર્ની પણ અંતે રાજકારણી જ છે તેથી તેમની માનસિકતા અલગ હોય એવી આશા ના રાખી શકાય.

મોદીવિરોધી રોડ શો પછી ભારત સરકાર અને ભારતીયો બંનેએ કેનેડા વિશે વિચારવું જોઈએ. કેનેડામાં રહેતા બધા શીખો ખાલિસ્તાનવાદી નથી કે ભારત વિરોધી પણ નથી પણ ન્યુસન્સ ફેલાવવા માટે બહુમતીની જરૂર નથી હોતી. સો માણસોમાંથી ૧૦ માણસો જ ગુંડાગીરી કરીને બાકીનાં ૯૦ લોકોને પોતાના ઈશારે વર્તવા માટે ફરજ પાડી શકે છે, તેમને દબાવી શકે છે. ખાલિસ્તાનવાદીઓ આ ગુંડા છે તેથી શીખો સામે કોઈ ખાર રાખવાની જરૂર નથી પણ એ પણ સમજી લેવાની જરૂર છે કે, કેનેડામાં બીજા ભારતીયો માટે સાનુકૂળ માહોલ નથી. ખાલિસ્તાનવાદીઓ જાણી જોઈને હિંદુ વિરોધી માહોલ પેદા કરી રહ્યા છે તેથી હિંદુઓ માટે સલામતી પણ નથી. ભવિષ્યમાં સ્થિતિ વણસવાની છે કેમ કે શીખો બહુમતીમાં છે એ જોતાં કેનેડા સેટલ થવાનું નક્કી કરતાં પહેલાં સો વાર વિચારજો. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, મંગળવાર, તા. ૧૭–૬–૨૦૨૫, પંચક, ભદ્રા

- ભારતીય દિનાંક ૨૭, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ વદ–૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ વદ–૬
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો,માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૧મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર શતભિષા મધ્યરાત્રિ પછી ક. ૨૫–૦૧ સુધી (તા. ૧૮) પછી પૂર્વાભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૬–૦૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૨૬ (તા. ૧૮)
- ઓટઃ સવારે ક. ૦૯–૨૫, રાત્રે ક. ૨૨–૪૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭ 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ કૃષ્ણ–ષષ્ઠી. પંચક, ભદ્રા બપોરે ક. ૧૪–૪૭થી ૨૬–૧૫. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં, વાહન શિયાળ
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મંગળ–રાહુ ગ્રહદેવતાનું પૂજન, વરુણદેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ પૂજા, મંદિરોમાં પાટ–અભિષેક પૂજા, ધજા–કળશ પતાકા ચઢાવવી, બગીચો બનાવવો, માલ લેવો, નિત્ય થતાં દુકાન–નોકરી અંગેના કામકાજ, ધાન્ય વેંચવું, વૃક્ષ વાવવા, નિત્ય થતાં પશુ લેવડદેવડના કામકાજ.
- આચમનઃ ચંદ્ર–બુધ ત્રિકોણ તીવ્રબુદ્ધિ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–બુધ ત્રિકોણ (તા. ૧૮), મંગળ મઘા યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય– મિથુન, મંગળ–સિંહ, બુધ–મિથુન, ગુરુ–મિથુન, શુક્ર–મેષ, શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## રોબર્ટ વાડ્રાને ઈડીનું નવું સમન્સ

નવી દિલ્હી : યુકે સ્થિત શસ્ત્ર સલાહકાર સંજય ભંડારી સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે કૉંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના ઉદ્યોગપતિ પતિ રોબર્ટ વાડ્રાને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે નવું સમન્સ જારી કર્યું છે, એમ સત્તાવાર સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (પીએમએલએ) હેઠળ ચાલી રહેલા આ કેસમાં તેનું નિવેદન રેકોર્ડ કરવા માટે તેને ૧૭ જૂને કેન્દ્રિય તપાસ એજન્સી સમક્ષ હાજર થવાનું કહેવામાં આવ્યું છે. ૫૬ વર્ષીય વાડ્રાને ૧૦ જૂને આ કેસમાં પૂછપરછ માટે બોલાવ્યો હતો પરંતુ મેડિકલ કારણ દર્શાવીને તે હાજર થયો નહતો.તે સમયે તેના વકીલે કહ્યું હતું કે વાડ્રાનો સમન્સ ટાળવાનો કોઈ ઈરાદો નથી અને તે આ મહિનાના અંતમાં વિદેશ પ્રવાસ પહેલાં અથવા પછી ગમે ત્યારે ઇડી સમક્ષ હાજર થવા માટે તૈયાર છે. એજન્સીએ વાડ્રાને પીએમએલએ હેઠળ તેનું નિવેદન રેકોર્ડ કરવા અને ત્યારબાદ કેસમાં ચાર્જશીટ દાખલ કરવા માટે સમન્સ જારી કર્યા હોવાનું માનવામાં આવે છે. ■

## ઈરાનની હવાઈ સીમા પર નિયંત્રણ મેળવ્યું હોવાનો ઈઝરાયલનો દાવો

તેલ અવીવઃ ઈરાનની હવાઈ સીમા પર નિયંત્રણ મેળવ્યું હોવાનો ઈઝરાયલે સોમવારે દાવો કર્યો હતો. ઈઝરાયલની સેનાએ જણાવ્યું હતું કે અમે ઈરાનની ઍર ડિફેન્સ સિસ્ટમને એટલી નબળી પાડી દીધી છે કે હવે કોઈ પણ પ્રકારના મોટા અવરોધ વિના અમારા વિમાનો ઈરાનની હવાઈ સીમામાં અવરજવર કરી શકે છે.

પશ્ચિમ ઈરાનથી તહેરાન સુધીની હવાઈ સીમા પર અમે નિયંત્રણ મેળવી લીધું છે એવો દાવો ઈઝરાયલે કર્યો હતો.

દરમિયાન ઈરાને સોમવારે સવારે કરેલા મિસાઈલ હુમલામાં પાંચ ઈઝરાયલીનાં મોત થયાં હતાં. ઈરાને ઈઝરાયલ પર ૧૦૦ જેટલા મિસાઈલ છોડ્યા હતા.

ઈઝરાયલે કરેલા હુમલામાં શુક્રવારથી અત્યાર સુધીમાં ૨૨૪ ઈરાનીઓ માર્યા ગયા હોવાની ઈરાને જાહેરાત કરી હતી તો ઈરાને કરેલા વળતા હુમલામાં અત્યાર સુધીમાં ૨૪ ઈઝરાયલીઓ ઠાર મરાયા હોવાનું ઈઝરાયલે કહ્યું હતું. ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સતત ચોથે દિવસે પણ યુદ્ધ ચાલુ રહ્યું હોવા વચ્ચે ઈઝરાયલે દાવો કર્યો હતો કે અમે ઈરાનની ઍર ડિફેન્સ સિસ્ટમને એટલી નબળી પાડી દીધી છે કે હવે કોઈ પણ પ્રકારના મોટા અવરોધ વિના અમારા વિમાનો ઈરાનની હવાઈ સીમામાં અવરજવર કરી શકે છે. (એજન્સી) ■

## બિહારમાં અકસ્માતમાં પાંચનાં મોત, ૧૮ ઘાયલ

સારણઃ બિહારના સારણ જિલ્લામાં સોમવારે ટાયર ફાટવાથી એક પિકઅપ વાન પલટી જતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં પાંચ લોકોનાં મોત નીપજયાં હતાં. જ્યારે ૧૮ લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આ અકસ્માત જિલ્લાના નયાગાંવ વિસ્તાર નજીક થયો હતો. પોલીસ મૃતકો અને ઘાયલોની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહી છે. સારણના વરિષ્ઠ પોલીસ અધિક્ષક(એસએસપી) કુમાર આશિષે જણાવ્યું કે આ ઘટના સોમવારે સવારે ૬ વાગ્યાની આસપાસ નયાગાંવ વિસ્તાર નજીક બની હતી. કેટલાક મુસાફરોને લઇ જતી એક પિકઅપ વાનનું આગળનું ટાયર ફાટવાથી ચાલકે તેના પર કાબૂ ગુમાવી દેતા અકસ્માત સર્જાયો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ વાહન પર કાબૂ મેળવવાના પ્રયાસો છતાં વાહન રસ્તા પરથી ઊતરી ગયું હતું અને પલટી ગયું હતું. ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. એસએસપીએ જણાવ્યું કે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. તેમજ પીડિતોને નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન વધુ એક પીડિતનું મૃત્યુ થયું હતું. જ્યારે ૧૮ ઘાયલોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

## દારૂડિયા કારચાલકે બે મોટરસાઇકલને અડફેટે લેતા ચારનાં મોત

ગૌરેલાઃ છત્તીસગઢના ગૌરેલા-પેંડ્રા-મરવાહી જિલ્લામાં એક પૂરપાટ ઝડપે આવતી કારે બે મોટરસાઇકલને ટક્કર મારી હતી. બાદમાં ઝાડ સાથે અથડાઇ હતી. આ દુર્ઘટનામાં બે મોટરસાઇકલ પર સવાર ચાર લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ માહિતી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર કારચાલક દારૂના નશામાં હતો અને અકસ્માતમાં ઘાયલ થયો હતો. આ અકસ્માત રવિવારે રાત્રે પેંડ્રા પોલીસ સ્ટેશન વિસ્તારના મઝગુવા ગામ પાસે થયો હતો. અધિક પોલીસ અધિક્ષક ઓમ ચંદેલે જણાવ્યું કે મૃતકોની ઓળખ ગંગારામ ગાંધર્વ (૨૫), રામાવતાર ગોંડ(૩૦), ભૂપેન્દ્ર ગોંડ(૨૮) અને શાનુ કેવત(૨૨) તરીકે થઇ છે.

તેમણે જણાવ્યું કે પ્રાથમિક માહિતી અનુસાર ગંગારામના જન્મ દિવસની ઉજવણી કર્યા પછી ભોગ બનનારાઓ બે મોટરસાઇકલ પર પેંડ્રા શહેર તરફ જઇ રહ્યા હતા. ■

## ગાઝા પર ઈઝરાયલી હુમલામાં ૧૬નાં મોત

દેઈર અલ-બલાહ (ગાઝા પટ્ટી): સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગાઝા પટ્ટી પર રાતોરાત અને શનિવારે ઈઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા ૧૬ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. હમાસ સાથે ૨૦ મહિનાથી ચાલતું યુદ્ધ ચાલુ છે. ઈઝરાયલી અને યુએસ સમર્થિત માનવતાવાદી જૂથ દ્વારા સંચાલિત ખાદ્ય વિતરણ સેન્ટરો નજીક રાત્રે વધુ ૧૧ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા.

પેલેસ્ટિનિયન સાક્ષીઓનું કહેવું છે કે ઇઝરાયલી દળોએ ભીડ પર ગોળીબાર કર્યો છે, જ્યારે સૈન્યનું કહેવું છે કે તેણે ફક્ત એવા લોકોની નજીક ચેતવણીના ગોળીબાર કર્યા છે જેમને તે શંકાસ્પદ તરીકે વર્ણવે છે જેઓ તેનાં દળો પાસે પહોંચ્યા હતા.

નવીનતમ ગોળીબાર અંગે ટિપ્પણી માટેની વિનંતીનો સૈન્યએ તાત્કાલિક જવાબ આપ્યો ન હતો. આ સ્થળો લશ્કરી વિસ્તારોમાં સ્થિત છે જે સ્વતંત્ર મીડિયા માટે મર્યાદિત નથી.

ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશને જણાવ્યું હતું કે વિતરણ સેન્ટરો શનિવારે બંધ કરવામાં આવ્યા હતા. પરંતુ સાક્ષીઓએ જણાવ્યું હતું કે ઇઝરાયલના નાકાબંધી અને લશ્કરી ઝુંબેશને કારણે આ પ્રદેશ દુષ્કાળની અણી પર આવી ગયો હોવાથી હજારો લોકો ખોરાક માટે તરસ્યા હતા.

અલ-અવદા હોસ્પિટલે જણાવ્યું હતું કે તેમને મધ્ય ગાઝામાં જીએચએફ સ્થળ નજીક ગોળીબારમાંથી આઠ મૃતદેહો અને ઓછામાં ઓછા ૧૨૫ ઘાયલ લોકો મળ્યા છે. ■

## ઉત્તર પ્રદેશમાં સરયૂ નદીમાં ત્રણનાં ડૂબી જવાથી મોત

દેવરિયાઃ ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લામાં સોમવારે સરયૂ નદીમાં નહાતી વખતે બે ભાઇઓ સહિત ત્રણ લોકોનાં ડૂબી જવાથી મોત થયાં હતાં. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

બરહજના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ(એસડીએમ) વિપિન દ્વિવેદીના જણાવ્યા અનુસાર પીડિત પ્રદીપ(૨૪), રોહિત(૨૧) અને બંટી(૨૦) ગોરખપુરના મોહદ્દીપુરના રહેવાસી હતા. તેઓ રવિવારે બરહજના પટેલ નગરમાં તેમના નાનાના ઘરે આવ્યા હતા.

એસડીએમએ જણાવ્યું કે ત્રણેય સરયૂ નદીના થાણા ઘાટ પર નહાવા ગયા હતા. નહાતી વખતે તેઓ ઊંડા પાણીમાં ગયા અને ડૂબવા લાગ્યા હતા. ઘાટ પર હાજર હોડીવાળાઓ સહિત સ્થાનિક લોકોએ તેમને પાણીમાંથી બહાર કાઢ્યા હતા અને બરહજ સામુદાયિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઇ ગયા હતા. ■

પહેલા પાનાનું ચાલુ

### અનેક ફ્લાઈટમાં

મચી ગયો હતો. દિલ્હી આવી રહેલા એર ઈન્ડિયાના વિમાનમાં ટેક્નિકલ ખામી સર્જાતા એક કલાકનું ઉડ્ડયન બાદ તે તે ફ્રેન્કફર્ટમાં પાછું ફર્યું હતું. ફ્લાઈટ એઆઈ ૩૧૫એ હોંગકોંગમાં સફળ ઉતરાણ કર્યું હતું. બધા યાત્રીઓને સલામત બહાર કાઢવામાં આવ્યા હતા. એરલાઈને કહ્યું હતું કે વિમાનનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ વિમાન ૧૨.૧૬ કલાકે (સ્થાનિક સમય) હોંગકોંગથી ઊપડ્યું હતું અને તે ભારતીય સમય મુજબ ૧૨-૨૦ કલાકે દિલ્હીમાં ઉતરાણ કરવાનું હતું. વિમાન સાડાત્રણ કલાકના વિલંબ બાદ સવારના ૮-૫૦ કલાકે રવાના થયું હતું. એર ઈન્ડિયાએ કહ્યું હતું કે હોંગકોંગથી દિલ્હી આવી રહેલી ફ્લાઈટ ૧૬ જૂને ટેક્નિકલ ખામીને લીધે હોંગકોંગ પાછી ફરી હતી. ઉતારુને દિલ્હી લાવવા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. અમે તમામ સહાય પેસેન્જરને આપી રહ્યા છે. દરમિયાન લુફથાન્સાથી હૈદરાબાદ આવી રહેલા વિમાનને સોશિયલ મીડિયા પર બૉમ્બની ધમકી મળતા તે પાછું ફ્રેન્કફર્ટ આવ્યું હતું. આ ધમકીભર્યો ઈ-મેલ હૈદરાબાદ વિમાનમથકને મળ્યો હતો. વિમાનની તપાસ કરવા એક સમિતિ બનાવવામાં આવી હતી, દરમિયાન સઉદીયા એરલાઈન્સના વિમાનમાં હજ જાત્રાથી પાછા આવી રહેલા ૨૪૨ ઉતારુ હતા. વિમાન ઉતરાણ કરી રહ્યું હતું ત્યારે તેના પૈડામાંથી ધુમાડા નીકળતાં બચાવ અને અગ્નિશમનની ટીમને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. ટીમે ધુમાડાને કાબૂમાં લીધો હતો અને વિમાનને નુકસાન થયું નથી. એરપોર્ટના ઓપરેશન્સમાં કોઈ અસર પડી નથી. આ ખાલી વિમાન હવે જેદ્દાહ જવા રવાના થશે. (એજન્સી) ■

### મોદીને

સમર્પિત કરું છું. મોદીએ કહ્યું હતું કે આ એવૉર્ડ ભારત અને સાયપ્રસની વિશ્વાસપાત્ર મિત્રતાને આપવામાં આવ્યો છે. મોદીએ કહ્યું હતું કે મને એવો વિશ્વાસ છે કે આવનારા સમયમાં આપણી સક્રિય ભાગીદારી નવી ઊંચાઈએ પહોંચશે. (એજન્સી) ■

### વસ્તી ગણતરી

રોજ ૦૦:૦૦ કલાક રહેશે, એમ તેમાં જણાવાયું છે.

દેશભરમાંથી વસ્તી સંબંધિત ડેટા આપવાની આ વિશાળ કવાયત લગભગ ૩૪ લાખ ગણતરીકારો અને સુપરવાઇઝર અને ડિજિટલ ઉપકરણોથી સજ્જ લગભગ ૧.૩ લાખ વસ્તી ગણતરી કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવશે.

એક સરકારી નિવેદનમાં જણાવાયું છે કે વસ્તી ગણતરીમાં જાતિ ગણતરી પણ કરવામાં આવશે.

લોકોને સ્વ-ગણતરીની જોગવાઈ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે અહીં કેન્દ્રીય ગૃહ સચિવ, રજિસ્ટ્રાર જનરલ અને ભારતના વસ્તી ગણતરી કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે વસ્તી ગણતરીની તૈયારીની સમીક્ષા કરી હતી.

વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે.

પ્રથમ તબક્કામાં - ઘરયાદી કામગીરી (એચએલઓ) - દરેક ઘરની રહેઠાણની સ્થિતિ, સંપત્તિ અને સુવિધાઓની એકત્રિત કરવામાં આવશે.

ત્યારબાદ, બીજા તબક્કામાં માહિતી - વસ્તી ગણતરી (પીઇ) - દરેક ઘરના દરેક વ્યક્તિની વસ્તી વિષયક, સામાજિક-આર્થિક, સાંસ્કૃતિક અને અન્ય વિગતો એકત્રિત કરવામાં આવશે.

આ વસ્તી ગણતરી કવાયત શરૂ થયા પછીની ૧૬મી અને સ્વતંત્રતા પછી આઠમી વસ્તી ગણતરી છે, એમ એક સરકારી નિવેદનમાં જણાવાયું છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે સંગ્રહ, ટ્રાન્સમિશન અને સંગ્રહ સમયે ડેટા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ખૂબ જ કડક ડેટા સુરક્ષા પગલાં રાખવામાં આવશે. ■

### રૂપાણીનો

સુધી રૂપાણીના મૃતદેહને લઈ જવામાં આવ્યો હતો. સ્વર્ગસ્થ વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવા માટે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, ભીખુભાઈ દલસાણીયા, બી.એલ. સંતોષ, પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ સહિત અનેક રાજકીય મહાનુભાવો રાજકોટ પહોંચ્યા હતા. તે ઉપરાંત ભાજપના કાર્યકરો, મોટા નેતાઓ અને અસંખ્ય સમર્થકો વિજય રૂપાણીના નિવાસસ્થાને પહોંચ્યા હતા. વિજય રૂપાણીના પાર્થિવદેહને લઈને પરિવાર બહુમાળી ભવન ચોક ખાતે પહોંચતા માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. આમ્રપાલી બ્રિજ પાસેથી પસાર થતી વખતે વરસતા વરસાદમાં પણ અંતિમ દર્શન માટે શહેરવાસીઓ મોટી સંખ્યામા ઉમટ્યા હતા, મેદનીએ પુષ્પ અર્પણ કરીને પૂર્વ મુખ્ય પ્રધાનને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ, પાર્થિવદેહને કિસાનપરા ચોકથી હનુમાન મઢી તરફ થઈને તેમના નિવાસસ્થાને લઈ જવામાં આવશે. અંતિમ યાત્રાના રૂટ પર વિજયભાઈ 'અમર રહો'ના નારા લોકોએ લગાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં ગ્રીનલેન્ડ ચોકડીથી તેમની નીકળેલી અંતિમ યાત્રામાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને એડી. સીપી મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી જગદીશ બાંગરવા, સજ્જનસિંહ પરમાર, ડીસીપી ક્રાઈમ પૂજા યાદવની રાહબરીમાં ૧૬૫૦ પોલીસ જવાનોનો લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### વરસાદે મુંબઈને

અતિભારે વરસાદની આગાહી કરી હતી. ગયા મહિને ચોમાસાનું વહેલું આગમન થયા બાદ વરસાદ લગભગ ગાયબ થઈ ગયો હતો પણ નૈઋર્ત્યનું ચોમાસું ફરી સક્રિય થયું છે. રવિવાર રાતથી ચાલુ થયેલા વરસાદ સોમવાર આખો દિવસ વરસ્યો હતો. જોકે થોડા થોડા સમયે વરસાદ થોભી જતો હોવાને કારણે લોકોને હાલાકી ઓછી ગઈ હતી. સવારના સમયમાં વરસાદનું જોર થોડું વધારે હોવાથી લોકલ અને મેટ્રો ટ્રેનને અસર થઈ હતી. અમુક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવાને કારણે સવાર-સાંજના પીક અવર્સમાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ સોમવાર સવારના ૮.૩૦ વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધીમાં કોલાબામાં ૪૨.૨ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૬૯.૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો. દિવસ દરમ્યાન વરસાદની સાથે પવન ફૂંકાવાને કારણે મુંબઈમાં અનેક જગ્યાએ ઝાડની ડાળખી તૂટી પડવાના તથા શોર્ટ સર્કિટના બનાવ બન્યા હતા, જેમાં રવિવારે મોડી રાતે અંધેરીના તાકપાડા વિસ્તારમાં ઝાડ તૂટી પડતા ૪૮ વર્ષનો જય બાસુ નામનો શખસ ગંભીર રીતે જખમી થયો હતો.

### ભાવનગરમાં

સોમનાથના ઊના, અમરેલીના ખાંભા, ગીર સોમનાથ, સુત્રાપાડા, અમરેલીના લિલિયા, તાપીના ડોલવણ, જૂનાગઢના ભેસણ, અમરેલીના જાફરાબાદ, દેવભૂમિ દ્વારકાના ભાનવડ, ગીર સોમનાથના તલાલા, ભરૂચના હાંસોટ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. આ સાથે રાજ્યના ૭૮ તાલુકામાં ૧ ઈંચથી ઓછો વરસાદ ખાબક્યો હતો.સાવરકુંડલાના થોરાળી નદી ઉપર ચેકડેમ ઓવરફ્લો થતાં નેરડામાં બળદ ગાડા સાથે પિતા-પુત્ર તણાયા હતા. આ ઘટનામાં પાણીમાં તણાવાથી એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. આ ઉપરાંત ફલકુ અને મેરામણ નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી.સોમવારે સવારથી જ રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘમહેર યથાવત્ રહી હતી, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા પણ સર્જાઈ હતી. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ રાજ્યના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી હતી.

### કેરળમાં

કરવાની ફરજ પડી હતી. કન્નુરમાં રવિવાર સાંજથી લોકો ઘૂંટણસમા પાણીમાંથી પસાર થઇને સલામત સ્થળોએ પહોંચવાના પ્રયાસો કરતા જોવા મળ્યા હતા. એક રહેવાસીએ જણાવ્યું કે બાળકો અને વૃદ્ધોને પહેલાથી જ સંબંધીઓના ઘરે મોકલી દેવામાં આવ્યાં છે. હવે અમે નજીકમાં શરૂ કરવામાં આવેલી રાહત શિબિરોમાં જઇ રહ્યા છીએ. તેમણે દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું કે વરસાદ પછી વારંવાર પાણી ભરાઇ જવાથી તેમનું જીવન કપરું બની ગયું છે. ■

### મહારાષ્ટ્રમાં

વિસ્તારમાં પાણી ભરાઈ ગયાં હતાં. ભારે વરસાદને કારણે રાજ્યના વિવિધ વિસ્તારમાં રોડ અકસ્માત, પુલ પરથી પડી જવાથી, ડૂબી જવાને લીધે, વીજળી પડવાને કારણે તેમ જ આગ સહિતની બનેલી જુદી જુદી ઘટનાઓમાં આ મોત નોંધાયા હોવાનું સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટીએ સોમવારે બહાર પાડેલા અહેવાલમાં જણાવ્યું હતું. ભારે વરસાદને કારણે આ જ સમયગાળામાં છ પશુનાં મોત થયાં હોવાનું પણ નોંધાયું હતું. (એજન્સી) ■

### મોંઘવારી

૦.૮૬ ટકાની સરખામણીએ મે મહિનામાં ફૂડ આર્ટિકલ્સમાં ૧.૫૬ ટકા ડિફ્લેશન જોવા મળ્યું હતું. નાણાકીય નીતિ ઘડતી વખતે આરબીઆઈ મુખ્યત્વે ફુગાવાના દરને ધ્યાન પર લે છે. ખાદ્યસામગ્રીના ભાવમાં જોવા મળેલા ઘટાડાને કારણે મે મહિનામાં ફુગાવાનો દર ૨.૮૨ ટકાની છ વર્ષની નીચલી સપાટીએ પહોંચ્યો હતો. (એજન્સી)

# પુલને અગાઉ ખતરનાક જાહેર કરાયેલો, ચેતવણીનાં બોર્ડ પણ હતાંઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પુણે જિલ્લાના માવળ તાલુકામાં ઈન્દ્રાયણી નદી પરનો જર્જરિત કુંડમાલા પુલ તૂટી પડવાના એક દિવસ પછી, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કહ્યું હતું કે જિલ્લા કલેક્ટર દ્વારા આ માળખું 'ખતરનાક' જાહેર કરવામાં આવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, પ્રવાસીઓને કદાચ ગંભીરતાનો ખ્યાલ નહીં હોય.આ દરમિયાન, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને અજિત પવાર, જે પુણે જિલ્લાના પાલક પ્રધાન પણ છે, તેમણે આ મામલે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

સોમવારે સ્થળ પર એનડીઆરએફની આગેવાની હેઠળની શોધ અને બચાવ કામગીરી પૂર્ણ કરવામાં આવી.

'આ હોનારત પહેલાં જિલ્લા કલેક્ટર દ્વારા આ માળખાને ખતરનાક જાહેર કરવામાં આવ્યું હતું અને ગ્રામજનોએ ચેતવણીનાં બોર્ડ પણ લગાવ્યાં હતાં. પ્રવાસીઓને કદાચ પુલની સ્થિતિની ગંભીરતાનો ખ્યાલ ન હતો,' એમ રાજ્યના ગૃહ ખાતાનો હવાલો સંભાળતા ફડણવીસે પાલઘર જિલ્લામાં સોમવારે પત્રકારોને જણાવ્યું. શિંદેએ કહ્યું કે આ ઘટનાની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને જવાબદારો સામે કડક પગલાં લેવામાં આવશે. આ ઉપરાંત, આવી દુર્ઘટનાઓ રોકવા માટે રાજ્યની નદીઓ પરના તમામ પુલનું માળખાકીય ઓડિટ કરવામાં આવશે.

પુણે જિલ્લાના પાલક પ્રધાન પવારે જિલ્લા વહીવટીતંત્રને પુલ તૂટી પડવાની ઘટનાની સંપૂર્ણ તપાસ કરવા સૂચના આપી છે. 'પ્રાથમિક માહિતી દર્શાવે છે કે પુલની સ્થિતિ જર્જરિત હતી. તેથી, આ અકસ્માતની સંપૂર્ણ તપાસ કરવા વહીવટીતંત્રને સૂચના આપવામાં આવી છે અને હું ખાતરી આપું છું કે જો જાળવણીમાં કોઈ બેદરકારી જણાશે તો જવાબદારો સામે કડક પગલાં લેવામાં આવશે,' એમ તેમણે જણાવ્યું હતું.

પુલ તૂટી પડ્યા બાદ પાંચ ટૂ-વ્હીલર પણ નદીમાં પડી ગયા હતા. તેના વાહન માલિકોને શોધી કાઢવામાં આવ્યા છે.

પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે જ્યારે પુલ ભારને કારણે તૂટી પડ્યો ત્યારે તેના પર ૧૨૫ થી વધુ લોકો હાજર હતા. ■



**ટ્રેજેડીઃ** પુણેમાં તૂટી પડેલો પુલ. પુલ કયા કારણે તૂટી પડ્યો એ મામલે આક્ષેપો થઈ રહ્યા છે.

## દોષીઓ સામે સદોષ મનુષ્યવધનો ગુનો નોંધોઃ કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળે સોમવારે પુણે જિલ્લામાં એક દિવસ પહેલા પુલ ધરાશાયી થવાના બનાવની ઉચ્ચ સ્તરીય તપાસની માગણી કરી હતી અને પૂછ્યું હતું કે જો તે અસુરક્ષિત હતો તો તેને જાહેર જનતા માટે કેમ ખુલ્લો રાખવામાં આવ્યો હતો.

ભાજપ મહાયુતિ સરકાર અકસ્માત પછી જ કેમ જાગે છે? ચોમાસા દરમિયાન સેંકડો પ્રવાસીઓ કુંડમાલાની મુલાકાત લે છે તે જાણીતી બાબત હોવા છતાં ખતરનાક પુલ કેમ ખુલ્લો રાખવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે જવાબદારી નક્કી કરવી જોઈએ અને સંબંધિત અધિકારીઓ સામે સદોષ મનુષ્યવધનો કેસ દાખલ કરવો જોઈએ, એમ સપકાળે કહ્યું હતું.

સપકાળે પ્રશ્ન કર્યો હતો કે સરકાર હવે કહી રહી છે કે એક વર્ષ પહેલા નવા પુલ માટે ભંડોળ મંજૂર કરવામાં આવ્યું હતું, પરંતુ તે સમયગાળામાં તે કેમ બનાવવામાં આવ્યું નહીં. ■

## પુલ તૂટી પડયો એમાં વાંક કોનો?

મુંબઇ : રવિવારે મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં એક મોટી દુર્ઘટના બની. માવળ તાલુકામાં ઈન્દ્રાયણી નદી પર બનેલો એક જૂનો લોખંડનો રાહદારી પુલ તૂટી પડ્યો. માવળ તાલુકા નજીક ઈન્દ્રાયણી નદી પર બનેલો આ ૩૦ વર્ષ જૂનો સુકાવ પુલ રવિવારે બપોરે પ્રવાસીઓની મોટી ભીડ થવાના કારણે તૂટી પડ્યો હતો.

૩૦ વર્ષ જૂનો આ પુલ ખૂબ જ જર્જરિત હાલતમાં હતો. નવા પુલ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું પરંતુ જૂના પુલને તોડી પાડવામાં આવ્યો નહોતો. વહીવટીતંત્રે ચેતવણીરૂપે પુલ પર ફક્ત એક બોર્ડ લગાવ્યું હતું, પરંતુ કોઈ બેરિકેડિંગ કે નક્કર નિવારક પગલાં લેવામાં આવ્યા નહોતા. અકસ્માત સમયે ચેતવણીને અવગણીને પુલ પર ભારે ભીડ હતી. કેટલાક પ્રવાસીઓ પોતાની બાઇક લઈને પુલ પર પહોંચ્યા હતા, જેના કારણે પુલ પર ભાર વધી ગયો હતો. પુલ પરથી એક સમયે ફક્ત એક જ બાઇક પસાર થઈ શકતી હતી, પરંતુ તેના પર એકસાથે ૭-૮ બાઇક આવી ગઈ હતી. તેથી ભારે ભીડ અને વજનને કારણે પુલ તૂટી પડ્યો હતો. પુલને નીચેથી કોઈ મજબૂત થાંભલાનો ટેકો નહોતો, જેના કારણે ઓવરલોડ થવા પર તે તૂટી ગયો. વહીવટીતંત્ર અને પ્રવાસીઓ બંનેની બેદરકારી પ્રકાશમાં આવી છે. તેના કારણે આટલો મોટો અકસ્માત થયો. આ બેદરકારીની ભરપાઈ થઈ શકે તેમ નથી. ■

### વહીવટીતંત્રની બેદરકારી

*પુલ પર ફક્ત ચેતવણી બોર્ડ લગાવવામાં આવ્યું હતું, પરંતુ અવરજવર પર કોઈ પ્રતિબંધ લાદવામાં આવ્યો નહોતો.

*ભીડને નિયંત્રિત કરવા માટે કોઈ સલામતી વ્યવસ્થા કરવામાં આવી નહોતી.

### પ્રવાસીઓની ભૂલ

★ ચેતવણી છતાં, મોટી સંખ્યામાં લોકો સેલ્ફી અને ફોટા પાડવા માટે પુલ પર ચઢી ગયા.

★ પ્રતિબંધ છતાં કેટલાક લોકો બાઇક લઈને પુલ પર પહોંચ્યા.

★ સેલ્ફી લેતી વખતે ચાર લોકોના મોત થયા.

સ્થાનિકો અને પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે અકસ્માત પહેલા સેલ્ફી લેનારા લોકોની સંખ્યા ઘણી વધી ગઈ હતી. બચાવ ટીમના સભ્યોએ જણાવ્યું હતું કે પુલ અચાનક તૂટી પડતાં જ લોકો પાણીમાં પડી ગયા હતા. વહીવટીતંત્રે ૭ દિવસ પહેલા પર્યટન સ્થળોએ ચેતવણી જારી કરી હતી. સેલ્ફી માટે તમારા જીવને જોખમમાં ન મુકો. છતાં લોકો નિયમોનું પાલન કરી રહ્યા નહોતા. ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રી ગિરીશ મહાજને લોકોને પર્યટન સ્થળોએ નિયમોનું પાલન કરવાની અપીલ કરી છે. અને કહ્યું છે કે સેલ્ફી લેવાના લોભમાં તમારા અને બીજાના જીવ જોખમમાં ન નાખો. સરકાર અને વહીવટીતંત્ર સંપૂર્ણ સાવધાની રાખી રહ્યું છે. ■

## બચાવકાર્ય એનડીઆરએફે બંધ કર્યું, પોલીસે ચાલુ રાખ્યું

પુણેઃ પુણે જિલ્લામાં આવેલી ઇન્દ્રાયણી નદી પરનો લોખંડી બ્રિજ રવિવારે તૂટી પડવાની ઘટના બાદ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)એ બચાવકાર્ય બંધ કરી દીધું હતું, જ્યારે સોમવારે પણ પોલીસે શોધ જારી રાખી હતી.

માવળ તહેસિલમાં બનેલી આ ઘટનામાં ચાર જણનાં મોત અને ૧૮ જણ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

જિલ્લા વહીવટીતંત્રના નિર્દેશ પ્રમાણે તમામ ગુમ થયેલા લોકો મળી ગયા હોવાથી બચાવકાર્ય બંધ કરી દેવામાં આવ્યું હતું, એમ એનડીઆરએફના એક અધિકારીએ જણાવ્યું હતું.

રવિવારે જોરદાર વરસાદ હતો અને રજા હોવાને કારણે નદી કિનારે લોકોની ભીડ જામી હતી. ત્યાં બ્રિજ જોખમી હોવાનું બોર્ડ પણ લગાવવામાં આવ્યું હતું, પણ લોકોએ તેને નજરઅંદાજ કર્યો હતો. બ્રિજ તૂટી પડ્યો ત્યારે તેના પર ટૂ-વ્હીલર્સ અને ૧૫૦ જેટલા લોકો હાજર હતા. તેથી વધુ પડતા વજનને કારણે બ્રિજ તૂટી પડ્યો હતો.

કોઇ પણ હજી ગુમ હોવાની શક્યતા નથી તેમ છતાં સાવચેતીના પગલાં રૂપે અમે સ્થાનિક બચાવ ગ્રુપ વન્યજીવ રક્ષક માવળ સંસ્થા અને શિવદુર્ગ ટ્રેકરની મદદથી બચાવકાર્ય ચાલુ રાખ્યું છે જેથી કોઇ બાકી રહી ન જાય, એમ તળેગાંવ ધબાડે પોલીસ સ્ટેશનના વરિષ્ઠ ઇન્સ્પેક્ટર પ્રદીપ રાયનવારે જણાવ્યું હતું.

દુર્ઘટના સમયે પાંચ મોટર બાઇક પાણીમાં પડી હતી. વાહનોના માલિકોને શોધ કાઢવામાં આવ્યા છે અને તેઓની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ■

લૂંટના વધતા કિસ્સા

## બહારગામની દરેક ટ્રેનમાં બે પોલીસ તહેનાત કરાશે

મુંબઈઃ બહારગામ જતી ટ્રેનોમાં તાજેતરમાં મુંબઈમાં થયેલી બે લૂંટની ઘટનાએ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ને પહેરો અને તકેદારી વધારી દીધી છે અને સામાન, ઝવેરાત અને મોબાઇલ ફોનની ચોરીમાં સંડોવાયેલી ટોળકીઓને ઝબ્બે કરવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. જીઆરપીએ બહારગામની ટ્રેનોમાં કર્મચારીઓને તહેનાત કરવા ઉપરાંત છેલ્લા પાંચ વર્ષમાં ચોરાયેલા મોબાઇલ ફોનનું પગેરું પકડવા માટે એક વિશેષ અભિયાન શરૂ કર્યું હોવાનું રેલવે પોલીસ કમિશનર રાકેશ કલાસાગરે જણાવ્યું હતું.

કલાસાગરે રવિવારે જણાવ્યું હતું કે ૩૧ ટ્રેન દરરોજ મુંબઈથી બહારગામ જવા નીકળે છે. હવેથી આ દરેક ટ્રેનમાં બે રેલવે પોલીસ કર્મચારી તહેનાત કરવામાં આવશે. આ પોલીસ કર્મચારી આખી ટ્રેનમાં પહેરો રાખશે અને રેલવે પોલીસ કમિશનરની હદ સુધીના વિસ્તારમાં મુસાફરોનું રક્ષણ કરશે જેનાથી ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ આવશે.

પહેલી જૂને ટ્રેન બોરીવલીથી નીકળી ગયા બાદ છરીધારી લૂંટારૂઓએ જયપુર-બાન્દ્રા ટર્મિનસ સુપરફાસ્ટ એક્સપ્રેસ દ્વારા મુસાફરી કરી રહેલા જોગેશ્વરીમાં રહેતા પરિવારને નિશાન બનાવ્યો હતો.

ઉઠાઉગીરો રોકડા સાત લાખ રૂપિયા અને કિંમતી ચીજવસ્તુઓ ભરેલી ટ્રોલી બેગ ઉઠાવી નાસી ગયા હતા. ત્યારબાદ પાંચમી જૂને ભાંડુપ અને કાંજુરમાર્ગ વચ્ચે લોકમાન્ય ટિળક ટર્મિનસ-નાંદેડ સ્પેશિયલ ટ્રેનમાં મુસાફરી કરી રહેલી પનવેલની ડોક્ટર દિપાલી દેશમુખનું પર્સ આંચકી લેવાનો પ્રયાસ થયો હતો. ખેંચતાણમાં દિપાલી અને તેનો પતિ ડોક્ટર યોગેશ દેશમુખ ટ્રેનમાંથી પડી ગયા હતા. યોગેશ દેશમુખને ગંભીર ઈજા થતા હાથ કાપવો પડ્યો હતો. ■





**આક્રંદઃ** અમદાવાદમાં તૂટી પડેલા વિમાનની ક્રૂ સાઈનીતા ચક્રવર્તીની અંતિમયાત્રા સોમવારે જુહુ ખાતેનીકળી ત્યારે તેમના પરિવારજનો ભાંગી પડ્યા હતા.

## અંધેરી-વેસ્ટમાં ૧૧ કલાક પાણી બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી (પશ્ચિમ)માં પાણીની પાઈપલાઈનમાં સમારકામ હાથ ધરવામાં આવવાના હોવાથી કે-પશ્ચિમ વોર્ડમાં અંધેરી, વિલે પાર્લે, જુહુ સહિતના વિસ્તારમાં ગુરુવારના ૧૧ કલાક માટે પાણીપુરવઠો બંધ રહેશે. તેથી નાગરિકોને સંભાળીને પાણીનો વપરાશ કરવાની અપીલ કરી છે. પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ અંધેરી (પશ્ચિમ)માં ગોપાલકૃષ્ણ ગોખલે પુલની નીચે આવેલી બાન્દ્રા પાણીની પાઈપલાઈન પર ૧,૩૫૦ મિલીમીટર વ્યાસનો ફ્લો કંટ્રોલ વાલ્વનું સમારકામ કરવાની સાથે જ વેસાવે પાણીની પાઈપલાઈન પરના ૯૦૦ મિલીમીટર વ્યાસના બટરફ્લાય વાલ્વ બદલાવાનું કામ હાથ ધરવામાં આવવાનું છે. આ કામ ગુરુવાર, ૧૯ જૂ, ૨૦૨૫ના બપોરના બે વાગ્યે ચાલુ કરવામાં આવશે.

ગુરવાર બપોરથી મોડી રાત સુધી અંધેરી (પશ્ચિમ)માં આવેલી જુહુ ગલી, ધનગરવાડી, સાગર સિટી સોસાયટી, મોરાગાવ (જે.વી.પી.ડી.) વિસ્તારમાં મોરાગાવ, જુહુ ગાવઠણ નંબર એક અને બે, વિલેપાર્લે (પશ્ચિમ)માં આવેલા લલ્લુભાઈ ઉદ્યાન, લોહિયા નગર, પાર્લે ગાવઠણ, મિલન સબવે, જે.વી.પી.ડી, વી.એમ.રોડ જેવા વિસ્તારોમાં પાણીપુરવઠો બંધ રહેશે. ■

## ૧૬ વર્ષ પછી લાંચ કેસમાં ભૂતપૂર્વ સ્ટેશન માસ્ટર નિર્દોષ જાહેર

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લાની એક વિશેષ સીબીઆઈ કોર્ટે ૨૦૦૯ના લાંચ કેસમાં એક ભૂતપૂર્વ સ્ટેશન માસ્ટરને નિર્દોષ છોડી મૂક્યા છે. ફરિયાદીની જુબાનીને ફરિયાદ પક્ષ દ્વારા રેકોર્ડ પર લાવવામાં આવેલા કોઇ પણ પુરાવા દ્વારા સમર્થન નથી મળતું હોવાનું અદાલતે નોંધ્યું હતું.

એડિશનલ સેશન્સ જજ સૂર્યકાંત એસ. શિંદેએ નવમી જૂને આપેલા આદેશમાં જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ રામકરણ પંચુરામ મીના સામે ''કોઈ પણ આરોપ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયો'' છે. રામકરણ પર એક ફળ વિક્રેતા પાસે લાંચ માગવાનો આરોપ છે. ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર વિક્રેતા સોનુ રશીદ રઈને આરોપ મૂક્યો હતો કે ૧૩ જૂન, ૨૦૦૯ના દિવસે દિવા રેલવે સ્ટેશન માસ્ટર મીનાએ થાણા જિલ્લામાં ટ્રેનોમાં અને સ્ટેશન પરિસરમાં ફળો વેચવાની મંજૂરી આપવા માટે દર મહિને ૧,૦૦૦ રૂપિયાની લાંચ અને પાછલા મહિનાઓ માટે વધારાના ૫,૦૦૦ રૂપિયાની માંગણી કરી હતી.

ન્યાયમૂર્તિએ ફરિયાદની વિશ્વસનીયતા પર પણ શંકા વ્યક્ત કરી હતી. અદાલતે જણાવ્યું હતું કે 'ફરિયાદીને આરોપી પ્રત્યે દ્વેષભાવ હતો એટલે આરોપીને ખોટા કેસમાં ફસાવ્યો હોવાની સંભાવના છે.' (પીટીઆઈ) ■

## રાજકોટ કિલ્લા પરની શિવાજી મહારાજની પ્રતિમાના પ્લેટફોર્મમાં બાકોરુંઃ ભ્રષ્ટાચારના આક્ષેપ

મુંબઈઃ રાજ્યના સિંધુદુર્ગ જિલ્લાના રાજકોટ કિલ્લા પર છત્રપતિ શિવાજી મહારાજની નવી સ્થાપિત પ્રતિમાના પાયાના પ્લેટફોર્મમાં એક મોટું બાકોરું પડ્યું હોવાનો દાવો મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે સોમવારે કર્યો છે. ૪ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ નૌકાદળ દિવસ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેનું ઉદ્ઘાટન કર્યા બાદ ગયા વર્ષે ૨૬ ઓગસ્ટે પ્રતિમા ધરાશાયી થઈ હતી. નવી પ્રતિમાનું ઉદ્ઘાટન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તાજેતરમાં ૧૧ મી મેએ કર્યું હોવાનું સપકાળે જણાવ્યું હતું.

રાજ્ય કોંગ્રેસ પ્રમુખે આક્ષેપ મૂક્યો હતો કે 'જો પ્રતિમાના પાયામાં એક મહિનામાં એક મોટું બાકોરું વકસિત પડયું હોય તો તે નબળા બાંધકામની નિશાની છે.

પીએમ મોદીએ ઉદઘાટન કરેલી પ્રતિમા માત્ર આઠ મહિનામાં જ પડી ગઈ હતી, કારણ કે એના બાંધકામમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હતો. આ વખતે પણ ભ્રષ્ટાચાર થયો હતો.' (પીટીઆઈ)■

## મહારાષ્ટ્રમાં સીઈટીમાં બાવીસ વિદ્યાર્થીને ૧૦૦ પર્સન્ટાઈલ

મુંબઈઃ યુજી નીટ (નીટ) પરીક્ષાના પરિણામ જાહેર થયા બાદ મહારાષ્ટ્રની સીઈટી પીસીએમ પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયું છે. પરીક્ષામાં કુલ બાવીસ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઈલ માર્ક મેળવ્યા છે. એમએચટી - સીઈટી પીસીબીની પરીક્ષાનું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે. સોમવારે પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓએ ઓનલાઈન પરિણામ જોઈ ઉજવણી કરી હતી.

એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ સાયન્સ અને કૃષિ અભ્યાસક્રમો માટેની સીઈટીની પરીક્ષાનું પરિણામ સોમવારે જાહેર થતા વિદ્યાર્થીઓને આગામી પ્રવેશ માટે તૈયારી કરવાની મંજૂરી આપવામાં આવી છે. એમએચટી સીઈટી ૨૦૨૫ (પીસીએમ ગ્રુપ)નું પરિણામ સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે.

ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત (પીસીએમ) જૂથની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થયા છે. પીસીબી ગ્રુપ (ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી)નું પરિણામ ૧૭ જૂને જાહેર કરવામાં આવશે. પીસીએમ ગ્રુપની પરીક્ષા ૧૯ એપ્રિલથી ૫ મે, ૨૦૨૫ દરમિયાન લેવામાં આવી હતી. ગ્રુપમાં કુલ ૪,૬૪,૨૬૩ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાંથી ૪,૨૨,૮૬૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ■

## મહારાષ્ટ્રમાં કોરોનાનો ૩૪ નવા કેસ, એક મૃત્યુ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સોમવારે કોવિડના ૩૪ નવા કેસ નોંધાયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને લીધે એક જણનું મૃત્યુ થયું છે.

આ વર્ષે પહેલી જાન્યુઆરીથી રાજ્યમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૨૦૪૧ થઈ છે, જ્યારે મૃત્યુઆંક ૨૯ થયો છે. રાજ્યમાં હાલ કોરોનાના ૫૧૨ સક્રિય કેસ છે.

મહાનગરમાં ૪૪ વર્ષીય મહિલાનું મૃત્યુ થયું, એમ અધિકારીએ જણાવ્યું, તેણી ક્રોનિક લિવર સિરોસિસથી પીડાતી હતી, જેને સહ-રોગ માનવામાં આવે છે.

રાજ્યના આરોગ્ય વિભાગે જણાવ્યું કે નવા કેસોમાં મુંબઈના ૧૨, પુણેના આઠ અને છત્રપતિ સંભાજીનગરના સાત કેસનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)■


## દૌંડ - પુણે શટલ ટ્રેનમાં આગ, જાનહાનિ નહીં

પુણેઃ સોમવારે સવારે દૌંડ-પુણે શટલ ટ્રેનના ટોઈલેટમાં એક નાની આગ લાગી હતી. એક મુસાફરે કથિત રીતે સળગતી સિગારેટ ટોઈલેટના ડસ્ટબિનમાં ફેંકી દીધી હતી. આને કારણે મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો એમ પોલીસે જણાવ્યું હતું. પુણે જિલ્લાના યાવત નજીક સવારે આઠ વાગ્યે લાગેલી આગને ઝડપથી કાબૂમાં લેવામાં આવી હતી અને કોઈને ઈજા નહોતી થઈ એમ દૌંડ રેલવે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટના સંદર્ભે પ્રાથમિક દૃષ્ટિએ માનસિક રીતે અસ્થિર જણાતા પંચાવન વર્ષીય વ્યક્તિની અટકાયત કરવામાં આવી હતી અને તેને પોલીસને સોંપવામાં આવ્યો હોવાનું રેલવેના પ્રવક્તાએ જણાવ્યું હતું. આ ઘટનાને કારણે ટ્રેનને યાવત સ્ટેશન પર લગભગ ૨૦ મિનિટ સુધી રોકી રાખવામાં આવી હતી. (પીટીઆઈ)■

## પુણેમાં ૧૨ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે યુવકની ધરપકડ

મુંબઈઃ પુણે ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ-નાર્કોટિક્સ સેલે (એએનસી) ૧૨ લાખ રૂપિયાની કિંમતના મેફેડ્રોન ડ્રગ્સ સાથે ૩૪ વર્ષના યુવકની ધરપકડ કરી હતી. યુવકની ઓળખ શરણપ્પા નાગાપ્પા કટિમણી તરીકે થઇ હતી, જે મૂળ કર્ણાટકનો વતની છે. તેની વિરુદ્ધ ફરાસખાના પોલીસ સ્ટેશનમાં એનડીપીએ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. એએનસીના અધિકારીઓ શનિવારે પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે મળેલી માહિતીને આધારે તેમણે પુણેના બુધવાર પેઠ ખાતેના લક્ષ્મી રોડ પર છટકું ગોઠવીને શરણપ્તા કટિમણીને તાબામાં લીધો હતો. તેની તલાશી લેવાતાં મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. દરમિયાન પાલઘર જિલ્લામાં વિક્રમગઢ-જવ્હાર માર્ગ પર યશવંતનગર ગામમાં શુક્રવારે પોલીસે એક કારને આંતરી હતી. કારમાં હાજર બે શખસની તલાશી લેવાતાં તેમની પાસેથી ૧૦ કિલો ગાંજો મળી આવ્યો હતો. ■

|| દ્વિતીય પુણ્યતિથિ ||



શ્રી જયંતીલાલ કાલિદાસ સાયાણી

વ્હાલા પિતા આપ સદાય
અમારા હૈયામાં અમર રહેશો

આજે વરસી પડે છે આંખો અમારી
જોઈ મીઠી તસ્વીર તમારી
આપનો સૌજન્યશીલ, માયાળુ,
ઉદાર અને લાગણીભર્યો
હસમુખ,સ્વભાવ ,ધાર્મિક દ્રષ્ટિકોણ ,
કુટુંબ પ્રત્યેની વાત્સલ્યતા ,
આપણું આત્મબળ અને સદ
વિચારોના
ગુણોનો વારસો અમારા હૃદયમાં
સદાય જીવંત રહેશે
સાયાણી પરિવાર

## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫-બી)

### ૧૪. નોકરી ખાલી છે

**COMPUTER TEACHER REQUIRED**

For English Medium School in Borivali, Kandivali, Santacruz, Ghatkopar. Call / WhatsApp: 7039404776, Email - mce2022.gs@gmail.com (15982-I)

### ૧૭. જગ્યા આપવી છે

■ ભુલેશ્વર 225 ફૂટ, 3જે માળે ભાડે આપવો છે. નવનીતઃ 8850765241. (બી-૧૬૦૫૫)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**દાદર પૂર્વ**

(વડાલા રામ મંદિર પાસે) ઈન્ડસ્ટ્રીયલ યુનિટ ભાડેથી/ ઓનરશીપથી આપવાનું છે. કાર્પેટ એરિયા ૧૬૬૧ અને ૧૧૦૦ ફુટ લોફ્ટ, એક રીઝર્વ પાર્કિંગ. ક્લાઉડ કિચન/ ઓફિસ/ ઈન્ડસ્ટ્રીયલ/ કોલસેન્ટર/ ફેક્ટરી માટે ખાસ લાયક. સંપર્કઃ જીતુભાઈ- ૯૭૦૨૪૩૪૩૪૩/ ૯૮૨૧૦૪૧૫૧૫. (એસડીબીજી-૨૬૬૭)

### ૩૨. જમીન - મિલકત

**AGRICULTURE PLOT SALE AT KARJAT**

**Agricultural Plot 30000 Sq. Ft. Rate 300/- per Sq. Ft. Available for Sale. Complete Tar Fencing, Main Entrance Gate, Single Owner. Ideal for Resort, Farmhouse, Home Stay, Etc. Contact: 9821114355/ 9321807605. (15992-G)**

### ૩૩. ધંધાદારી

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ(PMC)**
**ફિઝીબીલીટી રીપોર્ટ**
**રીડેવલપમેન્ટ એગ્રીમેન્ટસ**
**રેરા**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**

(બી-૧૬૦૯૨)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**TOTAL સમાધાન**

ફોન ઉપર- લવ પ્રોબ્લેમ - લગ્ન વિલંબ - જન્મ કુંડલી - વ્યાપાર - શત્રુ - છુટાછેડા. ડોંબીવલી (વેસ્ટ) - 9892085247. (એસડીબી-૨૬૮૦)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૯૮૨-ડી)

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

# બેદરકાર તંત્રઃ નવજાત દીકરીના મૃતદેહને થેલીમાં નાખી એસટીમાં ઘરે લઇ જવો પડ્યો

મુંબઈઃ પ્રશાસનની બેદરકારીને કારણે આદિવાસી વ્યક્તિને તેની નવજાત દીકરીના મૃતદેહને થેલીમાં હોસ્પિટલથી ૯૦ કિલોમીટર દૂર તેના ઘર સુધી એસટી બસમાં લઇ જવાની ફરજ પડી હતી.

દીકરી ગુમાવવાના દુઃખ સાથે આ વેદના સહન કરવાનું તેની માટે બહુ મુશ્કેલ બન્યુ હતું. નાશિક સુધરાઇની હોસ્પિટલે તેને એમ્બ્યુલન્સ આપવાની ના પાડી હતી તેથી આદિવાસી સખારામ કાવર પાસે તેની નવજાત દીકરીના મૃતદેહને થેલીમાં નાખી એસટી બસમાં પ્રવાસ કરવા સિવાય કોઇ પર્યાય રહ્યો નહોતો. આઝાદીના આટલા વર્ષ બાદ પણ રાજ્યમાં આવી ઘટનાઓ બની રહી હોવું એ શરમજનક છે.

સખારામે પોતાની વેદના ઠાલવતા કહ્યું હતું કે નઆરોગ્ય વિભાગની બેદરકારીને કારણે મેં મારી દીકરી ગુમાવી છે.થ તેની પત્નીને ૧૧મી જૂને પ્રસૂતિ પીડા ઉપડી હતી ત્યારે તેને ખોડાલા પીએચએસીમાં દાખલ કરવા માટે હોસ્પિટલ તરફથી એમ્બ્યુલન્સ આપવાનો ઇનકાર કરાયો હતો. સખારામ અને તેની પત્ની પાલઘર જિલ્લાના જોગલવાડીમાં કટકારી આદિવાસી વિસ્તારમાં રહે છે અને થાણે જિલ્લાના બદલાપુરમાં ઇંટની ભટ્ટીમાં કામ કરે છે.

સુરક્ષિત પ્રસૂતિ થઇ જાય એ આશાએ તેઓ ત્રણ અઠવાડિયા પહેલા પોતાના ગામે આવ્યા હતા. નસવારથી એમ્બ્યુલન્સ બોલાવી રહ્યો હતો, પણ કોઇ આવ્યું નહીં, એમ સખારામ રડતી આંખે કહે છે. ખાનગી વાહન કરીને સખારામ તેની પત્નીને ખોડાલા પબ્લિક હેલ્થ સેન્ટરમાં લઇ ગયો હતો ત્યાં તેને અન્ય હોસ્પિટલમાં જવાની સલાહ આપી હતી.

આખરે નાશિકની સુધરાઇની હોસ્પિટલમાં તેની પત્નીએ દીકરીના મૃત ભ્રૂણને જન્મ આપ્યો હતો. તેને ઘરે લઇ જવા એમ્બ્યુલન્સ આપવાનો ઇનકાર કરતા સખારામને થેલીમાં નાખી એસટી બસમાં પ્રવાસી કરવાની ફરજ પડી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

## કોંકણમાં

જેને કારણે આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઇ ગયાં હતાં. સાતારા જિલ્લાના પશ્ચિમ ઘાટ વિસ્તારમાં કોયના નગરમાં રવિવાર રાતથી જોરદાર વરસાદ પડ્યો હતો. કરાડ ચિપલૂણ હાઇવે પર બાંધકામ ચાલી રહેલા પુલની બાજુમાં રસ્તા પર ભેખડ ધસી પડી હતી. તેથી કરાડ-ચિપલૂણ હાઇવ પર વાહન વ્યવહાર બંધ પડી ગયા હતો. પાટણ તાલુકાના કોયનાનગર-તોરણે માર્ગ પર પણ ભેખડ ધસી પડી હતી.

હવામાન વિભાગ તરફથી રાયગડ જિલ્લા માટે આગામી ૨૪ કલાક રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. રાજ્યમાં ૧૬મી જૂને સવાર સુધી રત્નાગિરીમાં ૧૧૨.૭ મિ.મી., સિંધુદુર્ગ જિલ્લામાં ૧૧૦.૭ મિ.મી., રાયગઢમાં ૭૨.૧ મિ.મી., પુણે ૨૨.૧ મિમી, સાતારામાં ૧૭.૧ મિ.મી., કોલ્હાપુરમાં ૫૧.૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

## ૨૬ મેએ કેઇએમ

હતું. હોસ્પિટલમાં પાણી ભરાયાં છે અને દર્દીઓને બાંકડા પર બેસાડવામાં આવ્યા હોવાના અહેવાલો તદ્દન ગેરમાર્ગે દોરનારા છે અને પરિસ્થિતિથી તદ્દન વિપરિત છે, એમ કેઇએમ હોસ્પિટલના ડીન સંગીતા રાવતે જણાવ્યું હતું.

દર્દીઓ માટેના વોર્ડ, રેડિયોલોજી, એમઆરઆઇ અને એક્સ-રે ડિપાર્ટમેન્ટમાં કોઇ પાણી ભરાયાં નહોતાં તથા દર્દીઓની સેવામાં કોઇ અડચણ ઊભી થઇ નહોતી. ૨૬મી મેના મુશળધાર વરસાદમાં હોસ્પિટલમાં ૧૯ એમઆરઆઇ, ૧૨૦ સીટી-સ્કેન અને ૨૭૦ એક્સ-રેની સેવા આપવામાં આવી હતી, એમ સોગંદનામામાં વધુમાં જણાવાયું હતું. (પીટીઆઇ)

## દિવ્યાંગોના

માનખુર્દમાં સરકાર સહાયિત ઘરની દુર્દશા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ચિલ્ડ્રન્સ એઇડ સોસાયટી દ્વારા ચલાવવામાં આવતા એ ઘરમાં તે સમયે ૨૬૫ કેદી રહેતા હતા. પીઆઈએલમાં ૨૦૧૪માં ઘરના બે કર્મચારીઓ પર માનસિક રીતે દિવ્યાંગ બે છોકરીઓનું યૌન શોષણ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

આ અરજી મુજબ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૨ના દિવસે નવા વર્ષની પૂર્વસંધ્યાએ યોજાયેલી પાર્ટીમાં આશ્રયગૃહના અધિકારીઓ સાથે ૨૬ માનસિક દિવ્યાંગ યુવતીઓ હાજર હતી. પાર્ટીમાં દારૂ પીરસવામાં આવ્યો હતો અને મહિલા ડાન્સરો પર પૈસાની વર્ષા કરવામાં આવી હતી. (પીટીઆઈ)

## પ્લાસ્ટિકની શીટે

હતી. તેને કારણે ઘાટકોપરથી વર્સોવા તરફ જતી લાઇનની સેવા ઠપ થઇ ગઇ હતી.

સોશિયલ મીડિયા પર પ્રવાસીઓએ પોતાનો રોષ ઠાલવ્યો હતો, પ્લેટફોર્મ પર થયેલી પ્રવાસીઓની ભીડ, અટકી પડેલી ટ્રેનોના ફોટા પોસ્ટ કર્યા હતા.

મેટ્રો-૧નું સંચાલન કરનાર મુંબઈ મેટ્રો વન પ્રા. લિ. (એમએમઓપીએલ) દ્વારા આ ઘટનાની પુષ્ટી કરવામાં આવી હતી અને જોરદાર પવનને કારણે આ સમસ્યા થઇ હોવાનું કારણ જણાવ્યું હતું.

'ઓવરહેડ વાયર પર પ્લાસ્ટિકની શીટ ચોંટી જવાને કારણે આ સમસ્યા થઇ હતી. અમારી ટીમ આ સમસ્યા દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે અને થોડા સમયમાં ટ્રેનો નિયમિત થઇ જશે', એવી જાહેરાત એમએમઓપીએલ તરફથી કરવામાં આવી હતી.

ઘાટકોપર-વર્સોવા રૂટ પરની મેટ્રો-૧માં રોજ નોકરીયાતો, વિદ્યાર્થીઓ અને અન્ય પ્રવાસીઓ મળીને ચાર લાખથી વધુ લોકો પ્રવાસી કરે છે. અઠવાડિયાના પ્રથમ દિવસે જ આ સમસ્યાને કારણે પ્રવાસીઓ હેરાન થયા હતા.

## ચાર સ્કૂલને

તમારી શાળામાં સોમવારની બપોરે એક વાગ્યે બૉમ્બ બ્લાસ્ટ થશે. બળાત્કાર પીડિતા અને દહેજ માટે જીવ ગુમાવનારી પરિણીતાઓને ન્યાય મળે તે માટે અમે આ બ્લાસ્ટ કરીશું. પોલીસ ઊંઘી રહી છે. તે કંઈ કરતી નથી અને તપાસ યોગ્ય રીતે કરતી નથી.

આવી જ ધમકી આપતા ઈ-મેઈલ મીરા રોડ અને ભાયંદરની સ્કૂલને પણ મોકલવામાં આવ્યા હતા. આ પ્રકરણે દેવનાર પોલીસે રવિવારે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી (આઈટી) ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. નોંધનીય છે કે પોલીસે આ મામલે આઈટી ઍક્ટની કલમ ૬૬એફ પણ લાગુ કરી હતી, જે સાયબર ટેરરિઝમ સંબંધી છે.

અધિકારીના જણાવ્યા મુજબ કાંદિવલી પૂર્વમાં ઠાકુર કોમ્પ્લેક્સ ખાતેની રાયન ઈન્ટરનૅશનલ સ્કૂલને પણ આવો જ મેઈલ મળ્યો હતો. એમાં પણ આરોપીએ એ જ ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. આ પ્રકરણે સમતા નગર પોલીસે ગુનો નોંધ્યો હતો.

પોલીસે ચારેય શાળામાં તપાસ કરી હતી, પરંતુ વિસ્ફોટક કે કોઈ શંકાસ્પદ વસ્તુ હાથ લાગી નહોતી. મેઈલ મોકલનારી વ્યક્તિને શોધી કાઢવા પોલીસ આઈપી ઍડ્રેસને ટ્રેસ કરી રહી છે.

## પશ્ચિમ રેલવેમાં

મુસાફરો માટે ઊભા રહેવાની જગ્યા હશે. ટ્રેનમાં ભીડના સમયે ચઢવા અને ઉતરવા માટે અલગ દ્વાર હશે. આ પશ્ચિમ લાઇન પર ૧૦૫ બિન-વાતાનુકૂલિત ઈએમયુ રેકમાં તબક્કાવાર કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો ખર્ચ ૫.૪ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. પશ્ચિમ રેલવેના ચીફ પીઆરઓ વિનીત અભિષેકે જણાવ્યું હતું કે, ટેન્ડરો મંગાવવામાં આવ્યા છે અને કામ એક વર્ષમાં પૂર્ણ થવાની સંભાવના છે. તેમણે ઉમેર્યું હતું ''આ પરિવર્તન ખાસ કરીને ભીડના સમયે જ્યારે ટ્રેનોમાં વૃદ્ધ મુસાફરો માટે મુસાફરી જોખમી બને છે ત્યારે ફક્ત આરામ જ નહીં પરંતુ વધુ સારી સલામતી પણ પ્રદાન કરશે.''

વિગતો અનુસાર, બોમ્બે હાઈકોર્ટે ગયા વર્ષે જારી કરેલા પોતાના આદેશમાં જણાવ્યું હતું કે ભારતીય રેલવેએ વરિષ્ઠ નાગરિકો માટે સમર્પિત ડબ્બા સાથે સ્થાનિક ટ્રેનોના સામાનના ડબ્બામાં વરિષ્ઠ નાગરિકોને મુસાફરી કરવાની મંજૂરી આપવી જોઈએ. હવે જોવાનું એ રહે છે કે જે હાલત દિવ્યાંગોના ડબાની થઇ છે તેવું જ ક્યાંક વરિષ્ઠોના ડબા સાથે નહીં થાય ને?!

## ગિરગામમાં

પુનર્વસન માટેની ઇમારતના બેઝમેન્ટમાં પાણી ભરાયું હતું જેને કારણે આસપાસ લીકેજની સમસ્યા થઇ હતી. તેને કારણે કદાચ રોડ પર ખાડો પડ્યો હતો.

ગંદા પાણીના નિકાલની પાઇપલાઇન, પાણીની પાઇપલાઇનમાં કોઇ લીકેજ તો નથી તે જાણવા માટે એમએમઆરસીએલ પાલિકાના અધિકારીઓને મદદ કરી રહ્યા છે. રસ્તા પરના ખાડાને પૂરવા માટે તાત્કાલિક પગલાં લેવાયા હતા, એમ એમએમઆરસીએલએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

## ઈન્સ્ટાગ્રામ વીડિયો કૉલ

પરથી મેસેજ અને તસવીરો પોસ્ટ કરાઈ હતી તેની માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી આરોપી કર્ણાટકમાં હોવાનું પોલીસે શોધી કાઢ્યું હતું. પકડાયેલા આરોપી સિંહના મોબાઈલ ફોનની તપાસ કરતાં પોલીસને ચોંકાવનારી વિગતો મળી હતી. તેના મોબાઈલ ફોનમાં અનેક યુવતી-મહિલાઓના નામે તૈયાર કરાયેલી ૧૦૦ જેટલી ઈ-મેઈલ આઈડી મળી આવી હતી. તે સિવાય યુવતીઓના નામે ૧૧ બનાવટી ઈન્સ્ટાગ્રામ આઈડી હતી. આ મેઈલ અને ઈન્સ્ટાગ્રામ આઈડી એક્ટિવેટ હોવાનું જણાયું હતું. વળી, તેના ફોનની ગૅલરીમાં યુવતી-મહિલાઓની તસવીરોવાળા ૧૩,૫૦૦ સ્ક્રીનશૉટ્સ હતા, જે તેણે લાંબા સમયથી સાચવી રાખ્યા હોવાનું જણાયું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## વરસાદે વચ્ચેવચ્ચે

બદલે થોડા થોડા સમયને અંતરે વરસાદના જોરદાર ઝાપટાં પડયાં હતા. મુંબઈની ભૌગોલિક પરિસ્થિતિને કારણે નીચાણવાળા વિસ્તાર ગણાતા અંધેરી સબ-વે, મિલન સબ-વે, મલાડ, સાયન, કિંગ સર્કલ, દાદર, પરેલ, ભાંડુપ, કુર્લા જેવા વિસ્તારોમાં થોડા સમય માટે પાણી ભરાયાં હતાં પણ તેનો તરત નિકાલ થઈ ગયો હતો. જોકે પાણી ભરાઈ જવાને કારણે રોડ પરના વાહન વ્યવહારને અસર થઈ હતી. સવારના સમયમાં વરસાદના ભારે ઝાપટાને કારણે લોકલ ટ્રેનની સાથે મેટ્રો અને બસ સેવાને પણ અસર થઈ હતી. સોમવારના મુંબઈ સહિત થાણે તથા પાલઘર માટે ઓરેન્જ અલર્ટ આપ્યું હતું એ મુજબ વરસાદ પડયો હતો. હવામાન ખાતાએ આપેલા આંકડા મુજબ મુંબઈમાં સોમવાર સાંજ સુધીના તળ મુંબઈમાં ૯૫ મિ.મી. પૂર્વ ઉપનગરમાં ૫૮ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૭૫ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. મુંબઈમાં ભારે વરસાદ અને પવન ફૂંકાવાને કારણે સવારના આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં શહેરમાં છ, પૂર્વ ઉપનગરમાં આઠ અને પશ્ચિમ ઉપનગરમાં બાવીસ એમ કુલ ૩૬ જગ્યાએ ઝાડ અને તેની ડાળખી તૂટી પડવાના બનાવ નોંધાયા હતા. સાંજ સુધીમાં કુલ ત્રણ જગ્યાએ શોર્ટ સર્કિટના અને ઘરની દીવાલ તૂટી પડવાના આઠ બનાવ નોંધાયા હતા. અંધેરી-પૂર્વમાં અંધેરી-કુર્લા રોડ પર તાકપાડા વિસ્તારમાં ઍસ્ટેટ બિલ્ડિંગ નજીક સવારના ૧૦.૫૪ વાગે ઝાડ તૂટી રસ્તે ચાલતા ૪૮ વર્ષના શખસ પર તૂટી પડયું હતું, તેને સારવાર માટે તાત્કાલિક સેવન હિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સોમવારે બપોરના લગભગ પોણા એક વાગ્યાની આસપાસ જોગેશ્વરી (પૂર્વ)માં રોડ નંબર એક, નટવર નગર એક, ઈસ્માઈલ યુસુફ કોલેજ પાસે બાંધકામ ચાલી રહેલી બિલ્ડિંગનો અમુક ભાગ તૂટી પડતા બે મહિલા જખમી થઈ હતી. તેમને સારવાર માટે જોગેશ્વરીમાં આવેલી ટ્રોમા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જેમાંથી ૫૯ વર્ષની અર્લીન પૉલ નામની મહિલાની હાલત ગંભીર હોઈ તેના પર આઈસીયુમાં સારવાર ચાલી રહી છે. જયારે ૬૩ વર્ષની સુગંધા કદમને સારવાર બાદ રજા આપવામાં આવી હતી.

## બે સિસ્ટમને કારણે ભારે વરસાદ પડયો

હાલમાં આંધ્ર પ્રદેશના ઉત્તર દરિયાકાંઠાથી મધ્ય બંગાળની ખાડી ઉપર એક એર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ નિર્માણ થઈ છે. જયારે મરાઠવાડા ઉપર બનેલી બીજી એક અપર એર સાયક્લોનિક સિસ્ટમને કારણે છેલ્લા ૨૪ કલાકમાં મુંબઈ સહિત રાજ્યમાં ભારે વરસાદ પડયો હોવાનું હવામા વિભાગને જણાવ્યું હતું.

## થાણે, નવી મુંબઈમાં મોસમનો પહેલો ભારે વરસાદ

નૈર્ઋત્યનું ચોમાસું સોમવારે સમગ્ર કોંકણ ક્ષેત્રમાં આગળ વધ્યું હતું. મુંબઈ, થાણે, પાલઘર, નવી મુંબઈ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં સોમવારે વરસાદનું જોર રહ્યું હતું, તેમાં થાણે અને નવી મુંબઈમાં મોસમનો પહેલો ભારે વરસાદ પડયો હતો. અમુક વિસ્તારમાં ત્રણ આંકડાનો વરસાદ નોંધાયો હતો.

## તળ મુંબઈમાં ૨૪ કલાકમાં ચાર ઈંચ વરસાદ

હવામાન વિભાગના જણાવ્યા મુજબ સોમવારના સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકના ગાળામાં કોલાબામાં ૧૦૦.૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જયારે સાંતાક્રુઝમાં ૮૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો. આ બંને રેકોર્ડ ભારે વરસાદની શ્રેણીમાં આવે છે. ભારે વરસાદમાં ૬૪.૫ મિ.મી.થી ૧૧૫.૫ મિ.મી.ની વચ્ચેનો વરસાદ કહેવાય છે. નવી મુંબઈના રબાલેમાં આ દરમ્યાન ૮૭ મિ.મી. અને વસઈમાં ૧૧૦.૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

## આવતી કાલ સુધી વરસાદનું જોર રહેશે

હવામાન વિભાગે જણાવ્યું હતું કે રાજ્યમાં વરસાદની ગતિવિધિ ૧૮ જૂન સુધી ચાલુ રહેવાની શક્યતા છે. કોંકણના મધ્ય ભાગ અને નજીકના પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર પર અપર એર સાયક્લોનિક સર્ક્યુકલેશન દક્ષિણ ગુજરાત અને આજુબાજુના વિસ્તાર સુધી ફેલાયેલું છે અને સરેરાશ સમુદ્રની સપાટીથી ૭.૬ કિલોમીટર સુધી ફેલાયેલું છે. તેના પ્રભાવ હેઠળ આગામી ૨૪ કલાક દરમ્યાન લો પ્રેશર નિર્માણ થવાની શકયતા છે અને આગામી ૨૪ કલાક દરમ્યાન તે ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધવાની શકયતા છે. તેના પ્રભાવ હેઠળ મહારાષ્ટ્રમાં વરસાદી પ્રવૃત્તિ ૧૬થી ૧૮ જૂન, ૨૦૨૫ દરમ્યાન ચાલુ રહેવાની શકયતા છે.

## થાણેમાં બે જગ્યાએ દીવાલ તૂટી પડી

મુંબઈ સહિત થાણેમાં આખો દિવસ ભારે વરસાદ પડયો હતો તેને કારણે શહેરમાં અનેક જગ્યાએ બિલ્ડિંગની સુરક્ષા ભીંત તૂટી પડવાના બનાવ નોંધાયા હતા, જેમાં કોઈને ઈજા નહોતી પહોંચી પણ વાહનોને નુકસાન થયું હતું. થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ થાણે (પશ્ચિમ)માં લોકમાન્ય નગરમાં પાડા નંબર ચારમાં સાઈબાબા મંદિર પાસે આવેલી સિદ્ધિવિનાયક પાર્ક નામની બિલ્ડિંગની લગભગ પચીસ ફૂટ લાંબી અને પાંચ ફૂટ ઊંચી દીવાલ સોમવારના બપોરના લગભગ બે વાગ્યાની આસપાસ તૂટી પડી હતી. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. દીવાલ તૂટી પડવાનો બીજો બનાવ થાણે (પશ્ચિમ)માં પાચપાખાડીમાં ચંદનવાડીમાં સિદ્ધેશ્વર તળાવ પાસે બન્યો હતો, જેમાં શહીદ ઉદ્યાનની લગભગ ૧૫ ફૂટ લાંબી અને છ ફૂટ ઊંચી દિવાલ બાજુમાં આવેલી ગુરુકૃપા ચાલની સામે પાર્ક રહેલા બે ટૂ-વ્હીલર પર તૂટી પડી હતી. વાહનોને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું.

## જૈન મરણ

**પાલનપુરી સ્થાનકવાસી જૈન**

કીરીટભાઇ મહેતા (ઉં. વ. ૮૨) તા. ૧૫-૬-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે માલતીબેનના પતિ. સ્વ. વિમળાબેન કાંતીભાઇના સુપુત્ર. સ્વ. પારુબેન ચંપકભાઇના જમાઇ. સચીન સેજલ, શીતલ-કલ્પેશભાઇના પિતા. સમર્થ-ધ્વનિ, સૌમ્ય, ક્ષમીનના દાદા. ક્રીષના પરદાદા. સ્વ. કિશોરભાઇ, માલતીબેન કુમારભાઇના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૧૭-૬-૨૫ના ૫થી ૭. ભારતીવિદ્યા ભવન.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

ખાંભડા (ધ્રાંગધ્રા) નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. હીરાબેન રતીલાલ મોહનલાલ શાહના પુત્ર. અનિલ (ઉં.વ. ૭૫) તે સ્વ. રેખાના પતિ. તે હસમુખ, સ્વ. રમેશ તથા જીતેન્દ્રના ભાઇ. નલીની, પુષ્પાના દિયર. તે દિવ્યેશના દાદા. સાપકડા નિવાસી સ્વ. બાલચંદ દીપચંદ કોઠારીના જમાઇ. તા. ૧૫-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બરવાળા (ઘેલશા) નિવાસી હાલ બોરીવલી સ્વ. રતિલાલ શાંતિલાલ પારેખના ધર્મપત્ની અને સ્વ. લીલાવતીબેન મહાસુખલાલ મણિયારના સુપુત્રી. ગં. સ્વ. કોકિલાબેન પારેખ (ઉં. વ. ૮૨) તા. ૧૫-૬-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે ભાવેશભાઇ, સૌ. નિમિષાબેન અને સૌ. સોનલબેનના માતુશ્રી. સૌ. સેજલબેન, સંજયકુમાર, મનીષકુમારના સાસુજી. સૌ. અવની જીમિતકુમાર દોશી અને સૌ. દ્રષ્ટિ નિસર્ગ કાપડિયાના દાદી. સૌ. શિવાંગી-હાર્દિકકુમાર, શ્રીપાર્થ-દેવાંશી, સ્વપ્નિલ, ખુશ્બુ અને કિયાંશના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ વિલેપાર્લા, રમણીકલાલ કોઠારી (ઉં.વ.૯૫) તા.૧૪/૬/૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.ચંપાબેન હિંમતલાલ કોઠારીના સુપુત્ર, સ્વ. કમળાબેન કોઠારીના પતિ. બકુલ, અતુલના પિતાશ્રી. જસ્મીન, ભારતીના સસરા. દિલીપભાઈ હિંમતલાલ કોઠારી, સ્વ. સુધાબેન મનહરલાલ દોશીના ભાઈ. સ્વ. નગીનદાસ ચાંપશી શાહના જમાઈ, પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ સાંતાક્રુઝ, ચંદ્રવદન સંઘવી (ઉં. વ. ૮૫) તે સ્વ. નૌતમલાલ નિમચંદ સંઘવીના પુત્ર, સરોજબેનના પતિ. વિપુલ તથા વિકાસના પિતા. હેમા તથા બૈજુલના સસરા. ઉર્ષિતા, તનિશ, જશ, ક્રિશ માનવીરના દાદા. ૧૫/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ બોરીવલી, સ્વ. અભયકાંતભાઈ અમૃતલાલ મહેતાના ધર્મપત્ની જશવંતીબેન (ઉં. વ. ૯૪) ૧૪/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પંકજભાઈ, શૈલેષભાઇ, સ્વ. પ્રતિભાબેન, મીનાબેનના માતુશ્રી. સ્વ. અવનીના સાસુ. દિલીપભાઈ, સ્વ. સુરેશભાઈના ભાભી. પિયરપક્ષે છબીલદાસ માણેકચંદ દોશી, દયાબેનના પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

બ્રાહ્મણવાડો, પાટણ નિવાસી, લીલાવંતીબેન અને મનસુખલાલ સંઘવીના પુત્ર વિજય સંઘવી (ઉં. વ. ૭૫) તા. ૧૫-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રેશ્મા ગુલશન ચોપરા અને કૃણાલ વિજય સંઘવીના પિતા. દક્ષા કે. સંઘવીના દિયર. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાડાઉના હીતેશ વીરજી સાવલા (ઉં. વ.૫૧) દેશમાં તા. ૧૩-૬ના અવસાન પામેલ છે. સ્વ. મમીબાઇ વેલજીના પૌત્ર. લુણીના સ્વ. દેવઇ કારૂના દોહીત્ર. સ્વ. પુરબાઇ વીરજીના પુત્ર. રૂક્ષ્મણી, કસ્તુર, ભરતના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસસ્થાન : ભરત સાવલા, બી-૬૦૨, પૃથ્વી એન્કલેવ નં. ૨, હાઇવે રોડ, બોરીવલી (પૂર્વ).

ડેપા (સફાલા)ના હેમકુંવરબેન મારૂ (ઉં. વ. ૮૬) તા. ૧૪-૬ના દેવગતિ પામ્યા છે. લીલાધરના પત્ની. મુરીબાઇ વિજપારના પુત્રવધુ. અરિવંદ, જયંત, નીતીનના માતુશ્રી. નાની ખાખરના મણીબેન પ્રેમજીના પુત્રી. દેવચંદ, સૌભાગ્યચંદ, વસનજીના બહેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. નીતીન મારૂ, મોમાયા આશીષ, સાઇ સાકારની સામે, કરદલ-સફાળે-૪૦૧૧૦૨.

નવીનાળના જયંતીલાલ દેવજી (મહુ) ભારમલ વોરા (ઉં. વ. ૬૮) તા. ૧૫-૬-૨૫ના અવસાન પામ્યા છે. સુંદરબેન દેવજીના પુત્ર. સ્વ. પ્રભાબેનના પતિ. મધુબેન, હીરજી, સ્વ. ચંચળ, નિર્મળા, સુરેશના ભાઇ. પુનડીના સ્વ. લાછબાઇ મેઘજી ઓભાયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હીરજી વોરા, ૪૦૧, રાઇટ માર્વેલ, ગુંદવલી, આઝાદ રોડ, અંધેરી (પૂ.), મું. ૬૯.

મોટી રાયણના ચંદનબેન રમેશ છેડા (ઉં. વ.૬૬) તા.૧૪-૬-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. રમેશના ધર્મપત્ની. પ્રભાબેન પ્રેમજી કાનજી છેડાના પુત્રવધૂ. માનવ, બીનલના માતુશ્રી. રાયણના લક્ષ્મીબેન અરજણ પુંજા ગડાના સુપુત્રી. પ્રા.શ્રી વ.સ્થા.જૈ.શ્રા. સં., કરસન લધુ નિસર હોલ, ટા.૨.૦૦ થી ૩.૩૦.

ભુજપુરના અ.સૌ ચંદ્રિકાબેન મોનજી મગનલાલ દેઢિયા (ઉં. વ. ૫૨) તા. ૧૫-૦૬-૨૫ના અવસાન પામેલ છે. ચંચળબેન મગનલાલ મોણશીના પુત્રવધૂ. મોનજીના ધર્મપત્ની. અજીત, અંજલીના માતુશ્રી. નવસારીના જસુબેન ભાણાભાઈ પટેલના સુપુત્રી. રમીલા દેવેન્દ્ર પટેલ, સુશીલાબેન ચંદ્રકાંત વીરા, રમેશ, ભરત, રાજેશ અને ભારતી નિલેશના બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. સરનામું : મોનજી દેઢીયા, રૂમ નં. ૧૦૩, પહેલો માળ, ન્યૂ પાંડુરંગ સોસાયટી લિમિટેડ, જ્યોતિ હિન્દી વિદ્યાલય પાસે, મહેશ પાર્ક, તુલીંજ રોડ, નાલાસોપારા (પૂર્વ).

ગજોડના રમેશ ભવાનજી દેઢિયા (હરિયા)(ઉં. વ. ૬૬) તા.૧૫-૬-૨૫ના અવસાન પામેલ છે. નિર્મળાબેન ભવાનજીના પુત્ર. મધુબેનના પતિ. રોહન, રાહુલના પિતા. અરવિંદ, નિતીનના ભાઈ. મણીબેન પ્રેમજીભાઈના જમાઈ. પ્રા. શ્રી માનવ સેવા સંઘ હોલ (સવાણી સભાગૃહ), ૨૫૫/૫૭, સાયન મેઈન રોડ, સાયન (વે). ટા.૪ થી ૫.૩૦.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ મહાલક્ષ્મી માતાના પાડાના હાલ વાલકેશ્વર ચંપકભાઇ (ઉં. વ. ૯૩) મણીબેન ભોગીલાલ શાહ, તે સ્વ. અરુણાબેનના પતિ. સોનલ-દિપન, જીતા-રાજેશ, જીજ્ઞા-મોનિકના પિતા. ભરતભાઇ ચીનુભાઇના કાકા. સ્વ. ચીમનલાલ મણીલાલ પટણીના જમાઇ. જીયન, નીતિ, ફલક, હીરલ, ઋત્વી, કાશની, દિયોમીના નાના રવિવાર, તા. ૧૫-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## મુસ્લિમ મરણ

**દાઉદી વ્હોરા**

સીરાઝભાઇ અબ્દુલભાઇ કોન્ટ્રાક્ટર તા. ૧૫-૬-૨૫ના ગુજરી ગયા છે. તે જેતુનબેનના વર. કુરેશભાઇના પપ્પા. દુરૈયાબેનના સસરા. સ્વ. મોઇઝ, સ્વ. ખૈરુનબેન, એઇમનબેન અને ફિરોઝભાઇના ભાઇ. અલેફીયા અને હુસેનના દાદા.

## હિન્દુ મરણ

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

હાંસોઠ નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. ઇંદિરાબેન દેસાઇ (ઉં. વ. ૮૬) તે સ્વ. ભૂપેન્દ્ર ચંદુલાલ દેસાઇના ધર્મપત્ની. તે જયેશ તથા અર્ચનાના માતુશ્રી. શૈલેશ તથા કોમલના સાસુ. રેને, આર્યહીના દાદી. દીપના નાની. તા. ૧૫-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. કસ્તુરબેન નરસિંહભાઇ પલણ ગામ નખત્રાણા હાલ મુલુંડના પુત્રવધૂ. સતીશ નરસિંહભાઇ પલણના ધર્મપત્ની. અ. સૌ. વંદના (ઉં. વ. ૫૯) સ્વ. ગોમતીબેન ગોકલદાસ ધીરાવાણી ગામ કોઠારાની સુપુત્રી તા. ૧૩-૬-૨૫ના કૈલાસવાસી થયા છે. પ્રભાત પલણ અને રીયા પલણના માતુશ્રી. રમેશભાઇ, વિજયભાઇ, કિરીટભાઇ, સ્વ. શરદ, સ્વ. નિમેશ, ગં. સ્વ. નિર્મળાબેન, ગં. સ્વ. ભાનુબેન, અ. સૌ. સરોજબેન, અ. સૌ. સ્વ. દિનાબેન, અ. સૌ. ભદ્રાબેન અને અ. સૌ. કિરણબેનના બેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રાખેલ નથી.

**મોઢ વણિક**

રાજીવભાઇ સુરેન્દ્રભાઇ કોઠારીના ધર્મપત્ની દર્શના બેન (ઉં. વ. ૬૦) તા. ૧૪-૬-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હેમાબેન તથા સ્વ. સુરેન્દ્રભાઇ કોઠારીના પુત્રવધુ. સ્વ. મધુકાંતાબેન અને સ્વ. મુકુંદરાય શેઠના દીકરી. જયોત્સનાબેન, ભાવનાબેન, પંકજભાઇ, બીનાબેનના બેન. લીનાબેન વિક્રમ અલવાના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ પોરેચા**

જૂનાગઢ નિવાસી હાલ મુંબઈ, સ્વ. પદ્માવતી ચંદુલાલ પારેખના પુત્ર પ્રદીપ પારેખ, તે હર્ષિદાના પતિ (ઉં. વ. ૮૦) તા. ૧૪/૬/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પાયલ, ગ્રીષ્માના પિતા. આશિષ, રોહાનના સસરા. જલ હિયા વેદાંતના નાના. રસિકલાલ ભુપેન્દ્ર સુરેન્દ્ર ઈલાબેન હંસાબેન પૂર્ણિમાના ભાઈ. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ચલાળાવાળા હાલ બોરીવલી, પુષ્પાબેન નટવરલાલ ભુવાના પુત્રવધૂ ગં.સ્વ.નયનાબેન (ઉં. વ. ૬૮) તા.૧૫-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. રાજેંદ્રભાઈના પત્ની. ચિ. રૂપા,પરાગ, નિરવના માતુશ્રી. હેતલ અને ઈશિતાના સાસુ. સરોજ-હસમુખરાય, ચિતલિયા, ગં.સ્વ. કોકીલા-વિનોદરાય મહેતા, જીતેંદ્ર, કીર્તિ, યોગેશના ભાભી. પિયરપક્ષે ભાવનગરવાળા તરલાબેન પ્રતાપરાય શાંતિલાલ મહેતાના દીકરી. સર્વે પક્ષની પ્રાર્થનાસભા તા.૧૭-૬-૨૫ના ૪ થી ૬. પાવનધામ, મહાવીરનગર, એમ.સી.એ ગ્રાઉન્ડ પાસે, કાંદિવલી વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

મુંબઈ નિવાસી, સ્વ. ચંપાબેન નાથાલાલ કુરજી સાંગાણીના પુત્રી ઉર્મિલાબેન (ઉં. વ. ૭૨) ૧૪/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ઝવેરભાઈ, વિનોદરાય ભુપતાણી, કાંતાબેન તથા પ્રભાબેનના ભાણેજ. જામનગર નિવાસી બાબુકાકા તથા નાનુકાકાના ભત્રીજી. રમેશભાઈ (રમણીકભાઇ), નયના રમેશચંદ્ર ગગલાણી, લત્તા નવનીતલાલ મુંજ્યાસરાના બહેન. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. કિરીટભાઈ જેઠાલાલ દોશીના ધર્મપત્ની જ્યોતિબેન (ઉં. વ. ૮૧) ૧૨.૦૬.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કુંજ અને કૈશલના માતુશ્રી. કિંજલ, સુરભી અને સ્વ. હિમાના સાસુ. હેઝલ ભાવિક ચિત્રોડા, રાધા રોમિલ દોશી તથા જેસિકાના દાદી. સ્વ. મુક્તાબેન હીરાલાલ શાહના સુપુત્રી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**મચ્છુ કઠિયા સઇ સુતાર જ્ઞાતિ**

મૂળ ગામ ધોરાજી હાલ કાંદિવલી સ્વ. ડાયાલાલ જેરામ વાઘેલા તથા સ્વ. રંભાબેન વાઘેલાના સુપુત્ર સ્વ. કિશોરભાઇ વાઘેલા (ઉં. વ. ૭૯) તા. ૧૫-૬-૨૫ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રદીપભાઇના મોટાભાઇ. હંસાબેનના પતિ. તથા જયશ્રીબેનના જેઠ. દમયંતિબેન દલપતભાઇ તથા સુશીલાબેન જયકુમાર ખેરઠિયાના મોટાભાઇ. તે ભાવેશભાઇ અને દિપાલી દિપકકુમાર કોઠારી (લંડન)ના પિતા. પ્રાર્થનાસભા તા. ૧૯-૬-૨૫ ગુરુવારના ૫થી ૭. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય), પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી ભાટિયા (મસ્કત વાળા)**

અ. સૌ. વીણા રામૈયા (ઉં. વ. ૭૫) તે સ્વ. મહેન્દ્ર પુરષોત્તમ રામૈયાના ધર્મપત્ની. તે સ્વ. નીલમ રણછોડદાસ દુતિયાના સુપુત્રી. વૈશાલી હિતેશ સુમિતના મમ્મી. અ. સૌ. ઋત્વી અને સોનુના સાસુ. ભવ્ય, મિશા અથર્વના દાદી, ચિ દિવ્યાના નાની. ૧૬.૦૬.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૧૮-૦૬-૨૫, બપોરે ૩ થી ૫. ઠે. ૧૬૦૩, કાસા પેસિયો-થજિથ, લેક શોર ગ્રીન્સ, પલાવા, ડોમ્બિવલી - ઇસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા




## રોકાણનાં જોખમ

# વિદેશી હૂંડિયામણ પણ તકલીફ ઊભી કરી શકે

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

'બીજા બધા લોકો બહાવરા બનીને શૅર વેચી રહ્યા હોય ત્યારે પોતે ખરીદવા અને બીજા બધા લોકો શૅર ખરીદવા માટે પડાપડી કરી રહ્યા હોય ત્યારે પોતે વેચવા, એવું રોકાણમાં બીજા બધા કરતાં અલગ વલણ અપનાવવામાં ઘણી ધીરજ, શિસ્ત અને હિંમતની જરૂર હોય છે.'

– **સર જોન ટેમ્પલ્ટન**

રમેશ મહેતાએ આંતરરાષ્ટ્રીય મ્યુચ્યુઅલ ફંડ મારફતે રોકાણ કર્યું હતું. એમના ફંડે પોતાની પાસેનું ભંડોળ અમેરિકાની ઈક્વિટીમાં રોક્યું હતું. મહેતાએ રોકાણ કર્યું એ સમયે ફંડની એનએવી ૧૩૩ રૂપિયા હતી. એ નાણાંનું રોકાણ અમેરિકાના ફંડમાં થવાનું હોવાથી ફંડે નાણાંનું રૂપાંતર અમેરિકન ડૉલરમાં કરવું પડ્યું હતું. એ વખતે એક ડૉલર દીઠ ૬૫ રૂપિયાનો ભાવ ચાલી રહ્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો રમેશભાઈએ લગભગ ૨.૦૪ ડૉલરનું રોકાણ કર્યું હતું. અમેરિકાની ઈક્વિટી માર્કેટ પર એમની નજર હતી. ઈક્વિટી માર્કેટમાં જોરદાર વળતર મળી રહ્યું હતું.

રોકાણ કર્યાનાં આશરે બે વર્ષ બાદ રમેશભાઈને નાણાંની જરૂર પડતાં એમણે રોકાણ છૂટું કરવાનો નિર્ણય લીધો. એ વખતે અમેરિકામાં ઈક્વિટીમાં મોટી તેજી હોવાથી એમને મોટી રકમ મળવાની આશા હતી, પરંતુ પૈસા જ્યારે એમના હાથમાં આવ્યા ત્યારે મોટો આંચકો લાગ્યો.

રોકાણ વધવાનું તો બાજુએ રહ્યું, એમને ખોટ ગઈ હતી. રમેશભાઈના રોકાણના સમયગાળામાં અમેરિકન ઈક્વિટી માર્કેટમાં તેજી જરૂર આવી હતી, પરંતુ એ અરસામાં ભારતીય રૂપિયો ડૉલરની તુલનાએ ઘણો મજબૂત થઈ ગયો હતો અને એક ડૉલરનો ભાવ ૫૮ રૂપિયા ચાલી રહ્યો હતો. એમના રોકાણનું મૂલ્ય ચોક્કસપણે વધ્યું હતું, પરંતુ ડૉલરનું રૂપિયામાં રૂપાંતર કરવામાં આવ્યું ત્યારે મૂલ્ય ઘટી ગયું!

હવે મારા અન્ય ક્લાયન્ટ–શ્રીમતી બેનર્જીનો કિસ્સો જુઓ. એ ભારત પાછાં ફરતાં પહેલાં ૨૫ વર્ષ સુધી અમેરિકામાં રહ્યાં હતાં. એ ૨૫ વર્ષમાં એમણે નિવૃત્તિ માટેનું મોટું ભંડોળ જમા કર્યું હતું. અમેરિકામાં નિવૃત્તિ માટેનું ભંડોળ એકઠું કરવાની યોજના '૪૦૧K' નામે ઓળખાય આવે છે. એમની કુલ જમા રકમ ૭૫,૦૦૦ ડૉલર હતી. એ ભારત પાછાં ફર્યાં એ વખતે એક ડોલરનું મૂલ્ય ૬૦ રૂપિયા હતું. એમણે અઢી વર્ષે '૪૦૧K'ની જમા રકમનો ઉપાડ કર્યો. ત્યાર સુધીમાં રૂપિયાનું મૂલ્ય ઘટીને એક ડૉલર દીઠ ૬૫ રૂપિયા થઈ ગયું હતું. શ્રીમતી બેનર્જીએ અઢી વર્ષ પહેલાં જ નાણાંનો ઉપાડ કર્યો હોત તો એમને ઓછી રકમ મળી હોત.

હવે મારી વાત. થોડાં વર્ષો પહેલાં હું એક કોન્ફરન્સ માટે બ્રિટન ગયો હતો. જતી વખતે મેં એક પાઉન્ડના ૭૬ રૂપિયાના હિસાબે પાઉન્ડની ખરીદી કરી હતી. પાછા ફર્યા બાદ હું વધેલા પાઉન્ડ વટાવવા ગયો. ત્યાર સુધીમાં પાઉન્ડનું મૂલ્ય વધ્યું હતું અને એક પાઉન્ડના ૭૬.૭૫ રૂપિયા મળતા હતા. તેને લીધે મેં જતી વખતે ચૂકવેલી રકમ કરતાં વધારે રકમ મને મળી !

ટૂંકમાં, આપણે દેશની બહાર રોકાણ કરીએ ત્યારે વિદેશી હૂંડિયામણને સંબંધિત જોખમ (ફોરેન એક્સચેન્જ રિસ્ક) લાગુ પડે છે. વિદેશી ચલણના વિનિમય દરમાં થતા ફેરફારને લીધે આવું થાય છે.

આથી ઘણી વાર હું મારા બિનરહીશ ભારતીય (એનઆરઆઇ) રોકાણકારોને ભારતીય બજારમાં રોકાણ નહીં કરવાની સલાહ આપું છું. ભારતીય માર્કેટમાં સારું વળતર છૂટ્યું હોય છે, પરંતુ વિનિમય દરના ફેરફારને લીધે એનઆરઆઇ રોકાણકારોને એટલો લાભ થયો નહીં હોવાના અનેક કિસ્સાઓ બન્યા હોવાથી હું આવી સલાહ આપું છું.

એનઆરઆઇને હંમેશાં ભારતીય બેન્કોની ફિક્સ્ડ ડિપોઝિટનું આકર્ષણ રહેતું હોય છે, કારણ કે અન્ય દેશોની તુલનાએ ભારતમાં વ્યાજદર વધારે હોય છે. આમ છતાં એમનાં ચલણ અને ભારતીય રૂપિયાના વિનિમય દરને ધ્યાનમાં લેતાં ક્યારેક વળતર ધાર્યા જેટલું ન મળે એ સ્વાભાવિક છે. આમ, ફોરેન એક્સચેન્જ રિસ્ક લાગુ પડે છે. આ જોખમની સામે રક્ષણ મેળવવા માટેના અનેક વિકલ્પો છે, પરંતુ એ આપણી ચર્ચાનો વિષય નથી.

ઉપરોક્ત ચર્ચા પરથી એવું ન માની લેતા કે હું પોતાના દેશની બહાર રોકાણ નહીં કરવાની ના પાડું છું. ખરું પૂછો તો આપણે અગાઉ કહ્યું હતું કે ડાઇવર્સિફિકેશનની દૃષ્ટિએ અન્ય દેશમાં રોકાણ કરવું જરૂરી પણ હોય છે. શક્ય હોય ત્યાં વિદેશમાં પણ રોકાણ કરવું, પરંતુ ત્યાં રોકાણ કરતી વખતે ફોરેન એક્સચેન્જ રિસ્કને ધ્યાનમાં લીધા બાદ જ આગળ વધવું.■

# શું તમારા આરોગ્ય વીમામાં OPD કવર સામેલ છે?



## વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

હૉસ્પિટલના OPD (આઉટ પૅશન્ટ ડિપાર્ટમેન્ટ)માં મળતી સારવારનો ખર્ચ આરોગ્ય વીમા કંપની ચૂકવે એવા પ્લાનને 'ઓપીડી કવર' કહેવામાં આવે છે. આ સારવારમાં ડૉક્ટરનું કન્સલ્ટેશન, નિદાન માટેનાં પરીક્ષણો, ડૉક્ટરે લખી આપેલી દવાઓ, નાની ટ્રીટમેન્ટ અને પ્રોસીજર, દાંતની ટ્રીટમેન્ટ, વગેરેનો સમાવેશ થાય છે.

બીજા શબ્દોમાં કહીએ તો, રાબેતા મુજબના આરોગ્ય વીમાની જેમ હૉસ્પિટલમાં ૨૪ કલાક રહ્યા વગર ઓપીડી ધોરણે લીધેલી સારવારનો ખર્ચ ઓપીડી કવર હેઠળ ક્લેમ કરી શકાય છે. મોટાભાગની કંપનીઓના આરોગ્ય વીમામાં ઓપીડી કવર વૈકલ્પિક લાભ તરીકે મળે છે, જ્યારે અમુક કંપનીઓની પૉલિસીમાં એ પહેલેથી જ સામેલ હોય છે.

પૈસાની બચતની દૃષ્ટિએ ઓપીડી કવર કેવી રીતે ઉપયોગી થાય છે?

૧) ડોક્ટરની ફીનો ખર્ચ ખીસામાંથી કરવો પડતો નથી:

સામાન્ય આરોગ્ય વીમામાં ઓપીડી સારવાર આવરી લેવાયેલી ન હોય ત્યારે એનો ખર્ચ દરદીએ પોતાના ખીસામાંથી

કરવો પડે છે. આરોગ્ય વીમો લીધા પછી પણ જો એમાં ઓપીડી કવર ન હોય તો ડૉક્ટરની ફીનો ખર્ચ દરદીએ ચૂકવવો પડે છે. ભારતનાં મહાનગરોમાં આ ખર્ચ ઘણો વધી ગયો છે. ઘણી બીમારીમાં નિષ્ણાત ડોક્ટરના કન્સલ્ટેશનની ફીઝ ૧,૫૦૦થી ૨,૦૦૦ રૂપિયા જેટલી હોય છે. ઓપીડી કવર લીધું હોય તો આવી ફીનો ખર્ચ બચી જાય છે.

૨) રોગનિદાન પરીક્ષણોનો ખર્ચ ભોગવવો પડતો નથી:

તંદુરસ્તી ટકાવી રાખવા માટે નિયમિતપણે, ખાસ કરીને અમુક ઉંમર પછી રોગનિદાન માટે, આરોગ્ય પરીક્ષણો

કરાવવાનું સલાહભર્યું હોય છે. વર્તમાન સમયમાં સાધારણ કમ્પ્લટ બ્લડ કાઉન્ટ પરીક્ષણનો ખર્ચ પણ વધતો જાય છે.

વળી, એક્સ-રે, એમઆરઆઈ, સીટી સ્કેન, સોનોગ્રાફી, વગેરે જેવાં પરીક્ષણો પણ ઘણાં ખર્ચાળ હોય છે.

ઉદાહરણ તરીકે , મુંબઈ જેવા મહાનગરમાં રોગનિદાન પરીક્ષણોનો ખર્ચ ૮,૦૦૦થી ૧૦,૦૦૦ રૂપિયા હોય છે.

૩) દવાઓનો ખર્ચ પણ ઓપીડી કવરમાં આવરી લેવામાં આવ્યો હોય છે:

અમુક દવાઓ એટલી મોંઘી હોતી નથી, પરંતુ લાંબો સમય ચાલતી અનેક બીમારીઓની દવા નિયમિતપણે લેવી

પડતી હોય છે અને એનો ખર્ચ પણ વધારે થઈ જાય છે. ડૉક્ટરને બતાવ્યા પછી કોઈ રોગનું નિદાન થાય તો તરત જ દવાઓ લેવાનું પણ શરૂ કરવું પડે છે. ઘણા પરિવારોમાં એક જ વ્યક્તિનો એક મહિનાની દવાનો ખર્ચ ઓછામાં ઓછો ૧,૫૦૦થી ૨,૦૦૦ રૂપિયા જેટલો પણ હોય છે. આરોગ્ય વીમો લીધા પછી પણ ખીસામાંથી ખર્ચ કરવો પડે તો એ વધારે પડતું કહેવાય. આવામાં ઓપીડી કવર ઉપયોગી થાય છે.

૪) રોગનિદાન વેળાસર થઈ જવાનો લાભ:

'પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર' એવું સાચું જ કહેવાયું છે. નિદાન સમયસર થઈ જાય ત્યારે પહેલો લાભ તો એ છે કે રોગ વકરતો અટકી જાય છે. ઘણી બીમારીમાં વેળાસરના નિદાનથી સારવાર વધુ અસરકારક નીવડે છે. જલદી

નિદાન થઈ જવાથી દરદી પૂર્ણપણે સાજો થઈ જવાની શક્યતા વધી જાય છે.

૫) કરવેરાનો લાભ:

આરોગ્ય વીમા પૉલિસી માટે આવક વેરા ધારાની કલમ ૮૦ડી હેઠળ કરકપાત મળે છે. આ જ રીતે ઓપીડી કવર પણ એનો ભાગ હોય તો સ્વાભાવિક છે કે એના માટે પણ કરકપાત મળે. આમ, પૉલિસીધારકને ઓપીડીના ખર્ચની

બચતની સાથે સાથે કરવેરાની બચતનો પણ લાભ મળે છે.

ઓપીડી કવર સાથેનો આરોગ્ય વીમો કોણે લેવો જોઈએ?

ખરું પૂછો તો, ઓપીડી કવર સાથેનો આરોગ્ય વીમો બધાએ ખરીદવો જોઈએ. આમ છતાં, અહીં જણાવ્યા મુજબની વ્યક્તિઓએ તો એ શક્ય તેટલો વહેલો લઈ લેવો જોઈએ.

* મેદસ્વિતા, ડાયાબિટીસ, હાઇપરટેન્શન, વગેરે જેવી બીમારીઓની ફેમિલી હિસ્ટરી ધરાવતા લોકો
* વરિષ્ઠ નાગરિકો
* પોલિસી લેતાં પહેલાં જ અમુક બીમારીઓ ધરાવતા લોકો
* નાનાં બાળકો ધરાવતા પરિવારો
* જેમને આરોગ્યસેવાની વધારે વખત જરૂર પડતી હોય
* જેમની રોગપ્રતિકારકશક્તિ નબળી હોય

ઓપીડી હેલ્થ ઇન્સ્યોરન્સ પ્લાન લેતી વખતે ધ્યાનમાં રાખો…

૧) ઓપીડી કવરેજની યોગ્ય રકમ નક્કી કરો…

ઓપીડી કવરેજ સાથેના આરોગ્ય વીમાનો પ્લાન નક્કી કરતાં પહેલાં તમારા પરિવારનો દર વર્ષનો સરેરાશ ઓપીડી ખર્ચ કેટલો થાય છે એની નોંધ કરી લેવી. આ રીતે ઓપીડી કવરેજની યોગ્ય રકમ નિશ્ચિત કરવાનું સહેલું થશે અને વિનાકારણ વીમાનો વધુ ખર્ચ થતો બચી જશે.

૨) સબ-લિમિટ ક્લોઝ તપાસી લો:

અમુક ઓપીડી પ્લાનમાં નિદાન માટેનાં પરીક્ષણો, ડૉક્ટરની ફી, વગેરે જેવી ઓપીડી સેવાઓ માટેના ખર્ચની મહત્તમ મર્યાદા નક્કી કરનારી સબ-લિમિટ હોય છે. આથી, પ્લાન તમારા ઓપીડીના અંદાજિત ખર્ચને અનુરૂપ છે કે કેમ એ તપાસી લેવું.

૩) નેટવર્ક હૉસ્પિટલની યાદી તપાસી લો:

મોટાભાગની વીમા કંપનીઓ પોતાની નેટવર્ક ક્લિનિક અને હૉસ્પિટલોમાં ઓપીડી સારવાર તથા અન્ય સેવાઓની કેશલેસ સુવિધા ઑફર કરતી હોય છે. તમને માફક આવતી હોય એવી હૉસ્પિટલો અને ડૉક્ટરો જેની યાદીમાં હોય એવી વીમા કંપની પાસેથી ઓપીડી પ્લાન લેવાનું પસંદ કરવું.

૪) વેઇટિંગ પિરિયડ જાણી લો:

કેટલીક પૉલિસીમાં ઓપીડીનો ક્લેમ કરતાં પહેલાં અમુક વેઇટિંગ પિરિયડ પૂરો કરવાનો હોય છે. આથી જેમાં વેઇટિંગ પિરિયડ ઓછો હોય અથવા ન હોય એવી જ પૉલિસી લેવાનું વિચારવું, જેથી વખત આવ્યે પોતાના ખીસામાંથી ખર્ચ કરવો ન પડે.

૫) લાભ અને ખર્ચનું સંતુલન રાખો:

અનેક કંપનીઓના ઓપીડી પ્લાનની તુલના કરો અને જેમાં ઓછા ખર્ચે મહત્તમ લાભ મળતો હોય એવી જ પૉલિસી પસંદ કરો. જરૂરત કરતાં વધુ કવરનો ઓપીડી પ્લાન લેવાનું પણ ટાળવું, કારણ કે એમાં વધુ પ્રીમિયમનો નકામો ખર્ચ થઈ શકે છે. આમ, ઓપીડી પ્લાન અગત્યનો હોવા છતાં પોતાના પરિવારની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને ખપપૂરતું કવરેજ ધરાવતો પ્લાન નક્કી કરવો. ■

# આ યોગાસનો પાચન સંબંધિત સમસ્યામાં લાભદાયી છે

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

બદલાયેલી લાઇફસ્ટાઇલ, વધતા આધુનિકીકરણ અને કાર્યસ્થળ પર બેઠાડુ જીવન શૈલીના કારણે અનેક રોગ ઘર કરી જાય છે. તેમાંનો એક દૈનિક જીવનમાં સતાવતો રોગ એટલે પાચનની સમસ્યા. પહેલા મોટી ઉંમરે સતાવતી સમસ્યા હવે બાળકોથી લઈને કોઈ પણ ઉંમરમાં જોવા મળે છે. તેના માટે ફાકીથી લઈને દવાઓ સુધી ઉપચાર તો લોકો કરે છે, પણ જો તેની સાથે અમુક પ્રકારના યોગ આસનનો પણ અજમાવવામાં આવે તો લાંબે ગાળે ઘણો ફાયદો થાય છે.

ચાલો, જાણીએ એવાં કેટલાંક સરળ આસન, જે પાચન સંબંધી તકલીફોમાં રાહત આપી શકે,જેમકે ....

### પવન મુક્તાસન



નામ સૂચવે છે તેમ પેટમાં થયેલા ગેસનો ભરાવો મુક્ત કરવા આ આસન ઉપયોગી છે. આ આસન પેટ, નિતંબ, જાંઘ અને કુલ્હાને આરામ આપે છે. આંતરડાને આરામ આપવાથી, તમને ગેસ દૂર કરવામાં મદદ મળી શકે છે અને બાથરૂમ જવાનું સરળ બને છે. આ આસન કરવાથી પેટનું ફૂલવું અને ફસાયેલા ગેસને સંકોચન અને મુક્તિ દ્વારા દૂર કરવામાં પણ મદદ મળી શકે છે.

તમારી પીઠ પર સૂઈ જાઓ પછી તમારા ઘૂંટણને વાળો અને તમારા પગને ૯૦ ડિગ્રી પર લાવો. હાથને તમારી પિંડીની આસપાસ એવી રીતે વીંટાળી દો, જેથી પગનું દબાણ પેટ પર આવે. શ્વાસ ચાલુ રાખો અને તમારા પેટને વિસ્તૃત કરો.

શ્વાસ બહાર કાઢો, જેથી પેટ અંદર જાય અને ફરી તમારા પગ પેટ તરફ દબાય. ૩ થી ૪ મિનિટ આ રીતે કરતા રહો અને પછી હાથની સાંકળી છોડીને પગને ફરી સીધા જમીન પર ધીમે ધીમે મૂકી દો.

### પાદ હસ્તાસન

આ આસન ઊભા રહીને કરવાનું છે. પાદ હસ્તાસન પાચન અંગોને સંકુચિત કરે છે અને પરિભ્રમણને ઉત્તેજિત કરે છે જે પાચન ક્રિયા વધારવામાં મદદ કરે છે.



ઊભા રહેવાની સ્થિતિમાં તમારા પગ એવી રીતે રાખો, જેથી બે પગ વચ્ચે થોડું અંતર રહે; બંને હાથને શરીરની સીધમાં ઉપર લઇ જાઓ. એક ઊંડો શ્વાસ લઈને, શ્વાસ છોડતા છોડતા કમરથી શરીરને આગળની તરફ વાળો તમારા હાથના પંજા જમીનને સ્પર્શ કરાવવાની કોશિશ કરો.

સામાન્ય રીતે હાથ પગના સમાંતરે રહે તે મુજબ આસન થાય છે.

તમારી ક્ષમતા હોય તેટલું જ વળવું. જો હાથ જમીનને ન સ્પર્શે તો પગ સુધી કે પિંડી સુધી જ્યાં પહોંચે ત્યાં સ્પર્શ કરો.

આ આસન કરતી વખતે તમારા પેટ તરફ ધ્યાન આપો અને શ્વાસોચ્છવાસ ચાલુ રાખો.

૨ થી ૩ મિનિટ આસનની સ્થિતિમાં રહો. પછી ધીમે ધીમે શ્વસ લેતા લેતા ફરીથી હાથને ઉપર તરફ લઇ જતા શરીરને પણ ઉપર લઇ આવો.

### પશ્ચિમોત્તાસન



આ આસન પાદ હસ્તાસન જેવું જ છે, પણ તે બેઠેલી સ્થિતિમાં કરવાનું છે. આ આસન પેટનું ફૂલવું ઘટાડવામાં અને પાચન સુધારવામાં મદદ કરી શકે છે. આ ઉપરાંત, તે શરીરની ચેતાને શાંત કરવામાં અને માનસિક ચિંતા ઘટાડવામાં મદદ કરી શકે છે.

આસન કરવા પગને આગળ તરફ લાંબા કરીને બેસો.

પછી બંને હાથને શ્વાસ લેતા લેતા શરીરની સીધમાં માથા તરફ ઉપર લઇ જાઓ.

હવે હાથોને સીધા રાખીને કમરથી શરીરને પગ તરફ વાળો અને બંને હાથોથી પગના તળિયા પકડવાની કોશિશ કરો.

હાથ જેટલા આગળ લઇ શકો તેટલા જ કરવા. તળિયા સુધી ન પહોંચે તો પગના ઉપરના ભાગને પકડવા કોશિશ કરો.

માથું પગ ઉપર ટેકવી દેવું. જો એટલું ન ઝૂકી શકાય તો જેટલું નીચે જઈ શકાય તેટલું જવું જેથી પેટ ઉપર દબાણનો અનુભવ થાય.

આસન દરમિયાન શ્વાસોચ્છવાસ ચાલુ રાખવા. ૨ થી ૩ મિનિટ આસનની સ્થિતિમાં રહો. પછી ધીમે ધીમે શ્વસ લેતા લેતા ફરીથી હાથને ઉપર તરફ લઇ જતા શરીરને પણ ઉપર લઇ આવો.

### વજ્રાસન



આ આસન બહુ સરળ છે. વજ્રાસન પાચનમાં સુધારો કરવામાં અને પેટમાં ગેસ ઘટાડવામાં મદદ કરી શકે છે. તે તમારા પેટના સ્નાયુઓને મજબૂત બનાવવામાં પણ મદદ કરે છે.

તમારા ઘૂંટણને વાળીને ઘૂંટણિયે બેસો.

તમારા પગને હિપ્સ કરતાં થોડા પહોળા કરીને, એકબીજાથી અલગ કરો, તમારા પગના તળિયા આકાશ તરફ રહે તેવી રીતે પગ પાછળની તરફ વળેલા હોવા જોઈએ.

તમને વધુ સમય આ રીતે બેસવામાં કષ્ટ હોય તો પગની ઘૂંટી નીચે ટુવાલ કે કોઈ નરમ કપડું રાખવું જેથી તેના પર દબાણ ન આવે.


પીઠ અને ગરદન સીધા રાખીને બેસો. ખભા પણ ઢીલા મૂકી દો, અને હાથ ને જાંઘ ઉપર સરળતાથી રહેવા દો.

આ વિવિધ આસન ઉપરાંત, ભુજંગાસન અને અર્ધ મત્સ્યેન્દ્રાસન પણ ઉપયોગી સાબિત થાય છે.

ધ્યાન રાખો કે જો તમને કમરની, પીઠની કે ગરદનની સમસ્યાઓ હોય, કે ઘૂંટણને લગતી સમસ્યા હોય તો નિષ્ણાતની સલાહ લઈને જ આસનો કરવા હિતકર છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# મસાલાના ડબ્બામાં સદાય હાથવગા મળતા જીરામાં છે ગજબના ગુણો



ભારતીય ઘરનાં રસોડામાં સવાર-સાંજ મઘમઘતી મહેક સદાય પ્રસરતી રહે છે. જેને કારણે થાકી-પાકીને ઘરે આવ્યા બાદ નાના-મોટા સૌનો એક સમાન પ્રશ્ન સાંભળવા મળે છે. આજે ભોજનમાં શું બનાવ્યું છે? માન્યું કે બહારના ભોજનનો ચટાકો આજે વારંવાર માણવામાં આવે છે. તેમ છતાં હજી આંગળીને વેઢે ગણી શકાય તેનાથી અનેક ગણા વધુ રસોડાનો ઉપયોગ રોજબરોજની રસોઈ માટે થાય છે. જ્યાં ઘરના ભોજનનો સ્વાદ માણીને કુટુંબીજનો આંગળા ચાટતાં થઈ જાય છે.

કેમ કે રસોડામાં બનતી વિવિધ વાનગીને સ્વાદિષ્ટ બનાવવા નિઃસ્વાર્થ પ્રેમ સમાયેલો હોય છે. વળી રસોડાની શાન ગણાતા મસાલાના ઉપયોગ કુટુંબના તમામ સભ્યોના સ્વાસ્થ્યની કાળજી સાથે કરવામાં આવે છે. ગૃહિણીને માટે સ્વાદસભર-સ્વાસ્થ્યવર્ધક ભોજન પકાવવાનું કામ રોજ નવી કસોટી સમાન છે. માની લો કે ઘરમાં ૬ સભ્યો છે. બધાના સ્વાદ -પસંદ અલગ હોય છે. તેમ છતાં ભોજનને એટલી કાળજીપૂર્વક બનાવવામાં આવતું હોય છે કે બધાને તે સ્વાદિષ્ટ લાગે. સ્વાદિષ્ટ ભોજન ભાણામાં પીરસાય તેમાં મસાલાનો ચોક્કસ માત્રામાં ઉપયોગ જ ગૃહિણીને 'પાકશાસ્ત્રની રાણી' બનાવે છે.

તો ચાલો મસાલાના ડબ્બામાં આગવું સ્થાન મેળવનાર 'જીરા'ના ગજબના ગુણો વિશે જાણકારી મેળવી લઈએ.

હવેથી વાનગીમાં જીરું દેખાય તો તેના ગુણોને યાદ કરીને તેની લહેજત માણજો. સાથે સાથે રસોઈના વખાણ કરીને બે મીઠા વહેણ અચૂક કહેજો. કેમ કે પ્રત્યેક વ્યક્તિને તેના કામની કદર તથા પ્રોત્સાહન મળે તે પસંદ હોય છે. તમારા ફક્ત બે મીઠા વેણ તેને બીજા દિવસની રસોઈ બનાવતી વખતે બમણું પ્રોત્સાહન પૂરું પાડે છે.

રોજબરોજની વાનગીની સાથે ફરાળની વાનગીમાં ખાસ વપરાતાં જીરાના સ્વાસ્થ્યવર્ધક ગુણો જાણી લઈએ : જીરું ત્રણ પ્રકારનું જોવા મળે છે. પ્રથમ કાળું જીરું, સફેદ જીરું, જંગલી જીરુ કે અરણ્ય જીરું. સફેદ જીરાથી આપણે બધા પરિચિત છીએ કેમ કે તેનો ઉપયોગ મોટે ભાગે મસાલામાં થતો હોય છે. કૃષ્ણ જીરું કે કાળું જીરું દેખાવમાં સફેદ જીરા જેવું જ લાગે છે. કૃષ્ણ જીરું સફેદ જીરાની સરખામણીમાં ભાવમાં થોડું મોંઘું હોય છે. તેના ફૂલ સફેદ રંગનાં તથા ઝૂમખામાં ઊગે છે. સૂકાઈ ગયા બાદ તેમાંથી જીરું નીકળે છે. જીરાનો છોડ ૬૦-૯૦ સે.મી ઊંચો તથા સીધો ઊગે છે. જીરાના છોડમાં ફૂલ તથા ફળ જૂન ઑગસ્ટ માસમાં આવે છે.

જીરાને ભારતીય વિવિધ ભાષામાં અલગ આલગ નામે ઓળખવામાં આવે છે. જેમ કે હિન્દીમાં જીરા કે સફેદ જીરા, બંગાળીમાં સાદા જીરે, કન્નડમાં જિરિગે કે વિલિયે જિરીગે, તેલુગુમાં જિલકારા કે જીલ કરર, તમિળમાં શીરાગમ, કે શીરુગમ, મલયાલમમાં જીરાકામ અંગ્રેજીમાં ક્યુમિન કે કૉમન કારાવે, ઉર્દૂમાં જીરાહ તરીકે ઓળખાય છે. કાળા જીરાને સંસ્કૃતમાં કૃષ્ણ જીરું, ગુજરાતીમાં શાહજીરુ, પંજાબીમાં જીરાસીયાહ મરાઠીમાં જીરાગિરે કહેવામાં આવે છે.

જીરું ઔષધીય ગુણોથી ભરપૂર ગણાય છે. જીરામાં આયર્ન, કૉપર, કેલ્શિયમ, ઝિંક પોટેશ્યિમ, ફોસ્ફરસ જેવાં વિવિધ પોષક તત્ત્વો સમાયેલાં છે. જીરામાં વિટામિન બી-૧૨ની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી જોવા મળે છે. જીરાનો ઉપયોગ મુખ્યત્વે વઘારમાં તથા શેકીને તેનો પાઉડર બનાવીને કરવામાં આવે છે. વરસાદી મોસમમાં જીરાનું પાણી ગેસ-અપચા માટે ગુણકારી ગણાય છે. શેકેલાં જીરાનો પાઉડર સ્વાદમાં ઉત્તમ લાગે છે. તેનો ઉપયોગ મુખ્યત્વે સલાડ, ચાટ, છાસ, રાયતામાં કરવામાં આવે છે.

**સોજાને ઘટાડવામાં ગુણકારી :** મોસમમાં બદલાવની સાથે ભોજનમાં અનિયમિતતાને કારણે અનેક વ્યક્તિને હાથ-પગ-ચહેરાં ઉપર સોજા આવી જાય છે. જેને લીધે શરીરમાં ધીમું કળતર થાય છે. ક્યારેક ત્વચા ખેંચાય છે. આવા સંજોગોમાં જીરાનો ઉપયોગ ગુણકારી બની રહે છે. કેમ કે જીરામાં વિટામિન એ, વિટામિન સી, કૉપર, ઍન્ટિ- ઓક્સિડન્ટ, ઍન્ટિ-ઈન્ફલેમેટરી ગુણો સમાયેલાં છે. જે શરીરને સોજાની સમસ્યાથી બચાવે છે. ૧ લિટર પાણીમાં ૨ ચમચી જીરું નાખીને ઉકાળી લેવું. ઠંડું થાય ત્યારબાદ પાણીમાં લીંબુ તથા સ્વાદ માટે સંચળ ઉમેરીને પીવાથી શરીરમાં રહેલાં પિત્તને બહાર કાઢવામાં મદદ કરે છે.

**અનિદ્રામાં લાભકારી :** જીરામાં સમાયેલાં ગુણને કારણે તેનો ઉપયોગ યોગ્ય માત્રામાં કરવાથી અનિદ્રાની સમસ્યા હોય તેમને લાભ થાય છે. કેમ કે જીરાના પાણીમાં મેલાટોનિન હોય છે. જે ગાઢ ઊંઘ લાવવામાં મદદ કરે છે.

**ત્વચાને ચમકદાર બનાવે છે :** જીરામાં ઍન્ટિ-ઑક્સિડન્ટની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જે ત્વચાને સૂર્ય કિરણો તથા પ્રદૂષણને કારણે થતાં નુકસાનથી બચાવવામાં મદદ કરે છે. ત્વચા બરછટ થઈ હોય કે ત્વચા ઉપર કાળા ડાઘ પડી ગયા હોય ત્યારે જીરાનું તેલ ત્વચા ઉપર લગાવવાથી ફાયદો થાય છે. જીરાનો આહારમાં ઉપયોગ વિવિધ રીતે કરવો આવશ્યક બની જાય છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી :** જીરામાં ફાઈબરનું પ્રમાણ ભરપૂર હોય છે. જેને કારણે લાંબા સમય સુધી પેટ ભરાયેલું લાગે છે. જીરાનું પાણી પાચનક્રિયાને સુધારવામાં મદદ કરે છે. જીરાનું પાણી ભોજન પહેલાં પીવાથી લાભ મળે છે. શેકેલાં જીરાના પાઉડરને સલાડમાં તથા દહીં-છાસમાં પ્રમાણભાન રાખીને ઉપયોગ કરવાથી લાભ મળે છે.

**ડાયાબિટીસમાં ગુણકારી :** જીરાનું સેવન કરવાથી લોહીમાં શર્કરાની માત્રાને નિયંત્રિત કરી શકાય છે. શરીરમાં ઈન્સ્યુલિનની સંવેદનશીલતાને વધારવામાં મદદ કરે છે. નિષ્ણાત વૈદ્યકીય સારવારમાં જીરાનું સેવન ડાયાબિટીસના દર્દીઓ માટે ગુણકારી ગણાય છે તેવી માન્યતા છે.

**એનિમિયાની સમસ્યાથી બચાવે છે :** જીરામાં ભરપૂર માત્રામાં આયર્ન સમાયેલું હોય છે. આયર્ન -લોહીમાં હિમોગ્લોબિનને વધારવામાં મદદ કરે છે. માસિક ધર્મને કારણે સ્ત્રીના શરીરમાં આયર્નની ઊણપ જોવા મળે છે. તે ઊણપને દૂર કરવા જીરાનો ઉપયોગ કરવો આવશ્યક છે.

**પાચનક્રિયાને સુધારવામાં ગુણકારી :** પાચનતંત્રને મજબૂત કરવા માટે જીરાનો ઉપયોગ અકસીર ગણાય છે. કેમ કે બીજમાં થાઈમોલ નામક કમ્પાઉન્ડ સમાયેલું છે. જે પાચનતંત્રની લાળગ્રંથીને ઉત્તેજિત કરે છે. પાચનતંત્રને સુધારવા માટે જીરાનો પાઉડર ગરમ પાણીમાં ઉકાળીને પીવાથી ફાયદાકારક ગણાય છે.

## જીરાના વિવિધ ઉપયોગ :

ભાત બનાવીને તેમાં ઘીમાં તતડાવેલું જીરુ કોથમીર સાથે ભેળવવું. જીરા રાઈસ નાના મોટા બધા જ હોંશે હોંશે આરોગશે. બીરિયાનીમાં જીરાનો વઘારમાં ઉપયોગ ખાસ કરવામાં આવે છે. દાળમાં વઘાર કરતી વખતે..... ઘીમાં જીરું તતડાવીને દાળમાં ઉપરથી રેડવાથી દાળ વધુ સ્વાદિષ્ટ બને છે. સલાડમાં વાટેલાં મરીના પાઉડર સાથે શેકેલાં જીરાનો પાઉડર ભભરાવીને ઉપયોગ કરી શકાય છે. છાસ કે દહીંમાં જીરાનો પાઉડર ઉપયોગી છે. જીરાને શેકીને તેનો પાઉડર તાજા સૂપ કે શરબતમાં સ્વાદિષ્ટ લાગે છે. ચાટ કે દહીંવડામાં શેકેલા જીરાનો પાઉડર ખાસ ઉપયોગમાં લેવામાં આવે છે.

પરાઠા, ભાખરી કે પૂરી બનાવતી વખતે શેકેલા જીરાને લોટમાં ભેળવવાથી તે સ્વાદિષ્ટ બને છે. ભારતીય રસોડામાં બનતા મોટા ભાગના શાકમાં જીરાનો ખાસ વઘારમાં ઉપયોગ કરવામાં આવે છે. જીરાનો ઉપયોગ ખાસ ઠંડી-ઠંડી મસાલા સોડામાં કરવામાં આવે છે.



### જીરું પાણી (૫ વ્યક્તિ માટે )

**સામગ્રી :** ૨ લિટર પાણી, ૪ ચમચી જીરુ, ૨ ચમચી મધ, ૩ ચમચી લીંબુનો રસ, ૧ નાની ચમચી સંચળ, ૧૦ નંગ ફૂદીનાના પાન.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ૨ લિટર પાણીને ગરમ કરવા મૂકવું. તેમાં ૪ ચમચી જીરું ઉમેરવું. પાણી ઉકળવા લાગે ત્યારબાદ ગેસ બંધ કરીને થોડો સમય ઢાંકીને રાખવું. પાણી થોડું હૂંફાળું રહે એટલે તેમાં લીંબુનો રસ, સ્વાદાનુસાર સંચળ પાઉડર તથા મધ ભેળવીને હલાવી લેવું. કુટુંબના પ્રત્યેક સભ્ય માટે ગ્લાસમાં પાણી કાઢીને ઉપરથી ફુદીનો હાથેથી કાપીને ગોઠવવો. વહેલી સવારે ભૂખ્યા પેટે જીરું પાણી પીવાથી પાચનક્રિયા મજબૂત બને છે. રોગપ્રતિકારક શક્તિ વધે છે. વજન ઘટે છે. ભોજન બાદ વારંવાર આફરો ચડી જવાની તકલીફથી રાહત મેળવી શકાય છે. ■

---

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# સા-રે-ગ-મ આ ગયા તો સારે ગમ દૂર હો ગયા




આ પૃથ્વી પર જેવુ મારુ આગમન થયું ને તુર્ત જ રડ્યો. શું કામ? અલ્યા ભાઇ, ઈશ્વર જેવો ઈશ્વર થઈને આપણને એનાથી રેઢો મૂકી દે ને આ સાવ અજાણ્યા પ્રદેશમાં અજાણ્યા સંબધોની જાળમાં ફસાવે તો આપણી હટી ન જાય? એમાં બાથરૂમ સિંગર આ મારા બાપુનો સંગીતમય આત્મા મને રડતો જોઈ પોકારી ઉઠ્યો : 'વાહ શું સંગીતમય રુદન! હવે રાત્રે રડતાં શ્વાનનો સૂર બંધ થઈ જશે તો પણ મને એની ખોટ નઇ સાલે ને યોગાનુંયોગ કે બંને કાળી બે થી જ રડે છે(સૂરનો પ્રકાર).. વાહ કેવું સુરમય રુદન...'

મારી હટી તો ગઈ, પણ ચાર વર્ષ પછી. કેમ કે ચાર વર્ષે કૂતરો જોયો પછી ખબર પડી કે બાપુએ મને કોની સાથે સરખાવેલો.ખેર, જવા દો જૂનો કેસ શું કામ ઉખેડવો ને એ પણ સગા બાપુજી સામે?

હવે મને વાંધો એ પડ્યો કે મારા કોઈપણ વાંક વગર બાપુજી મને ગાયક બનાવવાના રવાડે ચડયા. શરીરમાં મન્નાડેનો આત્મા પ્રવેશ્યો ને ઉપાડ્યું 'મેરા નામ કરેગા રોશન જગમે મેરા રાજ દુલારા...' પણ હું સમજણો થયો ને બાપુને સમજાવવા લાગ્યો :

'જુઓ મિસ્ટર બાપુજી, ખોટી જીદ ન કરો, ગાવામાં મારી ચાંચ... સોરી, મારા હોઠ ન ડૂબે, તમે કેહેશો તો આપણા જ ઘરમાં VRS આઇ મીન 'વાસણ, રસોઈ, સફાઇ' કરીશ પણ ગાયક તરીકે...'

'અરે, સંગીતની દુનિયામાં હું આપણા તરફથી જગતને યોગદાન આપવા માગું છુ'

'પ્લીઝ બાપુ, તમે કહેશો તો રક્તદાનનું યોગદાન આપીશ પણ સંગીત....'

'અરે, બેટા સાચો સંગી સંગીત જ છે'

'તો આપી દો બાને છૂટાછેડા અથવા મુકી દો વૃદ્ધાશ્રમમાં' મારી ખચકી :

'અલ્યા બાપુ મને એમાં જ્યુસ તો પડવો જોઈએ ને?'

'જ્યુસ?' બાપુના ચહેરા પર નાક જેવુ પ્રશ્નાર્થ સર્જાયું

'જ્યુસ એટલે રસ, રિયલી બાપુ, તમારામાં આ ઉંમરે પણ બુદ્ધિ રિપેરીંગનો ખર્ચો છે,ગાવામાં મારું મન માનતુ નથી'

'શું થયું?' બાનો પ્રવેશ થયો :

'શેનો વિવાદ ચાલે છે?'

'સમજાવ બા સમજાવ,તારા પતિ-કમ મારા બાપુજીને સમજાવ, સાલુ આવા તો કોઈના બાપુ હોતા હશે? આ તો બાપુ છે કે બહારવટિયા? મને પરાણે ગાયક બનાવવાના અભરખા જાગ્યા છે અને..'

'હા, જાગ્યા એટલે જાગ્યા એ પાછા સૂઈ નઇ જાય, સમજ્યો?'

બાપુ ભડક્યા 'પ્લીઝ , તમે જુલમ ન કરો... જુઓ, આ જેઠ મહિનામાં પણ બિચારાની આંખમાં શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યા' બા એ મારી સાઇડ લીધી

'તો? તારી આંખોમાં મોતિયો ન આવ્યો હોય તો મારી આંખોમાં જો -કારતક માગશર કે પોષ મહા વહે છે? અરે, એની આંખોમાં ઝળઝળિયા આવતા હોય તો રાગ યમનમાં 'મેરે નૈના સાવન ભાદો ગાવું જોઈએ...'

'અરે, ગુસ્સામાં રાગ યમનને બદલે વૈરાગ લઇ લેશે તો દીકરો ખોઈ બેસશુ' બા તો ભડક્યાં :

'ટ્રાય કરી જોરથી ગાશે ને સ્વર પેટી બહાર આવી જશે ને મુખ પરના સ્નાયુ તરડાઈ ગયા ને લકવો પડી જશે તો આખી જિંદગી આપણે ગાવું પડશે 'મેરે નૈના સાવન ભાદોં...'

'અરે બેટા' બાપુ બોલ્યા 'મારી ટાલ પર વરસાદના ટીપાં પડે તો કોઈ તબલાવાદક તબલા પર થાપ મારતો હોય એવી અનુભૂતિ કરુ ,ને તું થોડી મહેનત કરી ગાયક બનવાની ના ...'

'અરે પણ એને રસ નથી તો મજબૂર શું કામ કરો છો?

'બિચારાની આંખમાંથી ચોમાસું જતું જ નથી, યુ નો? આભમાંથી વરસતા વરસાદની સિઝન હોય છે પણ આંખમાંથી વરસતા વરસાદની સિઝન નથી...પ્લીઝ' બાએ કહ્યું 'નો પ્લીઝ... રોજ રિવાજ કરવાથી... સોરી રિયાઝ કરવાથી તાનસેનથી પણ આગળ નીકળી જવાય અને સંગીત તો જીવતરને જાગતું રાખે... સમજી?'

'પણ એને જાગતું નથી રાખવુ ભલે સૂતો' બા બોલ્યાંઃ

'સાલુ, તમે મુકેશનાં ગીતો રફીના વોઇસમાં, રફીના ગીતો મન્નાડેના અવાજમાં ગાઓ છો. મોટું મન રાખી અત્યાર સુધી સહન કર્યું એટલે? આ ત્રણે હયાત હોત તો એમની સાથે જ મોકલી દિધા હોત... બેટા, ઘરમાં કંકાશ ન થાય એટલે એમનું માન રાખવા એમની ઈચ્છાને માન... ગમેતેમ તોય તારા બાપુ છે.'

'ધિસ ઈઝ લુખ્ખી દાદાગીરી બા, બાળક હોઈએ ત્યારે મા- બાપનું માનવાનુ, જુવાનીમાં વાઈફનુ માનવાનુ, બુઢાપામાં દીકરાઓની ઈચ્છા પ્રમાણે ... સાલું , જિંદગીમાં મારી ઈચ્છા પ્રમાણે ક્યારે જીવવાનુ?'

'જો બેટા, હું ગાયક ન બન્યો એટલે જગતને એક ગાયક ઓછો મળ્યો તો એ ખોટ પૂરી કરવાની તારી ફરજ નથી? અને સંગીત શક્તિ હૈ ... અરે બેટા , જિસકો સંગીતકા સા-રે-ગ-મ આ ગયા સમજો ઉસકા સારે-ગમ દૂર હો ગયા'

'અરે બાપુજી, અગર હર સ્વરમે બસા હૈ રામ તો ફીર ગમ કિસ બાતકા..! '

'અરે, પણ એક વાત યાદ રાખ બેટા જીવનમાં ને સંગીતમાં કોઈની સાથે સૂર મેળવતા આવડી જાય તો જીવતર સફળ પણ આપણે તો જ્યાં તારો ને મારો જ સૂર નથી મળતો તો દુનિયા સાથે તો..'

'તો બાપુ તમે જાણી લો આપે મને જન્મ આપ્યો છે. તમે છો તો હું છું. તમારી ઈચ્છા છે ને કે હું ગાયક બનું તો તમને કે બા ને મારાથી નારાજ ન કરાય હવેથી હું બોલીશ સૂરમાં, ચાલીશ સૂરમાં,વિચારીશ પણ સૂરમાં'

'અરે સુભાષની બા, સાંભળ્યું તે? તારા જેવા સૂરના અસુર સાથે આટલા વર્ષો સુધી સૂર મેળવ્યા પણ આજે દીકરો...'

'પણ બાપુ, મારી એક શરત. તમારે આજે બેસુરા અવાજે પણ ગાવું પડશે... પ્લીઝ'

અને બાપુજીએ બેસૂરું ઉપાડ્યું 'મિલે મેરા તુમ્હારા તો સૂર બને હમારા'

ત્રણે હસીને એકબીજાને વળગી પડ્યા...

શું કહો છો? ■

---

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# ક્રોમિયમ ખનિજ કેટલુ મહત્ત્વનું?




શરીરના ખનિજ તત્ત્વ એ એવા પોષકતત્ત્વ છે જે શરીરના સમુચિત વિકાસ અને કામકાજ માટે આવશ્કય હોય છે. ઘણાં ખનિજ તત્ત્વ બહુ જ ઓછા પ્રમાણમાં આવશ્યક હોય છે. છતાં પણ તે શરીરને સામાન્ય રૂપથી વિકસિત કરવા સ્વસ્થ કામ કરવા માટે જરૂરી છે. એવું એક ખનિજ તત્ત્વ ક્રોમિયમ છે જે એક ટ્રેસ ખનિજ છે જેના વિષે વ્યક્તિઓ અજાણ છે. યોગ્ય તંત્રની કામગીરીમાં તે નાના પ્રમાણમાં શરીર દ્વારા જરૂરી ટ્રેસ ખનિજ છે.

ક્રોમિયમ કુદરતી રીતે હાજર હોય છે. ઓગણીસથી પચ્ચાસ વર્ષની વયે (પુરુષ) પાંત્રીસ માઈક્રોગ્રામ અને સ્ત્રીઓમાં પચ્ચીસ માઈક્રોગ્રામની જરૂર છે ક્રોમિયમ ઘણા ખાદ્ય પદાર્થોમાં મળે છે. પણ માત્રા ઓછી છે તેથી શરીરમાંનું ક્રોમિયમ સુરક્ષિત રહે તે જરૂરી છે.

ક્રોમિયમ એક ખનિજ જેનો આપણાં શરીરમાં સામાન્ય શારીરિક કાર્યો જેમ કે ભોજન પચાવવા, શરીરને રક્ત ખાંડના સ્તરને સંતુલિત કરવા, રક્તવાહિની તંદુરસ્તી માટે, રંગ સૂત્રોનું રક્ષણ માટે વજનનું વ્યવસ્થાપન જાળવવા, મગજના આરોગ્ય સુધારવા માટે જરૂરી છે. જીભનો સ્વાદ બગડવો. શરીરની રક્ત ખાંડ (સુગર) સ્તર ન જળવાય તો ડાયાબિટીસ પણ નિયંત્રણ રહેતું નથી. ઈન્સ્યુલિનની ઓછપ વધતી જાય છે જેથી શરીર અન્ય નુકસાન ભોગવે છે. જેમ કે વજન વધી જવું અથવા ઘટી જવું. એનિમિયા પણ થાય છે.

રક્તવાહિનીની તંદુરસ્તી બગડતા શરીરમાં દુખાવા થાય છે. વેરીકોન્ડવેન થવાનો સંભવ વધી જાય છે. ચાલવું મુશ્કેલ બને છે. આંખોની રક્તવાહિનીઓમાં સોજા આવી શકે. ગ્લુકોમાની શક્યતા વધી જાય. રંગ સૂત્રો પર અસર થતાં પ્રજનનમાં તકલીફ થાય, બાળક ખોડખાપણવાળું જન્મે છે. શરીરનો રંગ ફીકો પડી જાય. શરીર સુસ્ત રહે છે. જીભનો સ્વાદ બગડી જાય છે.

વજનનું વ્યવસ્થાપન ન જળવાય તો શરીર બેડોળ જેવું થાય છે. અમુક ભાગોમાં ચરબી વધી જાય છે. સાથળમાં ચરબી વધતાં સેન્ટ્રલ ઑફ ગ્રેવિટી હટી જાય છે અને કોઈ એક પગ પર ભાર આવતાં ત્યાં દુખાવો વધી જાય છે.

મગજનું સ્વાસ્થ્ય ખોરવાતા અલ્ઝાઇમર જેવી બીમારી થાય છે. સતત માથા પર ભાર લાગે છે. શરીરના ભાગો જેવા કે હાથ પગ પર ધ્રૂજારી થાય છે. કંપવાતનો જન્મ થાય છે.

ક્રોમિયમની ઓછપનાં બાહ્ય કારણોમાં ધ્રૂમ્રપાન કરવું અથવા જ્યાં ધ્રૂમ્રપાન (બીડી, સિગારેટના ધુમાડા) વધુ થતું હોય તેવા એરિયામાં રહેવું, દારૂનું સેવન કરવું, આલ્કોહોલયુક્ત પીણાં જેવાં કે હેલ્થ ડ્રિંક, ડબ્બામાં મળતા જ્યુસ તેમજ આલ્કોહોલયુક્ત બનતી દવાઓ. આલ્કોહોલયુક્ત ખાદ્યપદાર્થ જેમ કે આઈસક્રીમ, કેક, કુકીજીના સેવનથી ક્રોમિયમ ખનિજની ઓછપ થાય છે. આ કારણોને લીધે કેલ્શિયમની પણ ઓછપ થાય જેથી હાડકાંને નુકસાન થાય છે. વાળ અને નખ પર અસર થાય છે. કેલ્શિયમ દવાઓનું સેવન કરવાથી ક્રોમિયમનું અવશોષણ થતું નથી. કારણ એન્ટિસિડ જેવી દવાઓમાં કેલ્શિયમ કાર્બોનેટ હોય છે જે ઘાતક છે જેથી હાડકાઓની મુશ્કેલી વધી જાય છે.

પ્રાકૃતિક રીતે ક્રોમિયમ શરીરમાં મળવું જોઈએ. આની ઓછપ માટે ખોરાક પર ધ્યાન આપવું જરૂરી છે. અખાદ્ય પદાર્થોના સેવન કે કેફેનના સેવનના કારણે ખોરવાય છે. ઓછપને દૂર કરવા જો સપ્લીમેન્ટ લેવામાં આવે તો આના ઘણાં નુકસાન છે. પેટની સમસ્યાઓ વધે છે. રક્ત સુગર ઓછી થાય (હાઈપોગ્લાઈસેમિયા) થાય છે. લીવર, કિડની પર અસર થાય છે. હૃદયનો તાલ કે લય અનિયમિત થાય છે.

કેલ્શિયમ કાર્બોનેટના વપરાશથી બનતાં ખાદ્ય પદાર્થ પણ ક્રોમિયમ ખનિજનું અવશોષણ અટકાવે છે. જેમ કે હાફુસ કેરીને પકવવા આનો વપરાશ થાય છે. દવાઓમાં આનો વપરાશ થાય છે. જેથી પેટની બીમારીઓ થાય છે. અચાનક શરીરમાં કેલ્શિયમનું પ્રમાણ વધી જતાં પથરી થવાનો સંભવ રહે છે. હાર્ટબન થાય છે. શરીરમાં એસિડ વધતા એસિડિટી વધી જાય છે. કિડની પર માઠી અસર થાય છે. ખાતર બનાવવા માટે પણ કેલ્શિયમ કાર્બોનેટ ઉપયોગ થાય છે જે આપણું દુર્ભાગ્ય છે.

પ્રાકૃતિક રીતે આનું સંતુલન જાળવવા માટે આહારમાં બ્રોકલીનો વપરાશ કરવો. જેમાં બાવિસ માઈક્રોગ્રામ જેટલું ક્રોમિયમ મળી રહે છે. યીસ્ટનો ઉપયોગ કરવો જેમ કે ડ્રાય યીસ્ટ રોટલીના લોટમાં નાખી શકાય છે. મકાઈ, બીટ, સરગવાની સિંગ, વટાણા, કોબી, ફલાવર, બટાટા, ભીંડા, પાલક, અરવી, જુવાર, રાજમા, ફણગાવેલી મગફળી (શિંગ), નારિયેળના દૂધમાં, સફરજન, દાડમ, કાજુ વગેરેમાં ક્રોમિયમ મળી રહે છે.

કુદરતનો માનવજાતને એક યશસ્વી વારસો મળ્યો છે. બજારુ ભોજન, અખાદ્ય પદાર્થો, કારણ વગરના પીણાં, ચહા, કોફી, કોલ્ડડ્રિંક શરબતો (શરબત ડામરમાંથી બને છે), ટાઈમ વગરનું જમવું વગેરે બાબતોને કારણે શરીરની ધાતુઓ કે વિટામિન્સ ખોરવાય છે. પ્રાકૃતિક ખજાનો જાળવવાનો સમય છે નહીંતર લોકો બીમારીમાંથી નીકળી શકવાના નથી. દવાઓ જ ભોજન થઈ જશે. યુવા પેઢી જલદી બીમાર થઈ રહી છે. પ્રાકૃતિક સંશાધનો મળવા મુશ્કેલ થઈ જશે. તેની જાળવણી કરવી અતિ જરૂરી છે.

પંજાબના આગમ ભારદ્વાજ જેનું સુગર લેવલ ત્રણસો જેટલું હતું. રિપોર્ટ અનુસાર તેમના કોલેસ્ટ્રોલ પણ વધેલા હતા. કેલ્શિયમ ઘટી ગયું હતું. ક્રોમિયમયુક્ત આહાર, કેલ્શિયમયુક્ત આહારના આયોજનથી તેમનું સુગર લેવલ દોઢ મહિના પછી એંસી પર આવી ગયું. હાથપગના દુખાવા મટી ગયા. વ્યસન હતું તે છૂટી ગયું. શરીરમાં ધાતુની કમીના કારણે વ્યસન વધતું હતું. ખોરાકમાં ખનિજ તત્ત્વનો અભાવ પણ વ્યસન તરફ દોરે છે. ખાનપાન વ્યવસ્થિત થતાં જ શરીર કુદરતી રીતે કામ કરવાનું ચાલુ કરે છે. બીમારી પણ થતી નથી. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# યોગાસન એટલે યોગ કે યોગાસનનો અભ્યાસ એટલે યોગાભ્યાસ

(ગતાંકથી ચાલુ)

વસ્તુતઃ યોગાસન તો યોગના આઠ અંગોમાંનું ત્રીજું અંગ છે, આઠમાંનું એક અંગ છે અને તે પણ પ્રારંભિક અંગ છે. યોગાસનનો અભ્યાસ તો યોગાભ્યાસનો પ્રારંભ છે, તેથી યોગાસન એટલે યોગ કે યોગાસનનો અભ્યાસ એટલે યોગાભ્યાસ, તેમ માનવાની ભૂલ કરવી જોઈએ નહિ.

યોગવિષયક આ ભ્રામક માન્યતાઓનું નિરસન કર્યા પછી હવે આપણે જોઈએ કે યોગ યથાર્થતઃ શું છે.

૩. શાસ્ત્રોમાં યોગાસનઃ

યોગશાસ્ત્રોમાં યોગાસનના સ્વરૂપ વિશે અનેક ઉલ્લેખો જોવા મળે છે. આમાંના મહત્ત્વપૂર્ણ ઉલ્લેખોને સમજવાથી આપણને યોગાસનના યથાર્થ સ્વરૂપને સમજવામાં સહાય મળશે. તેથી આપણે અહીં જોઈએ કે યોગાસન વિશે શાસ્ત્રોમાં શું કહેવામાં આવેલ છે.

(૧) स्थिरसुखमासनम्। - योगसूत्र ; २-४७

'સુખપૂર્વકની સ્થિર સ્થિતિને આસન કહેવામાં આવે છે.'

(૨) प्रयत्नशैथिल्यानन्त समापत्तिभ्याम्। - योगसूत्र ; २-४८

'પ્રયત્ન ઓછો કરવાથી અને અનંત પર ધ્યાન કરવાથી તે સિદ્ધ થાય છે.'

(૩) ततो द्वन्द्वानभिघातः। - योगसूत्र ; २-४९

'તેના અભ્યાસથી દ્વંદ્વોના આઘાતમાંથી મુક્તિ મળે છે.'

(૪) कुर्यात्तदासनं स्थैर्यमारोग्यं चाङ्गलाघवम् - हठप्रदीपिका ; १-१७

'તે આસન (શરીર અને મનની) સ્થિરતા અને આરોગ્ય તથા લાઘવ આપે છે.'

(૫) आसनेन भवेद् दृढम् - घेरण्ड संहिता; १-१०

'આસનથી દઢતા સિદ્ધ થાય છે.'

૪. યોગાસન એટલે શું?

યોગાસનનું ખરું સ્વરૂપ છે, તે વિશે શાસ્ત્રોમાં આવેલાં ઉપરોક્ત વિધાનોથી તેના સ્વરૂપ પર ઠીક ઠીક પ્રકાશ પડે છે. આમ છતાં યોગાસનની સંપૂર્ણ વ્યાખ્યા આપવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે.

આપણે યોગાસનને આ રીતે સમજાવી શકીએ-

'યોગાસન એક એવી સુખપ્રદ મનોશારીરિક અવસ્થા છે, જે શરીરને દઢતા, મનને સ્થિરતા આપીને, તમને આધ્યાત્મિક વિકાસ માટે તૈયાર કરે છે.'

આ વ્યાખ્યામાંથી નિષ્પન્ન થતા મુદ્દાઓ જોઈએઃ

(૧) યોગાસન શરીરની એક અવસ્થા છે, ગતિ નહિ.

(૨) યોગાસન મનોયોગપૂર્વકની શારીરિક અવસ્થા છે.

(૩) યોગાસન સુખપ્રદ અવસ્થા છે, કષ્ટપ્રદ નહિ.

(૪) યોગાસન શરીરને દઢતા અને મનને સ્થિરતા આપે છે.

(૫) યોગાસનનું મુખ અધ્યાત્મ તરફ છે.

યોગાસન યોગની પ્રારંભિક અવસ્થા છે, આમ છતાં તે પ્રારંભ અધ્યાત્મયાત્રાનો પ્રારંભ છે, તે સતત યાદ રાખવું જોઈએ.

જેમ સમાધિ ચિત્તની ભૂમિકા પરનો નિરોધ છે, તેમ યોગાસન શરીરની ભૂમિકા પરનો નિરોધ છે.



૫. યોગાસનનાં મૂળભૂત તત્ત્વોઃ

યોગાસનમાં શરીરને કોઈ એક નિશ્ચિત અવસ્થામાં રાખવાનું હોય છે, પરંતુ શરીરની કોઈ એક નિશ્ચિત અવસ્થા ધારણ કરવામાત્રથી જ, તે અવસ્થા યોગાસન કહેવાને પાત્ર બનતી નથી. શારીરિક રીતે તે અવસ્થા સર્વાંગસંપૂર્ણ હોય તોપણ તે અવસ્થા યોગાસન બને જ એવું નથી. દા.ત. શરીરને માત્ર ઊંધે માથે ગોઠવવાથી જ શીર્ષાસન બનતું નથી. શરીરની આ અવસ્થાને સાચા અર્થમાં યોગાસન બનાવવા માટે સાધકે કેટલીક વિશેષ બાબતોને સમજીને તેને અમલમાં મૂકવાની હોય છે. આ મૂળભૂત તત્ત્વોને હવે આપણે જોઈએઃ

(૧) કોઈ પણ યોગાસનના બે ભાગ હોય છેઃ સ્થિરભાગ (static part) અને ચલિત ભાગ (Dynamic part)

યોગાસનની પૂર્ણાવસ્થા કે અંતિમ અવસ્થાને પહોંચવા માટે શરીરની જે ગતિ કરવી પડે તેમ જ આ પૂર્ણાવસ્થામાંથી મૂળ અવસ્થામાં પાછા આવવા માટે શરીરની જે ગતિ કરવી પડે, તે બંને ગતિમાન ભાગને યોગાસનનો ચલિત ભાગ કહે છે. યોગાસનમાં ચલતિ ભાગ ગૌણ અને સ્થિર ભાગ મુખ્ય છે. આ સ્થિર અવસ્થા જ વસ્તુતઃ યોગાસન છે. આ અવસ્થામાં અમુક નિશ્ચિત સમય માટે રહેવું અનિવાર્ય છે. આસન બેસવાની ઘટના છે. યોગાસનમાં શરીર કોઈ એક નિશ્ચિત અવસ્થામાં સ્થિરતાપૂર્વક રહે છે, તેથી યોગાસન કરવું એમ કહેવા કરતાં યોગાસનમાં હોવું એમ કહેવું તે વધારે સાચો શબ્દપ્રયોગ છે.

યોગાસનની આ અવસ્થામાં સાચા અર્થમાં રહેવા માટે સાધકે બે શરતો પૂરી પાડવી જોઈએઃ

(अ) પ્રયત્ન શૈથિલ્ય (Effortness):-

અભ્યાસીએ બની શકે તેટલા ઓછામાં ઓછા આયાસપૂર્વક આ અવસ્થામાં રહેવું જોઈએ.

(ब) અનંત સમાપત્તિઃ-

અનંત સમાપત્તિ એટલે આકાશ જેવી અનંત કે અમર્યાદ અવસ્થાનું ધ્યાન. કોઈ વળી અનંતનો અર્થ શેષનાગ લે છે. શેષનાગ પોતાના માથા પર પૃથ્વીને ધારણ કરીને સ્થિરતાપૂર્વક અવસ્થિત હોય છે. આ અવસ્થાનું ધ્યાન કરીને, તેવી સ્થિરતા ધારણ કરવી તેવો અર્થ તેઓ અનંત સમાપત્તિનો લે છે. આ બંને અર્થમાં પ્રથમ અર્થ વધુ ઠીક લાગે છે.

ઉપરોક્ત બંને શરતોમાં પ્રથમ શરત શરીરે અને બીજી શરત મને પૂરી પાડવાની હોય છે.

યોગાસનની ચલિત અવસ્થામાં સાધકે બે બાબતોનો ખ્યાલ રાખવાનો હોય છેઃ

(अ) શરીરની ગતિ ખૂબ ધીમી રાખવી જોઈએ. ઝટકા કે કૂદકા ટાળવા જોઈએ. આ ગતિ છેલ્લી ક્ષણ સુધી એકધારી રહેવી જોઈએ.

(ब) શરીરની આ ગતિ દરમિયાન સાધકનું ધ્યાન શરીરનાં જે અંગોની ગતિ થતી હોય તે અંગો તરફ અને તેમની ગતિ તરફ રહેવું જોઈએ.

આ વિષયમાં થયેલ વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા ત્રણ હકીકતો પુરવાર થઈ છે. અભ્યાસીએ યોગાસનના અભ્યાસ દરમિયાન આ ત્રણે હકીકતો લક્ષમાં રાખવી જોઈએઃ

(i) કોઈ પણ આસન ધારણ કરવામાં આવે ત્યારે પ્રારંભની થોડી સેકંડો સુધી સાધકના શ્વાસોચ્છ્વાસ, હૃદયની ગતિ અને લોહીનું દબાણ વધે છે; પરંતુ થોડા વખત પછી આ ત્રણે ઘટવા માંડે છે. એટલે જો આસન ઝડપથી ધારણ કરીને, અમુક નિશ્ચિત સમય સુધી ધારણ કરી રાખવાને બદલે તુરત છોડી દેવામાં આવે તો તેનાથી શરીરને ફાયદો થવાને બદલે નુકસાન થવા સંભવ છે.

યોગાસન ધારણ કર્યા પછી, પ્રારંભની અવસ્થા પૂરી થયા પછી શ્વાસોચ્છ્વાસ, હૃદયની ગતિ અને લોહીનું દબાણ સામાન્ય થયા પછી જ યોગાસનની ખરી અવસ્થામાં પ્રવેશ કરીએ છીએ અને તે અવસ્થામાં સ્થિત થયા પછી જ યોગાસનના સાચા ફાયદા મળવાનો પ્રારંભ થાય છે.

(ii) યોગાસનનો યથાર્થ લાભ ત્યારે મેળવી શકાય છે, જ્યારે પ્રયત્નશૈથિલ્યની શરત પૂરી પાડવામાં આવે છે, અન્યથા નહિ.

(iii) પ્રત્યેક યોગાસન ધારણ કરવાની એક નિશ્ચિત પદ્ધતિ હોય છે. આ પદ્ધતિને જ અનુસરવું જોઈએ. ધારણ કરવાની પદ્ધતિ અને અવસ્થામાં મન ફાવે તેવા ફેરફારો કરવા જોઈએ નહિ. આમ થાય તો જ તે યોગાસન યથાર્થતઃ ફળદાયી બને છે.

(૨) પ્રત્યેક યોગાસનની એક ચાવી હોય છે. આ ચાવી લગાડીને જ સાધક યોગાસન દ્વારા અભિલક્ષિત અને પોતાને અભીષ્ટ એવી શરીર-મનથી જુદી એવી વિશિષ્ટ અવસ્થાનો અણસાર મેળવે છે. આ અવસ્થામાં પ્રવેશ થાય ત્યારે યોગાસન સાચા અર્થમાં યોગાસન બને છે. આ હકીકત ગુરુગમ્ય ને અનુભવગમ્ય છે. આમ છતાં તેનો કાંઈક અણસાર મેળવવા માટે આપણે એક દૃષ્ટાંત દ્વારા આ હકીકત સમજવાનો પ્રયત્ન કરીએ.

શીર્ષાસનની અંતિમ અવસ્થામાં શરીરને માથાને આધારે, માથું નીચે અને પગ ઉપર કરીને, તોળી રાખવાનું હોય છે. આ અવસ્થામાં આવ્યા પછી સાધક સમતુલા જાળવવા પ્રયત્નશીલ રહે છે. પગની ગતિ થોડી ઘણી તો ચાલુ જ રહે છે. હવે અહીંથી શીર્ષાસનના સૂક્ષ્મભાગનો પ્રારંભ થાય છે. સાધક પોતાનું ધ્યાન બંને પગના અંગૂઠા પર રાખે છે અને તેમની ગતિને નીરખે છે. સાવ સ્થિર લાગતી અવસ્થામાં પણ આ ગતિ થોડી ઘણી ચાલુ હોય છે. આ હકીકત ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરતાં કરતાં સમજી શકાય છે. આ પ્રમાણે નિરીક્ષણ કરતાં કરતાં એક ક્ષણ એવી આવે છે કે બંને પગ સંપૂર્ણ સ્થિર બની જાય છે. આ જ ક્ષણે ચિત્તની પણ સ્તબ્ધ અવસ્થા બને છે. પગનું હલનચલન બંધ થતાં જ ચિત્તની વૃત્તિઓનો પ્રવાહ પણ થોડી ક્ષણો માટે બંધ પડી જાય છે. આ અવસ્થામાં પ્રવેશતાં જ સાધક ચિત્તની એક વિશિષ્ટ અવસ્થાનો અનુભવ કરે છે. સાથે સાથે તે શરીરના હલનચલન અને ચિત્તના હલનચલનનો સંબંધ સમજે છે.

શીર્ષાસનનું ખરું રહસ્ય આ છે. શીર્ષાસનનું ખરું સાફલ્ય આ અવસ્થામાં પહોંચવામાં છે. પ્રત્યેક સાચા યોગાસનમાં આવું કોઈક ચાવીરૂપ રહસ્ય સમાયલું છે.

(૩) યોગાસનની અંતિમ અવસ્થામાં સાધકના શરીરન અવસ્થા સમરૂપ (Symmertical) હોય તે જરૂરી છે, કારણ કે શરીરની સ્થિતિને પ્રાણના પ્રવાહો સાથે અને પ્રાણના પ્રવાહોને ચિત્તની અવસ્થા સાથે સંબંધ છે.

(૪) कुर्यात् अध्यात्म चेतसा । આ આદેશ બધા જ પ્રકારનાં સાધનોને લાગુ પડે છે, તે જ રીતે યોગાસનને પણ લાગુ પડે જ છે.

યોગાસનના અભ્યાસ દરમિયાન સાધકે સતત અધ્યાત્માભિમુખી અને મનોવલણ રાખવાનું હોય છે. યોગાસનનો અભ્યાસ આખરે તો સમાધિ પ્રત્યે દોરી જનારી સાધના છે. આ પ્રકારની જાગૃતિ રાખવી જોઈએ.

આમ બને તો જ યોગાસન યથાર્થ યોગાસન બને છે.

યોગાસનનો અભ્યાસ અધ્યાત્મયાત્રામાં પ્રારંભિક સોપાનરૂપ બની શકે છે. આ સિદ્ધાંત છે. આ સિદ્ધાંત સમજવો કેવી રીતે? આ કાર્ય યોગાસન કઈ રીતે સિદ્ધ કરે છે?

શરીરથી પ્રાણ સૂક્ષ્મ છે. પ્રાણથી ચિત્ત સૂક્ષ્મ છે અને આત્મા ચિત્તથી પર છે. અધ્યાત્મયાત્રા સ્થૂળથી શરૂ કરીને, સૂક્ષ્મમાં થઈને સૂક્ષ્માતિસૂક્ષ્મમાં અને આખરે પરમમાં પહોંચવાની યાત્રા છે. યોગાસનના અભ્યાસ દ્વારા પ્રાણના સૂક્ષ્મ પ્રવાહો પર અસર પહોંચે છે અને પ્રાણ દ્વારા આ યાત્રા ચિત્ત સુધી પહોંચે છે. અંતે ચિત્તવૃત્તિના નિરોધ દ્વારા ચિત્તને અતિક્રમીને આત્મા સુધી પહોંચાય છે.

આમ યૌગિક અધ્યાત્મયાત્રામાં યોગાસનનો અભ્યાસ પ્રથમ સોપાનરૂપ બની રહે છે.

આ રીતે યોગાસનનો અભ્યાસ પ્રથમ સોપાન બનીને અધ્યાત્મનું એક પ્રારંભિક છતાં મૂલ્યવાન સાધન બની શકે તેમ છે. આવી સ્પષ્ટ સમજણ સાધકના ચિત્તમાં હોય તે આવશ્યક છે.

૬. યોગાસન અને પ્રચલિત વ્યાયામપદ્ધતિની તુલનાઃ

ખરેખર તો યોગાસનના અભ્યાસને પ્રચલિત વ્યાયામપદ્ધતિ સાથે સરખાવવો જોઈએ નહિ, કારણ કે યોગાસન કોઈ વ્યાયામપદ્ધતિ નથી.

આમ છતાં બંનેમાં અધિષ્ઠાન શરીર છે અને યોગાસનનો અભ્યાસ શારીરિક કેળવણી માટે પણ વ્યાપક પ્રમાણમાં થાય છે. શરીરને કેળવવા માટે યોગાસનોનો અભ્યાસ ઉપયોગી થઈ શકે તેમ છે. વળી યોગાસન એક વ્યાયામપદ્ધતિ છે, તેવી ગેરસમજ પણ વ્યાપક પ્રમાણમાં ફેલાયેલી છે. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# અનેકવિધ સ્ત્રી રોગ



આપણે અહીં અનેક રોગ-બીમારી અને એના વિવિધ ઉપચારો વિશે જાણ્યું .એમાંથી મોટા ભાગના પુરુષ સ્ત્રીને એકસરખા પજવાતા રોગ વ્યાધિ અંગે હતા. હવે અહીં આપણે વાત કરવી છે એવી વ્યાધિ જે માત્ર સ્ત્રીને જ પજવે છે.


સ્ત્રી એ સાંસારિક જીવનનું એક અભિન્ન અંગ છે. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને લક્ષ્મીનું સ્વરૂપ ગણાય છે. વળી, સ્ત્રી તો પુરુષની અર્ધાંગના કહેવાય છે. એક પ્રસિદ્ધ ઉક્તિ છે કે, 'દરેક સફળ પુરુષની પાછળ સ્ત્રીનો હાથ હોય છે.'

જોકે પરમેશ્વરે તો પહેલેથી જ સૃષ્ટિના વહન માટે સ્ત્રીને જનેતાનું બિરુદ આપેલું છે તેથી સ્ત્રી એક માતા પણ છે માટે બાળકોના શારીરિક અને આધ્યાત્મિક ઘડતરના પહેલાં ગુરુ માતાને કહેવામાં આવે છે. સ્ત્રી એક ગૃહિણી હોવાથી રસોઈ બનાવી યોગ્ય આહાર દ્વારા પોતાના પરિવારના સ્વાસ્થ્યનું જતન કરવું તે પણ એમના ભાગે આવતી એક અગત્યની જવાબદારી છે.

આ બધી મહત્ત્વની જવાબદારી હોવાને કારણે સ્ત્રીનું સ્વસ્થ રહેવું અતિ આવશ્યક છે. વળી, સામાન્ય મનુષ્યના રોગ કરતાં પણ સ્ત્રીના શારીરિક બંધારણને કારણે અમુક રોગ સ્ત્રીઓને જ લાગુ પડે છે. આ હેતુને ધ્યાનમાં રાખીને અહીં સ્ત્રીઓને જ લાગુ પડતા રોગની સાવધાની અને તેના ઉપચારો દર્શાવ્યા છે.

## સ્ત્રીસ્વાસ્થ્ય માટે વિશેષ ઉપયોગી

* ૧૬થી ૨૦ વર્ષની ઉંમરની દીકરીઓનાં લગ્ન વિશે એના દેખતા કે સાંભળતા ચર્ચા કરવી નહીં, પરંતુ ભણવામાં પ્રોત્સાહન આપવું. આ ઉંમર દરમિયાન શરીરનું વજન વધારે પ્રમાણમાં વધે અથવા માસિક અનિયમિત થાય તો થાઈરોઈડની તકલીફ તથા અંડાશયની ગાંઠ થઈ શકે છે. તેથી તે સમયે સ્ત્રી ચિકિત્સક પાસે નિદાન કરાવી લેવું.
* લગ્ન માટેની પુખ્ત ઉંમર થતાં દરેક દીકરીને લગ્ન થયા બાદ જરૂરી શારીરિક સંબંધ વિશેની તથા કુટુંબ નિયોજનની યોગ્ય માહિતી માતાએ આગોતરી આપવી, જેથી અનિચ્છિત ગર્ભધારણ ન કરે અને ગર્ભપાત કરાવવા જેવા કષ્ટદાયક યાતનાથી બચી શકાય.
* નિયમિત ચાલવાથી, કસરત તથા યોગાસન દ્વારા માસિક દરમ્યાન થતો દુઃખાવો અટકાવી શકાય છે. માસિક દરમિયાન થતા દુઃખાવાને ગરમ પાણીની થેલીથી પેઢા ઉપર શેક કરવાથી ઘટાડી શકાય છે.
* પેશાબ કર્યા બાદ સ્ત્રીએ ગુપ્તાંગોને પાણીથી ધોઈ સ્વસ્છ કરવા, જેથી યોનિમાં તથા પેશાબની નળીમાં થતા ચેપને અટકાવી શકાય.
* જ્યારે શ્વેતપ્રદર જેવી તકલીફ હોય તથા માસિક આવતું હોય ત્યારે ગુપ્તાંગોને પાણીથી વ્યવસ્થિત રીતે સ્વચ્છ રાખવા.
* જ્યારે માસિક વધુ પ્રમાણમાં આવતું હોય ત્યારે લોહતત્ત્વયુક્ત આહાર (લીલા શાકભાજી, બીટ, ગોળ, ચણા, ખજૂર, અંજીર, અખરોટ વગેરે) વધુ પ્રમાણમાં લેવા.
* યોગ્ય કસરત, યોગાસન તથા સંતુલિત તંદુરસ્ત આહારથી શરીરનું વજન સુમાત્રામાં રાખવું, જેથી મેદસ્વિતાથી થતી તકલીફો અટકાવી શકાય.
* માસિક બંધ થવાના સમયે વધારે માસિક આવે તો યોગ્ય તપાસ કરાવવી.
* માસિક બંધ થયા પછી હાડકાંને નબળાં પડતાં (ઓસ્ટિયોપરોસિસ) અટકાવવા દૂધ, દહીં, છાશ, કેળાં તેમ જ લીલા પાંદડાવાળા શાકભાજી વધુ પ્રમાણમાં લેવા.
* નિયમિત સ્તનનું સ્વપરીક્ષણ કરવાની ટેવ રાખવી, જેથી તેમાં થયેલી ગાંઠોને શરૂઆતના તબક્કામાં જ અનુભવીને સમયસર ચિકિત્સકની સલાહ લઈ શકાય.
* સ્ત્રીઓએ મળત્યાગ બાદ ગુદા સફાઈ કરતી વખતે હાથને યોનિથી ગુદાની તરફ લઈ જવો જોઈએ. તેનાથી વિરુદ્ધ દિશામાં હાથ ફેરવી સફાઈ કરવાથી યોનિ સંબંધી ચેપી રોગ થવાની સંભાવના વધે છે.
* સ્ત્રીને ૨૩થી ૨૮ વર્ષની ઉંમરે ગર્ભ ધારણ કરવાથી સ્વસ્થ સંતાન પ્રાપ્ત થવાની સંભાવના વધુ હોય છે. તેથી તે ઉંમર દરમિયાન ગર્ભ ધારણ કરવો વધુ હિતકારક છે, જેમકે.....




## વિવિધ સ્ત્રીરોગના ઉપચાર

* માસિક ધર્મ

૧) સ્ત્રીને માસિક વખતે ખૂબ પીડા થતી હોય કે માસિક બરાબર ન આવતું હોય તો ૧૦ ગ્રામ કાળા તલને

૨૦૦ ગ્રામ પાણીમાં ઉકાળવા. ૫૦ ગ્રામ પાણી બાકી રહે એટલે તેમાં ગોળ નાખી ઉકાળીને પીવાથી માસિક સાફ આવે છે.

૨) રોજ બપોરે ૧ વાટકી દહીં જમવાથી માસિક સાફ આવે છે.

૩) અડધો કપ કોથમીરનો રસ ખાંડ મેળવીને પીવાથી વધુ પડતું માસિક ઘટી જશે.

૪ ) માસિક સમયે વધારે રક્તસ્ત્રાવ થતો હોય અને ચક્કર આવતા હોય તો મધને અડધા કપ અરડૂસીના રસમાં મેળવીને પીવાથી ફાયદો થાય છે.

૫) રાત્રે સૂતી વખતે ગરમ દૂધમાં ૨ ચમચી દિવેલ નાખીને લેવાથી પીડા સાથે આવતા કે ઓછા આવતા માસિકની સમસ્યા અટકી જશે.

## રક્તપ્રદર ( વધુ રકત સ્ત્રાવ )

૧ ) સવારે ભૂખ્યા પેટે પાકું કેળું, ઘી અને સાકર સાથે લેવું.

૨ ) દરરોજ ૧૦૦ ગ્રામ ગાજરનો રસ પીવાથી સ્ત્રીઓને લોહીવા રક્તપ્રદરમાં તરત જ ફાયદો થાય છે.

૩ ) આમળાનો રસ મધ સાથે લેવાથી સ્ત્રીઓની યોનીનો દાહ મટે છે.

## શ્વેતપ્રદર

૧) રોજ સવારે ૧ કપ જેટલું ભાતનું ઓસામણ પીવું.

૨) શ્વેતપ્રદરના દર્દીઓએ સખત રીતે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ તથા મસાલેદાર ખોરાક ખાસ બંધ રાખવા.

૩) એક પાકું કેળું અડધા તોલા ઘી સાથે સવાર-સાંજ ખાવું.

૪) પાકાં કેળાં, આમળાનો રસ ને સાકર ભેગા કરી પીવાથી સ્ત્રીઓના પ્રદર અને બહુમૂત્રના રોગ મટે છે.

૫ ) રોજ સવાર-સાંજ ૧ ચમચી કમળકાકડીના બીજનું ચુર્ણ, સાકરવાળા દૂધમાં લેવું.

( ગર્ભધારણ પ્રસવ પીડા પ્રસવ ,ઈત્યાદિ વિશે હવે પછી...) ■

feedback@bombaysamachar.com
વિશેષ
રશ્મિ શુકલ

# વરસાદની ઋતુમાં ત્વચાની સંભાળ કેવી રીતે રાખવી?





વરસાદની ઋતુમાં ખંજવાળ, ફોલ્લીઓ, ખીલ જેવી ત્વચા સંબંધિત સમસ્યાઓ વધી જાય છે. આ ત્વચા સમસ્યાઓથી બચવા માટે, કેટલીક નાની ટિપ્સ ધ્યાનમાં રાખવી જોઈએ. અહીં આવી કેટલીક ત્વચા સંભાળ પદ્ધતિઓ જોઈએ.

મોન્સૂન દરમિયાન મોટાભાગના લોકોને ઠંડો પવન અને વરસાદ ગમે છે. આ ઋતુ પ્રકૃતિને પુનર્જીવિત કરવાનું પણ કામ કરે છે. આ સમય દરમિયાન, વૃક્ષો અને છોડ તાજગીથી ભરાઈ જાય છે અને હરિયાળી જીવંત બને છે, જ્યારે પ્રદૂષણ પણ ઘટે છે. જો કે, આ ઋતુ દરમિયાન ત્વચા સંબંધિત સમસ્યાઓ થવા લાગે છે, કારણ કે ક્યારેક વરસાદ અને પછી ગરમીને કારણે ભેજને કારણે ખીલ, ફોલ્લીઓ, બ્લેકહેડ્સ, વ્હાઇટહેડ્સ, ખંજવાળ વગેરે છિદ્રો બંધ થવાને કારણે થવા લાગે છે. આ સમસ્યાઓથી બચવા માટે, આ લેખમાં આપણે પ્રખ્યાત સૌંદર્ય નિષ્ણાત

શહનાઝ હુસૈને દ્વારા સૂચવેલા કેટલાક અસરકારક ઉપાયો જાણીશું.

શહનાઝ હુસૈને સૌંદર્યની દુનિયામાં પોતાનું નામ બનાવ્યું છે. તે ઓર્ગેનિક વસ્તુઓનો પ્રચાર કરે છે અને પોતાનાં કુદરતી ઉત્પાદનો પણ બનાવે છે, તેમજ વેબસાઇટ્સ અને સોશિયલ મીડિયા જેવા પ્લેટફોર્મ દ્વારા ત્વચા સમસ્યાઓથી છુટકારો મેળવવાના રસ્તાઓ પણ જણાવે છે. તો ચાલો જાણીએ ચોમાસા દરમિયાન તમારી ત્વચાની સંભાળ કેવી રીતે રાખવી.

## ચોમાસામાં ત્વચા સંભાળ ટિપ્સ

પિમ્પલ્સ અટકાવવા અને તેનાથી છુટકારો મેળવવા માટે ચહેરાને હળવા ફેસવોશથી સાફ કરો. દિવસમાં ઓછામાં ઓછા બે વાર તમારો ચહેરો ધોઈ લો.

અઠવાડિયામાં એકવાર તમારી ત્વચાને એક્સફોલિએટ કરો. આ માટે તમે અખરોટ અથવા કોઈપણ ઓર્ગેનિક ફેસ અને બોડી સ્ક્રબનો ઉપયોગ કરી શકો છો.

ચોમાસામાં ખીલ અટકાવવા માટે, જેલ આધારિત મોઇશ્ચરાઇઝરનો ઉપયોગ કરવો જોઈએ. ખરેખર તે ત્વચાને તેલયુક્ત થવા દેતું નથી અને દોષરહિત ફિનિશ પણ આપે છે.

## શુષ્ક અને ફ્લેકી ત્વચાથી છુટકારો મેળવો

જો તમારી ત્વચા શુષ્ક હોય તો તમારા ચહેરાને સાબુ મુક્ત ક્લીન્ઝરથી સાફ કરો. એવા ક્લીન્ઝરનો ઉપયોગ કરો જે ત્વચાને હાઇડ્રેટ પણ કરે. આ માટે તમે પપૈયા અને કેસર જેવી વસ્તુઓમાંથી બનાવેલ ઓર્ગેનિક ફેસવોશ પસંદ કરી શકો છો.

અઠવાડિયામાં એક કે બે વાર રિફાઇન્ડ બ્રાઉન સુગર અને મધ સમાન માત્રામાં લો અને એક્સફોલિએટ અથવા સ્ક્રબ કરો. આનાથી મૃત ત્વચા દૂર થાય છે.

રાત્રિની ત્વચા સંભાળની દિનચર્યાનું ચોક્કસ પાલન કરો. તેમાં સીરમ અને ક્રીમ લગાવો જેથી ત્વચા હાઇડ્રેટેડ રહે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે તમે સ્વચ્છતાનું ધ્યાન રાખો. જો તમે વરસાદમાં ભીના થયા છો અથવા બહારથી આવી રહ્યા છો તો પહેલા તમારા ચહેરા, હાથ અને પગને સારી રીતે ધોઈ લો, નહીં તો બેક્ટેરિયા ત્વચામાં ચેપ લાવી શકે છે તેમજ સ્વાસ્થ્યને નુકસાન થવાની શક્યતા પણ વધી જાય છે. આ પ્રકારની સરળ ટિપ્સને અનુસરીને તમે ચોમાસામાં પણ તમારી ત્વચાને સ્વસ્થ રાખી શકો છો. ■

# મહિલા વન-ડે વર્લ્ડ કપનો કાર્યક્રમ જાહેર, પાંચ ઓક્ટોબરે ટકરાશે ભારત અને પાકિસ્તાન

દુબઇઃ ક્રિકેટની વૈશ્વિક સંસ્થા આઇસીસીએ આ વર્ષે ભારત અને શ્રીલંકા દ્વારા યોજાનાર મહિલા વન-ડે વર્લ્ડ કપનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આ વૈશ્વિક ટૂર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાન ૫ ઓક્ટોબરે કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે ટકરાશે. કોલંબોને હાઇબ્રિડ મોડલ હેઠળ તટસ્થ સ્થળ તરીકે રાખવામાં આવ્યું છે. ભારતીય ટીમ આ ટૂર્નામેન્ટમાં ૩૦ સપ્ટેમ્બરે બેંગલુરુમાં શ્રીલંકા સામેની મેચ સાથે તેના અભિયાનની શરૂઆત કરશે.

ભારત અને પાકિસ્તાનની ટીમો ૫ ઓક્ટોબરે કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે તટસ્થ સ્થળ પર મહિલા વન-ડે વર્લ્ડ કપ મેચમાં એકબીજાનો સામનો કરશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઇસીસી) એ આ વર્લ્ડ કપના કાર્યક્રમની જાહેરાત કરી હતી. આ વર્ષની શરૂઆતમાં ચેમ્પિયન્સ ટ્રોફી અને ત્યારબાદની મેચો માટે સ્વીકૃત હાઇબ્રિડ મોડલ મુજબ કોલંબોને તટસ્થ સ્થળ તરીકે ઉમેરવામાં આવ્યું છે. ત્યારબાદ ભારતે આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન જવાનો ઇનકાર કરી દીધો હતો.

ટીમ ૨૬ ઓક્ટોબરે એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં બાંગ્લાદેશનો પણ સામનો કરશે, જેનાથી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના વિજય ઉજવણી દરમિયાન ભાગદોડ બાદ મેચોના યજમાનીના અધિકારો ગુમાવવાની અફવાઓને રદિયો મળશે.

ભારતની અન્ય મેચ ૯ ઓક્ટોબરે દક્ષિણ આફ્રિકા અને ૧૨ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સામે વિશાખાપટ્ટનમમાં છે. ટીમ ૧૯ ઓક્ટોબરે ઇન્દોરમાં ઇંગ્લેન્ડ સામે અને પછી ૨૩ ઓક્ટોબરે ગુવાહાટીમાં ન્યૂઝીલેન્ડ સામે રમશે. ઓસ્ટ્રેલિયા ટૂર્નામેન્ટની ડિફેન્ડિંગ ચેમ્પિયન છે જ્યારે ભારત પોતાનું પહેલું ટાઇટલ જીતવા માટે પ્રયાસ કરશે.

આ ટૂર્નામેન્ટ ૧૨ વર્ષ પછી ભારતમાં આયોજિત થશે. પહેલી સેમિફાઇનલ મેચ ૨૯ ઓક્ટોબરે ગુવાહાટી અથવા કોલંબોમાં રમાશે, જ્યારે બીજી સેમિફાઇનલ મેચ ૩૦ ઓક્ટોબરે બેંગલુરુમાં રમાશે. ફાઇનલમાં પહોંચનારી બંને ટીમોને તૈયારી માટે બે દિવસનો સમય મળશે. મહિલા વનડે વર્લ્ડ કપની ફાઇનલ મેચ ૨ નવેમ્બરે બેંગલૂરુ અથવા કોલંબોમાં રમાશે. મહિલા વન-ડે વર્લ્ડ કપમાં આઠ ટીમો ભાગ લેશે, જેમાં ભારત, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, ન્યૂઝીલેન્ડ, શ્રીલંકા, બાંગ્લાદેશ અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે. ■

# તાજિકિસ્તાન જશે ભારતની અંડર-૨૩ ટીમ, કોચ મૂસાએ કરી ખેલાડીઓના નામની જાહેરાત

નવી દિલ્હી : ભારતની અંડર-૨૩ પુરુષ ટીમના મુખ્ય કોચ નૌશાદ મૂસાએ સોમવારે તાજિકિસ્તાન અને કિર્ગિઝ રિપબ્લિક સામે આગામી મૈત્રીપૂર્ણ મેચો માટે ૨૩ સભ્યોની ટીમની જાહેરાત કરી હતી, જેમાં સિનિયર ટીમના ત્રણ ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે. એશિયન કપ ક્વોલિફાયરની તૈયારીને ધ્યાનમાં રાખીને ભારત માટે આ પ્રવાસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ભારતીય ટીમ ૧ જૂનથી કોલકાતામાં એઆઇએફએફ નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે પ્રેક્ટિસ કરી રહી હતી.

સપ્ટેમ્બરમાં એએફસી અંડર-૨૩ એશિયન કપ ૨૦૨૬ ક્વોલિફાયરની તૈયારીઓના ભાગ રૂપે ભારત ૧૮ જૂને તાજિકિસ્તાન અને ૨૧ જૂને કિર્ગિઝ રિપબ્લિક સામે ટકરાશે. બંને મેચ તાજિકિસ્તાનની રાજધાની દુશાંબેથી લગભગ ૨૫ કિમી દૂર હિસોરના હિસોર સેન્ટ્રલ સ્ટેડિયમમાં રમાશે. ટ્રેનિંગ સેશન ૨૯ ખેલાડીઓથી શરૂ થઈ હતી, જેમાંથી ૨૦ ખેલાડીઓને અંતિમ યાદીમાં સ્થાન મળ્યું હતું. ટીમમાં સિનિયર ટીમના ફોરવર્ડ સુહેલ અહેમદ ભટ, મિડફિલ્ડર આયુષ છેત્રી અને ડિફેન્ડર ટેકચામ અભિષેક સિંહના રૂપમાં ત્રણ ખેલાડીઓનો સમાવેશ થાય છે.

**તાજિકિસ્તાનમાં ફ્રેન્ડલી મેચો માટે ભારતની ૨૩ સભ્યોની અંડર-૨૩ ટીમઃ**

**ગોલકીપર્સઃ** મોહમ્મદ અરબાઝ, પ્રિયાંશ દુબે, સાહિલ.

**ડિફેન્ડર્સઃ** વિકાસ યુમનામ, દીપેંદુ બિસ્વાસ, મોહમ્મદ સાહિફ એપી, નિખિલ બારલા, પ્રમવીર, સુભમ ભટ્ટાચાર્ય, ટેકચામ અભિષેક સિંહ.

**મિડફિલ્ડર્સઃ** આયુષ છેત્રી, ચિંગંગબામ શિવાલ્ડો સિંહ, લાલરેમત્લુઆંગા ફનાઈ, લાલરિન્લિયાના હનામટે, મેકાર્ટન લુઈસ નિક્સન, મોહમ્મદ એમેન, વિબિન મોહનન, વિનીથ વેંકટેશ.

**ફોરવર્ડ્સઃ** જોસેફ સની, મોહમ્મદ સનન કે, પાર્થિબ સુંદર ગોગોઈ, સુહેલ અહેમદ ભટ, થિંગુજમ કોરુ સિંહ. ■

એફઆઇએચ પ્રો લીગ

# આર્જેન્ટિનાને હરાવવા માટે તૈયાર ભારતીય મહિલા હોકી ટીમ, બનાવી શાનદાર યોજના

લંડનઃ યુરોપિયન તબક્કાની શરૂઆત બે નજીકની હાર સાથે કર્યા પછી ભારતીય મહિલા હોકી ટીમ એફઆઇએચ પ્રો લીગમાં વર્લ્ડ નંબર ૨ આર્જેન્ટિના સામે સતત બે મેચોમાં વાપસી કરવા માગશે. સલીમા ટેટેની કેપ્ટનશિપ હેઠળની ભારતીય ટીમ સપ્તાહના અંતે ઓસ્ટ્રેલિયા સામે તેમની બે મેચમાં ૧-૨ અને ૨-૩થી હારી ગઈ હતી અને મજબૂત આર્જેન્ટિનાની ટીમનો સામનો કરતા પહેલા તેમની પાસે ફરીથી સંગઠિત થવા માટે ઓછો સમય હશે જેણે અત્યાર સુધી તેમની ૧૨ લીગ મેચોમાંથી સાત જીતી છે. હોકી ઈન્ડિયાએ સલીમાને ટાંકીને જણાવ્યું હતું કે "આર્જેન્ટિના વિશ્વની બીજા નંબરની ટીમ છે અને અત્યાર સુધી તેમની ૧૨ એફઆઇએચ પ્રો લીગ મેચોમાંથી સાત જીતી છે. લીગના આ તબક્કામાં આવતા અમને ખબર હતી કે તેમને હરાવવા સરળ નહીં હોય, પરંતુ અમે લડ્યા વિના હાર માનીશું નહીં. અમે બંને મેચોમાં અમારું શ્રેષ્ઠ પ્રદર્શન કરીશું. ટીમ તેમની સાથે સ્પર્ધા કરવા માટે સારી તાલીમ લઈ રહી છે અને તેમની સામે મહત્ત્વપૂર્ણ પોઈન્ટ મેળવવા માટે વિવિધ વ્યૂહરચના પર કામ કરી રહી છે. નવ પોઈન્ટ સાથે સાતમા ક્રમે રહેલ ભારત વાપસી પર નજર રાખી રહ્યું છે. આર્જેન્ટિના ટેબલમાં બીજા ક્રમે છે અને ટોચના સ્થાને રહેલા નેધરલેન્ડ્સ પર દબાણ જાળવી રાખવા માટે સંપૂર્ણ પોઈન્ટ મેળવવાનો પ્રયાસ કરશે. વાઇસ કેપ્ટન નવનીત કૌરે કહ્યું હતું કે, "જેમ તમે જોયું તેમ ટીમે છેલ્લી બે મેચમાં ઓસ્ટ્રેલિયાને સખત લડત આપી છે અને અમે આર્જેન્ટિના સામે પણ આવું જ કરવાની યોજના બનાવી રહ્યા છીએ."

તેણીએ કહ્યું હતું કે "અમે અમારું શ્રેષ્ઠ પ્રદર્શન કરીશું અને જીતવાનું લક્ષ્ય રાખીશું. આર્જેન્ટિના સામેની જીત માત્ર અમને પોઈન્ટ મેળવવામાં મદદ કરશે નહીં પરંતુ તે ટીમનું મનોબળ પણ વધારશે કારણ કે અમે બેલ્જિયમ અને ચીન સામે એન્ટવર્પ અને પછી બર્લિનમાં મેચ રમીશું." ■

# માતા હજી આઈસીયુમાંઃ ગૌતમ ગંભીરનો ઈંગ્લેન્ડમાં ટીમ પાસે પાછા પહોંચવાનો નિર્ણય

નવી દિલ્હીઃ ભારતીય ટીમના હેડ-કોચ ગૌતમ ગંભીરના માતાને હાર્ટ ઍટેક આવ્યા પછી હવે તેમની તબિયત સારી છે એટલે ગંભીરે ઈંગ્લેન્ડ પાછા જવાનો ગઈ કાલે નિર્ણય લીધો હોવાનું કેટલાક અહેવાલોમાં જાણવા મળ્યું હતું.

ઈંગ્લેન્ડ સામે ભારતની પાંચ ટેસ્ટની સિરીઝ શુક્રવાર, ૨૦મી જૂને શરૂ થશે અને એ પહેલાં જ ગંભીર ટીમ પાસે પહોંચીને બાકીનું કોચિંગ પૂરું કરવા માગે છે.

ગૌતમ ગંભીરનો ખેલાડી તરીકેની કરીઅર દરમ્યાન ભલભલી હરીફ ટીમ સામે ન ઝૂકવાનો અભિગમ હતો અને વ્યક્તિગત સિદ્ધિ કે તકલીફને નજરઅંદાજ કરીને ટીમ માટેના લક્ષ્યને અગ્રક્રમ આપવાનું વલણ તેણે રાખ્યું હતું.

ગંભીરે પ્લેયર તરીકેના એ દ્રષ્ટાંતને હવે હેડ-કોચ તરીકેની જવાબદારી નિભાવવાનું પણ અપનાવ્યું છે.

ગૌતમ ગંભીરના મમ્મી સીમા ગંભીર દિલ્હીની હૉસ્પિટલમાં ઇન્ટેન્સિવ કેર યુનિટ (આયસીયુ)માં છે. જોકે ડૉક્ટરના જણાવ્યા અનુસાર તેમની તબિયત હવે સુધારા પર છે.

ગૌતમ ગંભીર લંડન પહોંચીને ટીમ ઇન્ડિયાના ખેલાડીઓને મળશે અને ત્યાર પછી તેઓ બધા હેડિંગ્લી જવા રવાના થશે, જ્યાં લીડ્સ ખાતે ૨૦મી જૂને પ્રથમ ટેસ્ટ શરૂ થશે.

૧૧મી જૂને ગંભીરના મમ્મીને હૃદય રોગનો હુમલો આવ્યો હતો અને એની જાણ થતાં જ ગંભીર તરત ભારત પાછો આવ્યો હતો. તેની ગેરહાજરીમાં સહાયક કોચ રાયન ટેન ડોચેટ, મોર્ની મોર્કલ અને સિતાંશુ કોટકે ટીમને કોચિંગ આપવાની જવાબદારી સંભાળી લીધી હતી. જોકે રવિવારે એક અહેવાલ એવો મળ્યો હતો કે બીસીસીઆઈએ એનસીએના ચીફ વીવીએસ લક્ષ્મણને ઇંગ્લેન્ડમાં ગૌતમ ગંભીરની ગેરહાજરીમાં ટીમ ઇન્ડિયાને કોચિંગ આપવાનું કહ્યું હતું. ■

# શાર્દુલ ઠાકુરની બુમરાહ, સિરાજ, ક્રિષ્ના, અર્શદીપની બોલિંગમાં ફટકાબાજી

## ▸ પાલઘરના ઑલરાઉન્ડરે બોલિંગમાં રાહુલ, ગિલ અને નાયરને પરેશાન કર્યા

બેકનહેમઃ શુક્રવાર, ૨૦મી જૂને ઇંગ્લેન્ડ સામે પહેલી ટેસ્ટ શરૂ થાય એ પહેલાં ભારતીય ટીમ અહીં ઇન્ડિયા 'એ' સામે જે પ્રેક્ટિસ મેચ રમી એમાં શાર્દુલ ઠાકુર સૌ કોઈમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. તેણે આ મેચમાં અસરદાર બોલિંગ કર્યા બાદ અણનમ સેન્ચુરી ફટકારી હતી જેને પગલે હવે પ્રથમ ટેસ્ટમાં પેસ બોલિંગ ઑલરાઉન્ડર તરીકે નીતીશકુમાર રેડ્ડીને પ્લેઈંગ-ઇલેવનમાં સમાવવો કે શાર્દુલને એ વિશે ટીમ મેનેજમેન્ટ મૂંઝવણમાં મુકાઈ ગયું છે.

શાર્દુલ આ મેચમાં ઇન્ડિયા 'એ' ટીમમાં હતો અને તેણે ટીમ ઇન્ડિયાના પેસ બોલર્સ જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના અને અર્શદીપ સિંહની બોલિંગમાં જોરદાર ફટકાબાજી કરી હતી.

શાર્દુલે ત્રીજા નંબરે બેટિંગ કરીને ફક્ત ૬૮ બોલમાં ૧૨૨ રન કર્યા હતા અને ટેસ્ટ ટીમનો કોઈપણ બોલર તેને આઉટ નહોતો કરી શક્યો.

એ પહેલાં, ટીમ ઇન્ડિયાની બેટિંગ હતી ત્યારે શાર્દુલે ચાર વિકેટ લઈને તરખાટ મચાવ્યો હતો. તેણે ટેસ્ટ ટીમના મુખ્ય બેટ્સમેનો કે. એલ. રાહુલ, કેપ્ટન શુભમન ગિલ અને કરુણ નાયરને પરેશાન કરી મૂક્યા હતા. જોકે ગિલ અને રાહુલે હાફ સેન્ચુરી ફટકારી હતી.

ચાર દિવસની આ મેચ વહેલી સમેટી લેવામાં આવી હતી. રવિવારના ત્રીજા દિવસે શાર્દુલની સેન્ચુરીની પહેલાં ઇન્ડિયા 'એ' ટીમના સરફરાઝ ખાને પણ સદી ફટકારી હતી. તેણે ૭૬ બોલમાં બે સિક્સર અને ૧૫ ફોરની મદદથી ૧૦૧ રન કર્યા હતા અને રિટાયર આઉટ થઈ ગયો હતો.

શાર્દુલ ઠાકુર ૩૩ વર્ષનો છે અને મુંબઈ નજીક પાલઘરમાં રહે છે. તે ભારત વતી મર્યાદિત ઓવર્સની કુલ ૭૨ મેચ ઉપરાંત ૧૧ ટેસ્ટ રમ્યો છે, પરંતુ દોઢ વર્ષથી તેને ટેસ્ટ ટીમમાં સ્થાન નથી મળ્યું.

આ વર્ષની શરૂઆતમાં ઑસ્ટ્રેલિયા ખાતેના પ્રવાસમાં શાર્દુલને અવગણવામાં આવ્યો હતો અને તેના સ્થાને નીતીશકુમાર રેડ્ડીને ટીમમાં સમાવવામાં આવ્યો હતો જેને પાંચેય ટેસ્ટ રમવા મળી હતી. રેડ્ડીએ ત્યારે મેલબર્ન ટેસ્ટમાં સેન્ચુરી ફટકારી હતી, પણ તેની પેસ બોલિંગ જોઈએ એવી અસરદાર નહોતી. ભારત એ સિરીઝ ૧-૩થી હારી ગયું હતું. ■

# બીજિંગ પેરા પાવરલિફ્ટિંગ વર્લ્ડ કપમાં ભાગ લેશે ૧૬ સભ્યોની ભારતીય ટીમ, ૧૭ જૂનથી થશે શરૂઆત

નવી દિલ્હીઃ ભારતની ૧૬ સભ્યોની ટીમ ૧૭ થી ૨૫ જૂન દરમિયાન બીજિંગમાં યોજાનાર ૨૦૨૫ પેરા પાવરલિફ્ટિંગ વર્લ્ડ કપમાં ભાગ લેશે. ટીમમાં ઝૈનબ ખાતૂન, સીમા રાની, ઝંડૂ કુમાર, જોબી મૈથ્યુ, મનીષ કુમાર અને કસ્તુરી જેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે. આ બધાએ તાજેતરમાં પૂર્ણ થયેલી રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં સારું પ્રદર્શન કર્યું હતું.

ખેલાડીઓ માટે રવિવારે એક ભવ્ય વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય પેરાલિમ્પિક સમિતિના ભૂતપૂર્વ પ્રમુખ દીપા મલિક, વર્તમાન પીસીઆઇ મહાસચિવ જયવંત હમનવર અને ભારતના પેરા પાવરલિફ્ટિંગના પ્રમુખ જેપી સિંહ હાજર રહ્યા હતા.

સિંહે કહ્યું હતું કે, ભારત દરેક ટૂર્નામેન્ટ સાથે વૈશ્વિક પેરા પાવરલિફ્ટિંગમાં પોતાને એક શક્તિ તરીકે સ્થાપિત કરી રહ્યું છે. અમારા ખેલાડીઓ શાનદાર ફોર્મમાં છે અને અમે ચીનમાં વધુ સારા પ્રદર્શનની રાહ જોઈ રહ્યા છીએ. ■

# વેસ્ટ ઈન્ડિઝે ત્રીજી ટી-૨૦ મેચમાં આયરલેન્ડને ૬૨ રનથી હરાવ્યું, ૧-૦થી જીતી સીરિઝ

બ્રેડી (ઉત્તરી આયરલેન્ડ) : વેસ્ટ ઈન્ડિઝે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાનો બીજો સૌથી મોટો સ્કોર કર્યો હતો અને આયરલેન્ડને ૬૨ રનથી હરાવીને વરસાદથી પ્રભાવિત ત્રણ મેચની શ્રેણી ૧-૦થી જીતી લીધી હતી. પહેલી અને બીજી મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી.

ત્રીજી ટી-૨૦ મેચમાં પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝે એવિન લુઈસ (૪૪ બોલમાં ૯૧ રન) અને કેપ્ટન શાઈ હોપ (૨૭ બોલમાં ૫૧ રન) વચ્ચે પ્રથમ વિકેટ માટે ૧૦.૩ ઓવરમાં ૧૨૨ રનની ભાગીદારીની મદદથી પાંચ વિકેટે ૨૫૬ રન ફટકાર્યા હતા. વેસ્ટ ઈન્ડિઝે કુલ ૨૦ સિક્સ ફટકારી હતી. લુઈસે આઠ જ્યારે હોપ અને કીસી કાર્ટીએ ચાર-ચાર સિક્સ ફટકારી હતી. કાર્ટીએ ૨૨ બોલમાં અણનમ ૪૯ રનનું યોગદાન આપ્યું હતું.

જેના જવાબમાં આયરલેન્ડ સાત વિકેટે માત્ર ૧૯૪ રન કરી શક્યું હતું. આયરલેન્ડ તરફથી રોસ અડાયર (૩૬ બોલમાં ૪૮ રન) અને હેરી ટેક્ટર (૨૫ બોલમાં ૩૮ રન) એ બીજી વિકેટ માટે ૧૦૧ રનની ભાગીદારી કરી હતી. બંને ટીમોએ મે મહિનામાં ડબલિનમાં ત્રણ મેચની વન-ડે સીરિઝ ૧-૧થી બરાબરી કરી હતી. ત્યારબાદ ઇંગ્લેન્ડે વન-ડે અને ટી-૨૦ સીરિઝમાં બંનેમાં ૩-૦ના સમાન માર્જિનથી વેસ્ટ ઇન્ડીઝને હરાવીને ક્લીન સ્વીપ પૂર્ણ કર્યું હતું. ■

ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| સબબ | WONDER |
| તલબ | EXTENDED |
| પ્રલંબ | DELAY |
| ગજબ | REASON |
| વિલંબ | ADDICTION |

## ઓળખાણ પડી?



૪૭ સ્ટ્રીંગ ધરાવતા અને વેસ્ટર્ન ક્લાસિકલ મ્યુઝિકમાં વગાડવામાં આવતા તંતુવાદ્યની ઓળખાણ પડી? બેસીને કે ઊભા રહી વગાડી શકાય છે.

અ) Cello બ) Harp ક) Viola ડ) Trumpet

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઘ | ર | ૨ ઝુ | રા | ૩ પો | | ૪ ઘો | ડા | ૫ પૂ | ૬ ર |
| ટ | | મ્મ | | ૭ શા | ૮ વ | ર | | ૯ ન | હી |
| ૧૦ ના | ૧૧ સૂ | ર | | ૧૨ ક | ડી | | ૧૩ ત | મ | સ |
| | મ | | ૧૪ મ | | ૧૫ લ | ૧૬ વા | રી | | હી |
| ૧૭ કા | ન | ૧૮ ખ | જૂ | રો | | સ | | ૧૯ આ | |
| ર્ય | | ૨૦ ત | ર | | ૨૧ અ | ના | થા | શ્ર | ૨૨ મ |
| ૨૩ દ | ૨૪ શા | | ણ | | નુ | | | ૨૫ મ | મ |
| ૨૬ ક્ષ | મ | ૨૭ તા | | ૨૮ પ | સા | ય | ૨૯ તા | | તા |
| તા | | ૩૦ કા | ૩૧ બો | | ર | | બૂ | | મ |
| | ૩૨ સ | ત | લ | જ | | ૩૩ આ | ત | તા | ચી |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ | ૬-અ | ૭ |
| ૮ | | | | ૯ | ૧૦ | | ૧૦-અ | | |
| | | | ૧૧ | | | | | | |
| ૧૨ | ૧૩ | ૧૪ | | | ૧૪-અ | ૧૫ | | ૧૫-અ | |
| ૧૬ | | | | ૧૭ | | | | | |
| | | ૧૮ | ૧૯ | | | | ૨૦ | | ૨૧ |
| ૨૨ | ૨૩ | | | ૨૪ | | ૨૫ | | | |
| | | | ૨૬ | | ૨૭ | | | | |
| ૨૮ | | | | ૨૯ | | | | ૩૦ | |
| ૩૧ | | | | | | | ૩૨ | | |

### આડી ચાવી

૧. સલાહકાર (૫)
૫. ભવ્ય, ઉત્તમ, ભભકાદાર (૪)
૮. --- જયંતી એટલે ૨૫ સપ્તાહ વર્ષની ઉજવણી (૩)
૯. ઝારખંડની રાજધાની (૨) (જો.છૂ.) (૨)
૧૦-અ. --- ને વાદળ કેટલું વરસે? (૩)
૧૧. વિલક્ષણ નવાઇ પમાડતું (૩) (જો. છૂ.)
૧૨. ખંજવાળ (૩)
૧૪-અ. વિત્ત, ધન (૨)
૧૫-અ. તમારી --- માં દમ છે
૧૬. ખજાનો, સંગ્રહ (૩)
૧૭. ચિત્ર સાથે (૩)
૧૮. એક જાતની સ્પર્ધા (૨)
૨૨. ઝીણું, બારીક કામ (૫)
૨૫. સુગંધિત (૪)
૨૬. પરંપરાગત વિધિઓ (૫)
૨૮. વાણો, કપડાનું આડું સૂતર (૨)
૨૯. પહેલાં રોજ સવાર કરતા (૩)
૩૦. વીતી ગયેલું (૨)
૩૧. પૂર્ણપણે ખીલી રહેલું (૫)
૩૨. --- કરવું એટલે પચાવવું (૩)

### ઊભી ચાવી

૧. બીજાનાં દુઃખ દૂર કરનાર (૭)
૨. રહસ્ય (૨)
૩. અભિપ્રાય (૨)
૪. પાકિસ્તાનનું બંદર (૩)
૬. શરીરનું મહત્ત્વનું આંતરિક અંગ (૩)
૬-અ. કાણું, છિદ્ર (૨)
૭. શિખામણ, ઠપકો, સજા (૪)
૧૦. રંગબેરંગી, વિલક્ષણ (૫)
૧૩. --- રોળ એટલે રોક્કળ (૨)
૧૪. કસબ ભરવાની કળા, ભરતકામ (૪)
૧૫. અત્ર--- સર્વત્ર--- બધે જ ઇશ્વર (૨)
૧૫-અ. શાબાશ (૨)
૧૯. ઓડકાર (૩)
૨૦. --- સરી કે વૈદ વેરી (૩)
૨૧. છેક અંદરનું (૫)
૨૩. સફેદ અને રાતાં ફૂલનો ચંપો (૪)
૨૪. લોકશાહીમાં જરૂરી (૪)
૨૫. સોબતનો આનંદ, આરામ (૩)
૨૭. ચાલ, શિરસ્તો, રસમ (૨) (જો. છૂ.)
૨૮. મહાત્મા ગાંધીને લોકો --- કહેતા (૨)
૩૦. એક માપ (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'સસલો તાણે સીમ ભણી, કોહલો તાણે વાડ ભણી' કહેવતમાં 'કોહલો' આ શબ્દનો અર્થ જણાવો.

અ) કસાઈ બ) દોરડું ક) ભય ડ) શિયાળ

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ACROPHOBIA થી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો? આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) જમીન બ) અવાજ ક) ઊંચાઈ ડ) વિમાન

## માતૃભાષાની મહેક

જમીન આસમાન એક કરવા એટલે કોઇ કામ માટે બહુ જ પરિશ્રમ કે ઉદ્યમ કરવો, બહુ મોટા મોટા ઉપાય કરવા. જમીન આસમાનનો તફાવત અથવા ફરક એટલે વિશાળ તફાવત, આકાશ પાતાળ જેટલો તફાવત. જમીન માપવી એટલે નાસી જવું, પલાયન કરી જવું, દૂર જતા રહેવું.

## ઈર્શાદ

જળનો જ જીવ છું ફરી જળમાં વહી જઈશ,
પળભર બરફમાં બંધ છું, પળમાં વહી જઈશ.

- જવાહર બક્ષી

## સુડોકુ-૯૦૧૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨ | | | | ૭ | ૬ |
| ૨ | | | | | | ૪ | | ૮ |
| | ૭ | | ૧ | | ૮ | | | |
| | ૬ | ૯ | | ૧ | ૪ | | ૫ | |
| | | | | | | | | |
| | ૮ | | ૯ | ૨ | | ૬ | ૪ | |
| | | | ૪ | | ૩ | | ૯ | |
| ૪ | | ૩ | | | | | | ૫ |
| ૬ | ૯ | | | | ૧ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૧૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | ૨ | ૭ | ૯ | ૩ | ૬ | ૪ | ૧ |
| ૩ | ૯ | ૬ | ૪ | ૮ | ૧ | ૭ | ૨ | ૫ |
| ૧ | ૭ | ૪ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૮ |
| ૬ | ૩ | ૫ | ૧ | ૭ | ૪ | ૨ | ૮ | ૯ |
| ૯ | ૧ | ૭ | ૩ | ૨ | ૮ | ૫ | ૬ | ૪ |
| ૪ | ૨ | ૮ | ૬ | ૫ | ૯ | ૩ | ૧ | ૭ |
| ૮ | ૬ | ૩ | ૫ | ૧ | ૭ | ૪ | ૯ | ૨ |
| ૭ | ૪ | ૧ | ૯ | ૩ | ૨ | ૮ | ૫ | ૬ |
| ૨ | ૫ | ૯ | ૮ | ૪ | ૬ | ૧ | ૭ | ૩ |

## માઈન્ડ ગેમ

ઈંગ્લેન્ડમાં શરૂ થયા બાદ આજની તારીખમાં યુએસએમાં ખૂબ જ લોકપ્રિય રમત બેઝબોલમાં દરેક ટીમમાં કેટલા ખેલાડી હોય છે?

અ) 8 બ) 9 ક) 10 ડ) 11

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કવન | POEM |
| ગમન | DEPARTURE |
| ચમન | GARDEN |
| દમન | OPPRESSION |
| વમન | VOMIT |

માઈન્ડ ગેમ: યુએસએ

ઓળખાણ પડી?: પખવાજ

ગુજરાત મોરી મોરી રે: પાણી

ચતુર આપો જવાબ — અર્થ જણાવો: સાદ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) નૂતન વિપીન શાહ (૯) લજિતા ખોના (૧૦) શ્રદ્ધા આશર (૧૧) કિશોર બી. સંઘરાજકા (૧૨) મીનળ કાપડિયા (૧૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) પ્રવીણ વોરા (૨૩) પુષ્પા પટેલ (૨૪) અલકા વાણી (૨૫) અરવિંદ કામદાર (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) ભાવના કર્વે (૨૮) હેમા હરીશ ભટ્ટ (૨૯) અંબરીષ ઓઝા (૩૦) વિણા સંપટ (૩૧) પુષ્પા ખોના (૩૨) લજિતા ખોના (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) જગદીશ ઠક્કર (૩૯) ડાયના સંતોકે (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) નિતિન જયંતિલાલ બજરિયા (૪૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૪) ડૉ. પ્રકાશ કટકિયા (૪૫) ધીરેન્દ્ર ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) જયલંત પદમશી ચિખલ

### વૈશ્વિક સોનામાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીએ પીછેહઠ

# સ્થાનિક સોનામાં ₹ ૩૧૫ની અને ચાંદીમાં ₹ ૫૩૩ની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવમાં વધારો થતા ગત શુક્રવારે વિશ્વ બજારમાં સોનાના ભાવ વધીને બે મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોએ નફો ગાંઠે બાંધતા હાજર અને વાયદામાં ભાવ દબાણ હેઠળ આવ્યા હતા, જ્યારે ચાંદીમાં ધીમો સુધારો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં સપ્તાહના આરંભે મધ્યસત્ર દરમિયાન ગત શુક્રવારના વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૪થી ૩૧૫નો સુધારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાત પૈસા વધીને બંધ રહ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરો ઘટવાથી સોનામાં સુધારો મર્યાદિત રહ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૩૩ની આગેકૂચ જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૩૩ના સુધારા સાથે રૂ. ૧,૦૬,૭૦૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં ગત શુક્રવારના વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા ભાવમાં સુધારાતરફી વલણ રહેતા વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૪ વધીને રૂ. ૯૮,૯૭૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૧૫ વધીને રૂ. ૯૯,૩૭૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગત સપ્તાહે ઈઝરાયલ-ઈરાન વચ્ચે વધેલા ભૂરાજકીય તણાવ ઉપરાંત અમેરિકાની ટૅરિફની નીતિની અનિશ્ચિતતા વચ્ચે વિશ્વ બજારમાં સોનાના ભાવ વધીને બે મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ઊંચા મથાળેથી ટ્રેડરોની નફારૂપી વેચવાલી નીકળતાં હાજર અને વાયદામાં ભાવ ઊંચા મથાળેથી ૦.૪ ટકાના ઘટાડા સાથે અનુક્રમે ઔંસદીઠ ૩૪૧૯.૮૯ ડૉલર અને ૩૪૩૯.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૬.૩૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ઈઝરાયલ-ઈરાન વચ્ચે વધેલા તણાવને કારણે સોનામાં સલામતી માટેની માગનો મજબૂત ટેકો મળ્યો હોવાનું ઓએએનડીએના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે તાજેતરમાં સોનાએ ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની સપાટી વટાવી હોવાથી તેજીનો અન્ડરટોન જળવાયેલો રહેશે અને આગામી ટૂંકા સમયગાળા માટે ઔંસદીઠ ૩૫૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે તેમ છે.

ગઈકાલે ઈઝરાયલ અને ઈરાને એકબીજા પર ઘણાં નવેસરથી હુમલાઓ કર્યા હતા, જેમાં ઘણાં નાગરિકોના મોત થયા હતા અને બન્ને દેશોના લશ્કરોએ જનતાને સાવચેતી રાખવાનો અનુરોધ હોવાથી તણાવ વધુ ઉગ્ર બને અને હુમલાઓ વધે તેવી ભીતિ સપાટી પર આવી છે. વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈઝરાયલ-ઈરાન વચ્ચે કોઈ કરાર થઈ શકે છે, પરંતુ ઘણાં દેશો પહેલા યુદ્ધ કરતા હોય છે. સામાન્યપણે રાજકીય-ભૌગોલિક અને આર્થિક અનિશ્ચિતતાઓના સંજોગોમાં સોનામાં સલામતી માટેની માગ રહેતી હોય છે. હવે રોકાણકારોની નજર આગામી ૧૭-૧૮ જૂનથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠક પર છે.

# વેલ્યૂ બાઈંગ: મિડલ-ઈસ્ટ કોન્ફ્લિક્ટની અસરો અવગણી બંને બેન્ચમાર્ક વિશ્વબજાર પાછળ એક ટકા જેવા ઊછળ્યાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઇઝરાયલ અને ઇરાનની લશ્કરી અથડામણને ચોથા દિવસ થવા સાથે તેનો વહેલી તકે અંત દેખાતો ના હોવા છતાં અશ્ચર્યજનક રીતે ઇક્વિટી માર્કેટમાં સુધારો જોવા મળ્યો હતો. વિશ્વબજારમાંથી તેજીના સંકેત સાથે બ્રેન્ટ ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડા વચ્ચે ખાસ કરીને આઇટી અને ઓઇલ શેરોમાં વેલ્યુ બાઇંગને આધારે સોમવારે બેન્ચમાર્ક સ્ટોક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી લગભગ એક ટકા વધ્યા હતા

ત્રીસ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૬૭૭.૫૫ પોઈન્ટ અથવા ૦.૮૪ ટકા વધીને ૮૧,૭૯૬.૧૫ પોઈન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૭૪૭.૨૨ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકા ૮૧,૮૬૫.૮૨ પોઈન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો એનએસઇ બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૨૨૭.૯૦ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકા વધીને ૨૪,૯૪૬.૫૦ પોઈન્ટની સપાટી પર બંધ થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાં, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, એટરનલ, એશિયન પેઇન્ટ્સ, ટાટા સ્ટીલ અને કોટક મહિન્દ્રા બેંક સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં હતાં. જ્યારે ટાટા મોટર્સ, અદાણી પોર્ટ્સ અને સન ફાર્મા ટોચના ઘટનારા શેરો રહ્યા હતા.

મધ્યપૂર્વના દેસોમાં ચાલી રહેલા યુદ્ધને કારણે વિશ્વના ક્રૂડ ઓઇલના સૌથી મોટા નિકાસકાર ઇરાનની સપ્લાઇમાં ઘટાડો થવાની ભીતિને કારણે તાર્કિક રીતે આ જણસના ભાવ વધવા જોઇએ તેને સ્થાને ગ્લોબલ ક્રૂડ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૮૧ ટકા ઘટીને ૭૩.૬૩ પ્રતિ બેરલ બોલાયું હોવાથી વૈશ્વિક ઇક્વિટી માર્કેટ પર તેની સકારાત્મક અસર જોવા મળી હતી સ્થાનિક સ્તરે ખાદ્ય પદાર્થો અને ઇંધણના ભાવમાં ઘટાડો થવાને કારણે મે મહિનામાં જથ્થાબંધ ભાવ ફુગાવો (સીપીઆઇ) ઘટીને ૦.૩૯ ટકાના ૧૪ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો છે. આ ઉપરાંત રિઝર્વ બેન્ક તાજેતરમાં લીધેલા પગલાંને કારણે સિસ્ટમમાં ભરપૂર પ્રવાહિતા છે. એ જ સાથે જ ડોલરમાં પણ ઘટાડો થછયો હોવાથી બજારને ટેકો મળ્યો છે. બજારના સાધનોએ જણાવ્યું હતું કે, વૈશ્વિક બજારો ઘણીવાર અપેક્ષાઓથી વિપરીત વર્તન કરે છે. ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના તણાવને કારણે શરૂઆતમાં ક્રૂડ ઓઇલ અને સેફ હેવન એસેટની ખરીદી તથા ભાવમાં વધારો થયો હતો. જોકે, ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા સીધા પુરવઠામાં વિક્ષેપના અભાવે ક્રૂડ ઓઇલના ભાવ સ્થિર કરવામાં મદદ કરી હતી.

ફુગાવાનો ભય ઓછો થયો છે અને રોકાણકારો સ્થાનિક આર્થિક મૂળભૂત બાબતો પર ફરીથી ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. રોકાણકારો ઊર્જા, શક્તિ, સંરક્ષણ અને મૂડી ખર્ચ જેવા સ્થાનિક ક્ષેત્રોમાં મૂડી ફેરવી રહ્યા છે જે માળખાકીય રીતે મજબૂત રહે છે અને બાહ્ય આંચકાઓનો સામનો ઓછો કરે છે. કોર્પોરેટ કમાણી સ્થિર રહી છે, મંદીની ચિંતા ઓછી થઈ છે અને યુએસ ફેડરલ રિઝર્વ સહિત વૈશ્વિક કેન્દ્રીય બેંકો સ્થિર દર વલણ જાળવી રહી છે. આનાથી રોકાણકારોમાં ઘટાડે લેવાલીનો અભિગમ મજબૂત બન્યો છે.

આ અઠવાડિયાની અંદર, બજાર લશ્કરી અથડામણને ડિસ્કાઉન્ટ કરવાનું શરૂ કરી શકે છે. અગાઉ જ્યારે ગાઝા યુદ્ધવિરામ જાહેર થયો હતો, ત્યારે વૈશ્વિક ઇક્વિટી બજારોમાં તેજી આવી હતી. ઇઝરાયલ અને ઇરાનના યુદ્ધમાં આ જ રીતે થોડી સ્પષ્ટતા થયા પછી આવી જ રિકવરી આવી શકે છે.

જોકે, ઇઝરાયલ-ઈરાન સંઘર્ષ વ્યાપક પ્રાદેશિક યુદ્ધમાં ફેરવાય છે કે કેમ તે મુખ્ય જોખમ રહેલું છે. જો સંઘર્ષ મર્યાદિત રહેશે, તો બજાર આગળ વધશે અને મૂળભૂત આર્થિક બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરશે. પાછલા કેટલાક વર્ષોમાં આપણે આ પેટર્ન જોઈ છે. જો અન્ય દેશ પણ યુદ્ધમાં જોડાશે તો મોટા યુદ્ધના ભય વચ્ચે બજારનું મોરલ ખખડી જશે અને ઇક્વિટી એસેટમાં વ્યાપક ધોવાણ જોવા મળશે. આ સપ્તાહમાં પ્રાથમિક બજારમાં પ્રવૃત્તિ મજબૂત રહેશે, એકંદરે, ભૌગોલિક રાજકીય તણાવ છતાં ઇક્વિટી બજારોમાં સકારાત્મક વલણ જળવાઈ રહેશે. કુલ છ આઇપીઓ દલાલ સ્ટ્રીટ પર આવવાના છે, જેમાં મેઇનબોર્ડ સેગમેન્ટમાંથી એકનો સમાવેશ થાય છે, અને પાંચ કંપનીઓ શેરબજારમાં લિસ્ટેડ થશે.

મૂડીબજારમાં પ્રવેશનારી કંપનીઓના જાહેર ભરણાંમાં એકમાત્ર મેઇનબોર્ડ સેગમેન્ટનો ઇશ્યુ છે. એરિસઇન્ફ્રા સોલ્યુશન્સનું જાહેર ભરણું ૨૦ જૂને ત્રણ દિવસ માટે ખુલશે. મૂડીબજારના એસએમઇ સેગમેન્ટમાં પાટિલ ઓટોમેશન અને સમય પ્રોજેક્ટ્સના પબ્લિક ઇશ્યૂ ખૂલી ગયા છે, ઇન્ફલક્સ ૧૮મીએ ખૂલશે અને માયાશીલ વીસમીએ ખૂલશે. મોનોલિથીશ ૧૬મી જૂને અને એટેન પેપરનું ભરણું ૧૭મીએ બંધ થશે. જેનિક પાવર ૧૭મીએ અને મોનોલિથિશ ૧૯મીએ એક્સચેન્જની યાદી પર મૂકાશે. એટેન પેપર વીસમીએ લિસ્ટ થશે. બજારના નિષ્ણાત અભ્યાસુઓ જણાવે છે કે, જો ઇઝરાયલ અને ઇરાન વચ્ચે લશ્કરી અથડામણોનો વહેલો અંત નહીં આવે તો ગ્લોબલ ઇક્વિટી માર્કેટ પાછળ સ્થાનિક સેકન્ડરી માર્કેટની દશા બગડશે અને તેની અસર પ્રાઇમરી માર્કેટ પર પણ જોવા મળશે.

# ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો સુધારો

મુંબઈ: વૈશ્વિક બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો આગલા બંધ સામે સાત પૈસાના સુધારા સાથે ૮૬.૦૪ના મથાળે બંધ રહ્યો હતો.

તાજેતરમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૬.૧૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૧૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૨૪ અને ઉપરમાં ૮૫.૯૪ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે સાત પૈસાના સુધારા સાથે ૮૬.૦૪ના મથાળે બંધ રહ્યો હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**ફ્રેમની સપ્લાય અને ફિટમેન્ટ**

ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, N.M. જોષી માર્ગ, લોઅર પરેલ મુંબઈ-૪૦૦૦૧૩, ઈ-ટેન્ડર નોટિસ નં.: WR-PL-ME-EST- ૫૩૭૧૩૩, તારીખ: ૧૩.૦૬.૨૦૨૫ મંગાવે છે. કામનું નામ સાથે તેનું સ્થળ: કેરેજ રિપેર વર્કશોપ, લોઅર પરેલ ખાતે LHB કોચેસની લાવાટોરી મોડ્યૂલની સંપૂર્ણ સ્ટ્રીપીંગ અને ફીટિંગ અને ચીલ્ડ પાર્ટસ/સ્પેર આઈટમો સાથે સંપૂર્ણ અન્ડર ફ્રેમ ફોન્ટ પાર્ટની સપ્લાય અને ફીટમેન્ટ. કામની અંદાજિત કિંમત: રૂ. ૧,૮૮,૯૦,૩૬૫.૨૦. બારડી: રૂ. ૨,૪૪,૫૦૦/-. સુપ્રતિની તારીખ & સમય: ૦૩.૦૭.૨૦૨૫, ૧૧.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમય: ૦૩.૦૭.૨૦૨૫ ૧૧.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ: www.ireps.gov.inની મુલાકાત લો. 0267

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

W/૬૨૩/૫/૧/NIT તારીખ: ૧૦.૦૬.૨૫

**"ઈ-ટેન્ડર નોટિસ"**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ: www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા "ઓપન ટેન્ડર" મંગાવે છે વિગતો નીચે મુજબ છે:-

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત જથ્થો | અંદાજિત મૂલ્ય | બાના રકમ રૂ. | સમયગાળો મુદત |
|---|---|---|---|---|---|
| ૧. | RTM-૨૦૨૫-૨૬-૫૩ | ટેન્ડર શેડ્યૂલ મુજબ | ૩૧,૪૦,૮૭,૮૧૫.૨૯ | ૧૭,૨૦,૪૦૦.૦૦ | ૧૮ મહિના |
| | GDA-NAD સેક્શન-PRL NPRL, MLની TRR/CTR/TSR/TTR/ડિપ સ્ક્રીનીંગ તેમ જ વિવિધ કામો દ્વારા યાર્ડમાં સુધારણા. DEN/પશ્ચિમ RTMના અધિકારક્ષેત્રમાં યાર્ડના યાર્ડ સર્વે અને અન્ય સંલગ્ન કામો, ટર્નઆઉટ, ડ્રેનેજ કામોમાં સુધારણા. | | | | |

કામનો સમાન પ્રકાર:- (૧) કોઈપણ ટ્રેક વર્ક = રૂ. ૧૨,૪૨,૯૬,૮૨૮.૦૮ (૨) કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કામ = રૂ. ૯,૨૪,૫૧,૨૦૫.૮૭ (૩) કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ/ ટ્રેક વર્ક OR બેલાસ્ટ/ બાઉલ્ડર્સની સપ્લાય = રૂ. ૫,૧૬,૫૯,૧૭૧.૮૩. (૪) પુલ્લીંગ મેથડ/ માઈક્રો - ટનલીંગ અથવા પુશિંગ દ્વારા કોઈપણ બ્રિજ કામ = રૂ. ૪,૫૬,૮૦,૬૦૯.૨૩. ટેન્ડરરે છેલ્લા ૦૭ (સાત) વર્ષો દરમિયાન, જે ટેન્ડર મંગાવવામાં આવ્યું હોય તેના મહિનાના છેલ્લા દિવસે પૂરા થતાં નીચેનામાંથી કોઈપણ શ્રેણીના કામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા હોવા જોઈએ અથવા નોંધપાત્ર રીતે પૂર્ણ કર્યા હોવા જોઈએ. (i) ટેન્ડરના જાહેરાત કરાયેલ મૂલ્યના ૩૦% જેટલી રકમ કરતાં ઓછી ન હોય તેવા ત્રણ સમાન કાર્યો અથવા (ii) ટેન્ડરના જાહેરાત કરાયેલ મૂલ્યના ૪૦% જેટલી રકમ કરતાં ઓછી ન હોય તેવા બે સમાન કાર્યો અથવા (iii) ટેન્ડરના જાહેરાત કરાયેલ મૂલ્યના ૬૦% જેટલી રકમ કરતાં ઓછી ન હોય તેવા એક સમાન કાર્ય, વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ૦૫.૦૬.૨૦૨૫, ટેન્ડર ખોલવાની તારીખ: ૩૦.૦૬.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

5/1/082 ડિવિઝનલ રેલવે મેનેજર (W/A) રતલામ

અમને લાઈક કરો: facebook.com/WesternRly


## ગુજરાત

# મુખ્ય પ્રધાન વિમાન દુર્ઘટનાના પીડિતોને મળ્યા, સિવિલ હૉસ્પિટલમાં દર્દીઓના ખબરઅંતર પૂછ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ૧૨ જૂનના રોજ થયેલી ગોઝારી વિમાન દુર્ઘટના બાદ રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ દુર્ઘટનાના પીડિતો અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઇજાગ્રસ્ત દર્દીઓના ખબરઅંતર પૂછ્યા અને હતભાગીઓના શોકગ્રસ્ત પરિવારજનોની મુલાકાત લઈ, તેમને સાંત્વના પાઠવી હતી.

મુખ્ય પ્રધાને આ મુલાકાત દરમિયાન, તેમણે હૉસ્પિટલના ડીર બ્લોક ખાતે કાર્યરત કરાયેલા વેરિફિકેશન રૂમની પણ મુલાકાત લીધી હતી. અહીં તેમણે ડીએનએ સેમ્પલ મેપિંગની સમગ્ર પ્રક્રિયા અને તેની બારીકાઈઓ વિશે અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી. ભૂપેન્દ્રભાઈ પટેલે અધિકારીઓને ઇજાગ્રસ્તોને ઝડપથી રાહત મળે, સમગ્ર ઘટનાની સંપૂર્ણ તપાસ થાય અને પીડિતો તેમ જ તેમના પરિવારોને વ્યાપક સહાય સુનિશ્ચિત કરવામાં આવે તેવા સ્પષ્ટ નિર્દેશો આપ્યા હતા. હૉસ્પિટલની મુલાકાત લીધા બાદ, ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના પ્રધાનો અને ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

# અમદાવાદના ધંધુકામાં વીજ કાપથી ત્રસ્ત લોકોએ મધ્યરાત્રિએ વીજ કંપનીની કચેરીએ હોબાળો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જિલ્લાના ધંધુકા શહેર અને આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી વીજ પુરવઠો અવારનવાર ખોરવાઈ રહ્યો છે.

વીજળી કલાકો સુધી ગુલ થઈ જવાની સમસ્યાથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારના લોકો ત્રાહિમામ્ પોકારી ગયા છે.

યુજીવીસીએલની કામગીરી સામે લોકોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. રોજકા ગામના રહીશો મધ્યરાત્રિ બાદ વીજ કચેરી ખાતે પહોંચ્યા હતા. જો કે, કચેરીમાં કોઈ જવાબદાર અધિકારી કે કર્મચારી હાજર ન હતા.

દરમિયાન સતત વીજ વિક્ષેપથી લોકોનું દૈનિક જીવન ખોરવાયું છે. લોકોએ વીજ કચેરી ખાતે પોતાની વ્યથા વ્યક્ત કરી હતી.

વારંવાર થતા વીજ કાપથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો હતો. યુજીવીસીએલ તરફથી આ સમસ્યાના નિરાકરણ માટે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**K/પશ્ચિમ વોર્ડ**

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ**

**હિતની અભિવ્યક્તિ**

'સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન' યોજનાના અમલીકરણ માટે, રસ ધરાવતા સ્થાનિક રજિસ્ટર્ડ શ્રમ સહકારી મંડળીએ, સેવા સહકારી મંડળીઓ, બેરોજગાર સેવા સહકારી મંડળીઓ, બિન-સરકારી સંસ્થાઓ વગેરે પાસેથી અરજી મંગાવવામાં આવે છે, જેઓ કે/પશ્ચિમ વોર્ડના અધિકારક્ષેત્રમાં નોંધાયેલા છે. યોગ્યતા યાદી તૈયાર કરવામાં આવશે અને કાર્ય હાથ ધરવા માટે સંસ્થાઓ પસંદ કરવા માટે યોગ્યતા યાદીમાંથી લોટરી કાઢવામાં આવશે.

વિગતો, અરજી ફોર્મ અને ઉદ્દેશ પત્ર માટે, રસ ધરાવતી કંપનીઓએ વેબસાઈટ http://portal.mcgm.gov.in અથવા આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) K/પશ્ચિમ વોર્ડની ઓફિસમાં સંપર્ક કરવો જોઈએ.

સંસ્થાએ ટેન્ડર ફોર્મ ૨૪.૦૬.૨૦૨૫, ૦૧.૦૦ કલાકે અથવા તે પહેલાં વિભાગ કાર્યાલયમાં ખરીદવું જોઈએ અને સંસ્થાએ ૨૫.૦૬.૨૦૨૫, ૦૧.૦૦ કલાકે વિભાગ ઓફિસમાં ટેન્ડર ફોર્મ સુપ્રત કરવું જોઈએ.

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર
(સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ)
K/W વોર્ડ

PRO/688/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# ૯૨ મૃતકના ડીએનએ મેચ થયા, ૪૭ મૃતદેહ પરિવારજનોને સુપરત કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ૧૨મી જૂન ગુરુવારના રોજ થયેલી કરુણ વિમાન દુર્ઘટના બાદ મૃતકોની ઓળખ અને મૃતદેહ સુપરત કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અમદાવાદ સિવિલ હૉસ્પિટલના સર્જરી વિભાગના પ્રાધ્યાપક ડૉ. રજનીશ પટેલે સોમવાર સવારે મીડિયા બ્રીફિંગમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં કુલ ૯૨ મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ થઈ ગયા છે. આ પૈકી, કુલ ૪૭ મૃતદેહ તેમના પરિવારજનોને સન્માનપૂર્વક સુપરત કરવામાં આવ્યા છે. ડૉ. પટેલે વધુમાં જણાવ્યું હતું કે, અન્ય ૦૮ પરિજનોને આગામી સમયમાં તેમના સ્વજનના નશ્વર દેહ સોંપવામાં આવશે. સિવિલ હૉસ્પિટલમાં હાલ ૧૩ પરિજનો હાજર છે, જેમને પણ તેમના સંબંધીઓના પાર્થિવ દેહ સન્માનભેર આપવામાં આવશે. આ ઉપરાંત, વધુ ૮૭ પરિજનોનો સંપર્ક કરવામાં આવ્યો છે, અને તેમને મૃતદેહ સ્વીકારવા માટે બોલાવવામાં આવી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, ૧૨ પરિવારો એવા છે જેમના અન્ય સંબંધીઓના ડીએનએ મેચિંગનું પરિણામ મળ્યા બાદ તેઓ પાર્થિવ દેહને એકસાથે સ્વીકારવાના છે. જ્યારે, ૧૧ પરિવારો તેમના કુટુંબીજનો સાથે ચર્ચા કરીને મૃતદેહ સ્વીકારવા માટે આવવાના છે. સોમવારે સવારે ૯:૩૦ કલાક સુધીમાં કુલ ૪૭ મૃતદેહ જે જિલ્લાઓના પરિવારોને સોંપાયા હતા, તેમાં ખેડા, અમદાવાદ, બોટાદ, મહેસાણા, ભરૂચ, અરવલ્લી, વડોદરા, જૂનાગઢ, આણંદ, મહીસાગર, ગાંધીનગર અને ભાવનગર જિલ્લાનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ દુર્ઘટનાના પગલે રાજ્ય સરકાર દ્વારા મૃતકોની ઓળખની કામગીરી અત્યંત સંવેદનશીલતા અને ઝડપથી હાથ ધરવામાં આવી છે. દરેક મૃતકના પરિવાર માટે એક અલાયદી ટીમ ફાળવવામાં આવી છે. આ ટીમમાં એક વરિષ્ઠ અધિકારી, પોલીસકર્મી અને એક પ્રોફેશનલ કાઉન્સેલરનો સમાવેશ થાય છે, જેઓ શોકગ્રસ્ત પરિવારોને તમામ જરૂરી સહાય અને પરામર્શ પૂરી પાડી રહ્યા છે.

# કોકપીટમાં રહેલું સીવીઆર મળી આવ્યું, એએઆઈબીને સોંપવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના મેઘાણીનગરમાં પ્લેન ક્રેશ ઘટનામાં ૨૭૮ લોકોનાં મોત થયાં હતાં. તેમાં વિમાનમાં સવાર ૨૪૧ મુસાફરો તથા મેસ અને હોસ્ટેલમાં હાજર તથા ઘટનાસ્થળની આજુબાજુમાં હાજર અન્ય લોકો પણ સામેલ હતા. ત્યારે વિમાનની ટેલના ભાગમાંથી એક બ્લેક બોક્સ અને ડીવીઆર મળી આવ્યા બાદ વધુ એક મોટી સફળતા મળી હતી.

મળતી માહિતી અનુસાર તપાસ અધિકારીઓને કાટમાળ નીચેથી વિમાનનું વોઈસ રેકોર્ડર મળી આવ્યુ હતું. જે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટીગેશન બ્યૂરો(એએઆઈબી)ને સોંપવામાં આવ્યું હતું. તપાસ એજન્સીઓને દુર્ઘટના સ્થળ પરથી એર ઈન્ડિયાના ક્રેશ થયેલા પ્લેનનું કોકપીટ વોઈસ રેકોર્ડર (સીવીઆર) મળી આવ્યું હતું. જેમાં કોકપીટમાંથી ઓડિયો કેપ્ચર કરવામાં આવતો હોય છે. જેમાં પાઈલોટ વચ્ચે થયેલી વાતચીત, અલર્ટ અને આસપાસના અવાજનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે, આ પહેલા શુક્રવારે ફ્લાઈટ ડેટા રેકોર્ડર કાટમાળમાંથી મળી આવ્યું હતું. હવે સીવીઆર મળી આવતા આ બંને સાધનોમાંથી વિમાન અકસ્માત કઈ રીતે થયો તેની માહિતી મેળવવામાં આવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પ્રિન્સિપાલ સેક્રેટરી પી. કે. મિશ્રાએ આ બ્લેક બોક્સ મળી આવ્યાની માહિતી કન્ફર્મ કરી હતી. તેમણે રવિવારે જ અમદાવાદમાં પ્લેન ક્રેશ સાઇટની મુલાકાત લીધી હતી. તેઓ સિવિલ હૉસ્પિટલમાં પણ ગયા હતા જ્યાં વિમાન દુર્ઘટનાના ઈજાગ્રસ્તો સારવાર લઈ રહ્યા છે.

# ગુજરાતની મેડિકલ-ડેન્ટલ કોલેજમાં પ્રવેશ માટે જુલાઈના પ્રથમ સપ્તાહમાં પ્રક્રિયા શરૂ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ધો.૧૨ સાયન્સ પછી મેડિકલ સહિતના કોર્સમાં પ્રવેશ માટે લેવાયેલી નીટનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. રાજયમાં ગતવર્ષ કરતાં અંદાજે ૭ હજાર વિદ્યાર્થીઓ ઓછા પાસ થયા છે. આ સ્થિતિમાં માત્ર મેડિકલ નહીં પરંતુ ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથીમાં પણ મેરિટ નીચું જશે. પ્રવેશ સમિતિ દ્વારા આગામી જુલાઈના પહેલા સપ્તાહમાં પ્રવેશ કાર્યવાહી શરૂ કરવાની તૈયારી કરવામાં આવી છે. રાજયમાં ગત વર્ષે ૫૭૨૩૨ વિદ્યાર્થીઓ કવોલીફાઈ થયા હતા. જેની સામે ચાલુ વર્ષે ૫૦૦૪૦ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આ ઉપરાંત ગત વર્ષે ૭૨૦માંથી ૭૨૦ માર્કસ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૬ હતી. જેની સામે ચાલુ વર્ષે એક પણ વિદ્યાર્થીને ૭૨૦ માર્કસ આવ્યા નથી. મેડિકલના સૂત્રોએ જણાવ્યું હતું કે, ગત વર્ષે બી.જે. મેડિકલ કૉલેજમાં છેલ્લો પ્રવેશ ૬૯૯ માર્કસ સાથે થયો હતો. આ વર્ષે ઓલ ઈન્ડિયામાં પ્રથમ આવનારા વિદ્યાર્થીને પણ આટલા માર્કસ આવ્યા નથી. આ સ્થિતિમાં મેરિટમાં ભારે ઘટાડો થશે તે નક્કી છે. બી.જે. મેડિકલ સિવાયની બાકીની મેડિકલ કૉલેજોમાં તેના કરતાં પણ મેરિટ નીચું જશે. એટલું જ નહીં ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથીમાં પણ મેરિટમાં ૫૦ માર્કસનો તફાવત આવશે તે નક્કી છે.

હાલમાં મેડિકલ સહિતની નીટ આધારિત કોર્સમાં ૧૬૨૪૬ બેઠક ઉપલબ્ધ છે. જેની સામે પેરા મેડિકલમાં ૫૦ હજારથી વધારે બેઠક ઉપલબ્ધ છે. આમ, મેડિકલ અને પેરા મેડિકલના બન્ને કોર્સની બેઠકો ગણવામાં આવે તો ૭૦ હજારથી વધારે બેઠક થાય તેમ છે. આ સ્થિતિમાં નીટમાં ક્વૉલીફાઈ થનારા તમામ વિદ્યાર્થીઓને નીટ આધારિત કોર્સમાં પ્રવેશ ન મળે તો પણ પેરા મેડિકલના કોઈને કોઈ કોર્સમાં પ્રવેશ મળી જશે તે નક્કી છે.

પ્રવેશ સમિતિના સભ્યો કહ્યું હતું કે જૂનના અંત સુધીમાં તમામ વિદ્યાર્થીઓના ડેટ આવ્યા બાદ જુલાઇના પ્રથમ સપ્તાહ સુધીમાં મેડિકલ પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. ચાલુ વર્ષે નીટમાં ઓછા માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી મેડિકલ ઉપરાંત ડેન્ટલ, આયુર્વેદ કે હોમિયોપેથીમાં પ્રવેશ માટે પણ પ્રયાસ કરી શકશે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ડે. ચી.એ./૭૮૬/SWD/શહેર તારીખ : ૧૩/૦૬/૨૦૨૫

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (સ્ટોર્મ વોટર ડ્રેઈન્સ) શહેરની ઓફિસ

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કમિશનર (MCGM) બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશન (MCGM) સાથે નોંધાયેલ લાયક કોન્ટ્રાક્ટર્સ/પેઢીઓ પાસેથી ટકાવારી રેટ ધોરણે ઈ-પેકેટ "A", ઈ-પેક્ટ "B" અને ઈ-પેકેટ "C"માં નીચેના કામો માટે ઓનલાઈન ઈ-ટેન્ડર મંગાવે છે.

ટેન્ડર કોપી મહાટેન્ડર પોર્ટલ: http://mahatenders.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે.

| ક્રનં | કામનું નામ | અંદાજિત કિંમત (રૂ.માં) | બાના રકમ ડિપોઝિટ (રૂ.માં) | કલાસ | સમય મુદત | સ્ક્રુટીની ફી |
|---|---|---|---|---|---|---|
| ૧. | F/સાઉથ વોર્ડમાં St. Xavier ગ્રાઉન્ડ ખાતે હોલિડે પોન્ડની બહાર સમ્પ પિટનું સ્થળાંતર | ૫,૦૦,૦૭,૯૮૬.૦૦/- | ૫,૦૦,૦૮૦.૦૦/- | વર્ગ II અને વધુ નવા રજિસ્ટ્રેશન નિયમો મુજબ | છ (૦૬) મહિના (ચોમાસા સિવાય) | રૂ. ૨૧૪૧૭/- (રૂ. ૧૮૧૫૦/- + ૧૮% GST) |

ઈ-ટેન્ડરના અપલોડિંગ અને ઈ-ટેન્ડર્સના ખૂલવાની તારીખો અને સમય નીચે મુજબ છે. જો તારીખોમાં કોઈ ફેરફાર હશે તો તે મહાટેન્ડર પોર્ટલ (http://mahatenders.gov.in) ઉપર પ્રદર્શિત કરવામાં આવશે અથવા ડે.ચી.એ. (S.W.D.) શહેરની કાર્યાલયમાં નોટિસ બોર્ડ પર પ્રદર્શિત થશે.

| | |
|---|---|
| ટેન્ડર ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૧૭.૦૬.૨૦૨૫ ૧૧.૦૦ ક. પછી |
| ટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ & સમય | ૨૫.૦૬.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| ઈ-પેકેટ A,B & ઈ-પેકેટ C (ઓનલાઈન)ની સુપ્રતિ | ૨૫.૦૬.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| ઈ-પેકેટ A ખૂલશે | ડે.ચી.એ. (SWD) શહેરની ઓફિસમાં ૨૭.૦૬.૨૦૨૫ ૧૬.૦૦ ક. પછી |
| ઈ-પેકેટ B ખૂલશે | ડે.ચી.એ. (SWD) શહેરની ઓફિસમાં ૨૭.૦૬.૨૦૨૫ ૧૬.૦૫ ક. પછી |
| ટેન્ડર શરત મુજબ ASDને સ્ક્રુટીની ફી, ભૌતિક D.D/ NIL રિપોર્ટની રસીદ અને જો બિડર દ્વારા ભાવાંકિત કરવામાં આવે તો ૧૫% અને તેથી વધુના રિબેટ અથવા પ્રિમિયમના દર વિશ્લેષણ દસ્તાવેજો રજૂ કરવા. | ડે.ચી.એ. (SWD) શહેરની ઓફિસમાં ૦૯.૦૭.૨૦૨૫ ૧૭.૦૦ ક. પહેલા |
| ઈ-પેકેટ C ખૂલશે | ડે.ચી.એ. (SWD) શહેરની ઓફિસમાં ૧૦.૦૭.૨૦૨૫ ૧૫.૦૦ ક. પછી |
| સંપર્ક વ્યક્તિ | આસી. એન્જિનિયર શ્રી. નમોદ રામટેકે મોબાઈલ નં. ૯૯૨૦૯૨૩૩૭૭ |
| સંચાર મોટનું સરનામું | ડેપ્યુટી ચીફ એન્જિનિયરની ઓફિસ (સ્ટોર્મ વોટર ડ્રેઈન્સ) શહેર, (0) ફલોર, MCGM એન્જિનિયરરીંગ હબ બિલ્ડિંગ, ડૉ. ઈ મોઝેસ રોડ, વર્લી નાકા, વર્લી, મુંબઈ-૪૦૦૦૧૮. ઈ-મેઈલ ID-ae01city.swd@mcgm.gov.in |
| બીડ ખોલવા માટેનું સ્થળ | ડે.ચીફ એન્જિ. (SWD) શહેરની ઓફિસમાં ઓનલાઈન |

સહી/-
ડે.ચી.એ. (SWD) શહેર

PRO/683/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# વરસાદે વચ્ચે-વચ્ચે બ્રેક લેતાં મુંબઈને બ્રેક ન લાગી

## આમ છતાં ટ્રેનો મોડી દોડી, અનેક ઠેકાણે પાણી ભરાતાં ટ્રાફિક જૅમ થયોઃ જોકે વરસાદ એકધારો ન વરસ્યો એટલે ૨૬ મેનું રી-રન ન થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સોમવારે મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં મુશળધાર વરસાદ પડયો હતો. રવિવાર રાતથી શરૂ થયેલો વરસાદ સોમવારે પણ આખો દિવસ પડ્યો હતો. જોકે વરસાદ સતત વરસવાને બદલે તબક્કાવાર એટલે કે થોડા થોડા સમયના અંતરે પડયો હોવાથી મુંબઈમાં ૨૬ મે, ૨૦૨૫નું પુનરાવર્તન ટળ્યું હતું. આ દરમ્યાન ગયે મહિને થયેલી અતિવૃષ્ટિમાંથી પાઠ ભણીને વરસાદી પાણીનો નિકાલ કરવા માટે વધારાના પંપ બેસાડીને પાણીનો નિકાલ સમયસર કર્યો હોવાથી ફરી એક વખત મુંબઈ જળબંબાકાર થતી બચી ગયું હોવાનો દાવો જોકે પાલિકા પ્રશાસને કર્યો હતો. હવામાન વિભાગે સોમવાર સવારથી ૨૪ કલાક માટે ઓરેન્જ અલર્ટ આપ્યું હતું.

મુંબઈમાં સોમવારે આખો દિવસ વરસાદ રહ્યો હતો. જોકે સતત વરસાદ પડવાને (જુઓ પાનું ૪) ▸▸



**બેહાલઃ** મુંબઈમાં સોમવારે ભારે વરસાદ પડ્યો હતો. કેમ્પ્સ કોર્નર પર બાઈક પર છત્રી સાથે જઈ રહેલું યુગલ. (અમય ખરાડે)

## કેમ બચી ગયા...

૨૬ તારીખે ભારે વરસાદને કારણે મુંબઈગરા બેહાલ થઈ ગયા હતા તેનું પુનરાર્વતન ગઈ કાલે ટળ્યું હતું. આ બાબતે પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે સવારના ભરતી ન હોવાને કારણે વરસાદી પાણીનો ઝડપી નિકાલ થયો. રવિવારથી સતત વરસાદ પડવાને બદલે એટલે કે થોડા થોડા સમયે પડી રહ્યો હતો. ટૂંકા ગાળામાં ભારે વરસાદ પડયો નહોતો. એ ઉપરાંત ૨૬ મેના ભારે વરસાદને કારણે હંમેશાના નીચાણવાળા વિસ્તારની સાથે જ જે પાણી ભરાવાનાં નવાં સ્થળો મળી આવ્યા છે તે જગ્યાએ પહેલાથી વરસાદી પાણીનો નિકાલ કરવા માટે પંપ તૈયાર રાખવામાં આવ્યાં હતા.■

## પ્લાસ્ટિકની શીટે મેટ્રો-૧ની સેવા ખોરવી, પ્રવાસીઓ પરેશાન

મુંબઈઃ ઘાટકોપરથી વર્સોવાને જોડતા મેટ્રો-૧ લાઇનમાં સોમવારે ટેક્નિકલ ખામીને કારણે સેવા ખોરવાઇ હતી. સવારે પીક અવર્સમાં આ સમસ્યા થવાને કારણે નોકરીયાતોને ઘણી તકલીફ પડી હતી અને તેઓ ફસાઇ ગયા હતા. ખાસ કરીને અંધેરી, મરોલ અને સાકીનાકાના કોર્પોરેટ હબમાં કામ કરનારાઓને ઘણી મુશ્કેલી પડી હતી.

સોશિયલ મીડિયા પર પ્રવાસીઓ દ્વારા કરાયેલી પોસ્ટ પ્રમાણે આઝાદ નગર મેટ્રો સ્ટેશન નજીક ખામી સર્જાઇ હતી. જોરદાર પવનો અને વરસાદ વચ્ચે એક કન્સ્ટ્રકશન સાઇડ પરથી પ્લાસ્ટિકની શીટ ઉડીને મેટ્રોની લાઇનમાં આવી હતી અને ઓવરહેડ વાયરમાં ચોંટી ગઇ (જુઓ પાનું ૪) ▸▸

## કોંકણમાં વરસાદની જોરદાર બેટિંગ

### અનેક નદીઓ બે કાંઠેઃ મહારાષ્ટ્રભરમાં ચોમાસાની જમાવટ

મુંબઈઃ મૉન્સૂનનો વ્યાપ સંપૂર્ણ કોંકણમાં ફેલાયો છે ત્યારે વિદર્ભ, મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રના કેટલાક ભાગમાં પણ ચોમાસાની એન્ટ્રી થઇ ગઇ હોવાનું જણાઇ રહ્યું છે. રવિવારથી પડી રહેલા વરસાદને કારણે કોંકણની નદીઓ બે કાંઠે વહી રહી છે. રત્નાગિરી અને સિંધુદુર્ગમાં ૧૦૦ મિલિમીટર કરતા વધુ વરસાદ પડ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વિદર્ભના અમરાવતી, ગોંદિયા, ભંડારા અને નાગપુરમાં કેટલાક વિસ્તારોમાં મુશળધાર વરસાદ તથા સાતારા અને પુણેના ઘાટ વિસ્તારમાં અતિવૃષ્ટિની આગાહી કરવામાં આવી હતી.

રત્નાગિરીમાં સોમવારે રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. સિંધુદુર્ગમાં કણકવલી આચરા રાજ્ય માર્ગ પર પાણી ભરાઇ જવાને કારણે વાહનવ્યવહાર ઠપ થઇ ગયો હતો જેને કારણે ૧૫થી વીસ ગામનો સંપર્ક તૂટ્યો હતો. સમુદ્રમાં પણ હાઇટાઇડ દરમિયાન ત્રણથી ૩.૫ મીટર જેટલા ઊંચા મોંજા ઉછળ્યા હતા

(જુઓ પાનું ૪) ▸▸

## ગિરગામમાં પાંચ ફૂટ ઊંડા ખાડામાં બેસ્ટની બસ ફસાઈ




ગિરગામમાં મેટ્રોની સાઈટ નજીક પાંચ ફૂટ ઊંડા ખાડામાં બેસ્ટની બસ ફસાઈ ગઈ હતી. (અમય ખરાડે)

### સદ્નસીબે પ્રવાસીઓ હેમખેમઃ મેટ્રો નહીં બિલ્ડિંગ રીડેવલપમેન્ટને લીધે ખાડો પડ્યાની સ્પષ્ટતા

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ગિરગામ ખાતે મેટ્રોના કન્સ્ટ્રકશન સાઇટ નજીક પડેલા ખાડામાં બેસ્ટની ઇલેક્ટ્રિક બસ સોમવારે સવારે ફસાઇ ગઇ હતી. તેમ છતાં આ ઘટનામાં કોઇને ઇજા પહોંચી નહોતી તથા પ્રવાસીઓને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગિરગામ ખાતે અંડરગ્રાઉન્ડ મેટ્રો લાઇનનું કામ ચાલી રહ્યું છે ત્યારે ઠાકુરદ્વાર સિગ્નલ નજીક ડો. બાબાસાહેબ જાયકર માર્ગ પર સવારે ૯.૩૦ કલાકે આ ઘટના બની હતી, એમ તેમણે કહ્યું હતું.

બેસ્ટના જણાવ્યાનુસાર બસ નંબર-૧૨૧ બેકબે ડેપોથી જે. મહેતા માર્ગ તરફ જઇ રહી હતી ત્યારે તેનું પાછળનું ટાયર ખાડામાં ફસાયું હતું. આ ઘટનામાં કોઇને પણ ઇજા થઇ નહોતી. ત્યાર બાદ બસને ખાડામાંથી બહાર કાઢીને તે ફરી બેકબે ડેપોમાં રવાના કરાઇ હતી.

અમુક લોકોએ દાવો કર્યો હતો કે ત્યાં રસ્તા પર પાંચ ફૂટ ઊંડો ખાડો હતો.

મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિ. (એમએમઆરસીએલ) દ્વારા એક નિવેદનમાં જણાવાયું હતું કે ગિરગામ ખાતેની પ્રસ્તાવિક (જુઓ પાનું ૪) ▸▸

## ૨૬ મેએ કેઇએમ હૉસ્પિટલમાં પાણી નહોતાં ભરાયાંઃ હાઈ કોર્ટને જણાવાયું

મુંબઈઃ પાલિકા સંચાલિત કેઇએમ હોસ્પિટલમાં ગયા મહિને ૨૬મી મેના રોજ પડેલા મુશળધાર વરસાદમાં પાણી ભરાઇ ગયા હોવાની વાત તદ્દન ગેરમાર્ગે દોરનારી છે. ફક્ત વરસાદનું પાણી ભેગું થઇ ગયું હતું જે તાત્કાલિક કાઢી નાખવામાં આવ્યું હતું, એમ હોસ્પિટલ તરફથી સોમવારે બૉમ્બે હાઇ કોર્ટમાં જણાવાયું હતું.

ગયા મહિને પડેલા વરસાદને કારણે કેઇએમ હોસ્પિટલમાં પાણી ભરાઇ ગયા હતા એના વાયરલ થયેલા વીડિયો અને સમાચારની હાઇ કોર્ટે ગંભીર નોંધ લીધી હતી તથા પાલિકાને હોસ્પિટલની ચકાસણી કરવા તથા તાત્કાલિક પગલાં લેવા કહ્યું હતું.

હાઇ કોર્ટમાં સોગંદનામું રજૂ કરીને હોસ્પિટલ તરફથી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે હોસ્પિટલના કોઇ પણ ભાગમાં પાણી ભરાયાં નહોતાં, પરંતુ જોરદાર પવનોને કારણે ફક્ત વરસાદનું પાણી ખુલ્લી જગ્યામાં ભેગું થઇ ગયું હતું જેનો તાત્કાલિક નિકાલ કરવામાં આવ્યો હતો.

દર્દીની જ્યાં સારવાર કરવામાં આવે છે ત્યાં કોઇ પાણી ભરાયાં નહોતાં તથા દર્દીઓને કોઇ રીતે રાહ જોવડાવવામાં આવી નહોતી, એમ પણ સોગંદનામામાં જણાવાયું

(જુઓ પાનું ૪) ▸▸

## પશ્ચિમ રેલવેમાં સિનિયર સિટિઝનો માટે અલગ ડબ્બો

મુંબઈઃ બોમ્બે હાઈકોર્ટના નિર્દેશને પગલે, પશ્ચિમ રેલવેએ લોકલ ટ્રેનોમાં લગેજ કમ્પાર્ટમેન્ટને વરિષ્ઠ નાગરિકો માટે ખાસ કોચમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય લીધો છે. હાલમાં, પશ્ચિમ રેલવેની ઇલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ ઉપનગરીય ટ્રેનોમાં વરિષ્ઠ નાગરિકો માટે ૧૪ બેઠકો છે, ચર્ચગેટ બાજુથી ત્રીજા અને ૧૨મા કોચમાં દરેક બાજુ સાત બેઠકો છે, જે મુસાફરોની સંખ્યા માટે પૂરતી નથી.

મુંબઈમાં લોકલ ટ્રેનોમાં દરરોજ ૫૦,૦૦૦થી વધુ વરિષ્ઠ નાગરિકો મુસાફરી કરે છે, ત્યારે એક જાહેર હિતની અરજીમાં તેમની દુર્દશા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને તેમના માટે ખાસ ડબ્બાની માગ કરવામાં આવી હતી. એક અહેવાલ મુજબ, રેલવે બોર્ડે ચર્ચગેટ બાજુના સાતમા કોચ, જે હાલમાં લગેજ વાન છે, તેને એક્સક્લુઝિવ સિનિયર સિટિઝન કોચમાં રૂપાંતરિત કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

દરેક નવીનીકૃત ડબ્બામાં ૧૩ બેઠકો અને ૯૧

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## ચાર સ્કૂલને બૉમ્બ બ્લાસ્ટની ધમકી આપતા ઈ-મેઈલ મળતાં ખળભળાટ

### પોલીસે 'સાયબર ટેરરિઝમ'નો કેસ નોંધ્યોઃ એક જ વ્યક્તિએ આ મેઈલ મોકલ્યાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની બે અને મીરા-ભાયંદરની બે ઈન્ટરનૅશનલ સ્કૂલને બૉમ્બ બ્લાસ્ટની ધમકીભર્યા ઈ-મેઈલ મળતાં ખળભળાટ મચી ગયો હતો. સઘન તપાસ બાદ પણ ચારેય શાળામાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. જોકે આ પ્રકરણે પોલીસે 'સાયબર ટેરરિઝમ'નો કેસ નોંધ્યો હતો, જેની તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી.

મુંબઈમાં કાંદિવલી અને ગોવંડીના દેવનાર ખાતેની ઈન્ટરનૅશનલ સ્કૂલને શનિવારે ઈ-મેઈલ મળ્યા હતા, જેમાં સ્કૂલ પરિસરમાં સોમવારે બૉમ્બ બ્લાસ્ટ થવાની ધમકી આપવામાં આવી હતી. ઈ-મેઈલમાં હૈદરાબાદના બળાત્કાર કેસનો પણ કથિત રીતે ઉલ્લેખ કરાયો હતો અને દાવો કરાયો હતો કે બાળકો મરશે તો જ વાલીઓ તેની નોંધ લેશે અને વિરોધ કરશે... આ વિરોધ થશે તો જ પોલીસ બળાત્કાર કેસની યોગ્ય તપાસ કરશે.

પોલીસને શંકા છે કે શાળાઓમાં ધમકીભર્યા મેઈલ મોકલવા પાછળ એક જ વ્યક્તિ સંડોવાયેલી છે. જે ઈ-મેઈલ આઈડી પરથી આ મેસેજ આવ્યા છે તેની પોલીસ તપાસ કરી રહી છે.

મળતી માહિતી અનુસાર ગોવંડીની કાણકિયા ઈન્ટરનૅશનલ સ્કૂલની એડ્મિશન ઑફિસરને સ્કૂલના ઑફિશિયલ ઈ-મેઈલ આઈડી પર શનિવારની સવારે ધમકીભર્યો મેસેજ મળ્યો હતો. આ મેસેજ દિવિજ પ્રભાકર લક્ષ્મીના ઈ-મેઈલ એકાઉન્ટ પરથી મોકલવામાં આવ્યો હતો.

મેઈલમાં જણાવાયું હતું કે હૈદરાબાદમાં બળાત્કાર પીડિતાને ન્યાય આપવા માટે

(જુઓ પાનું ૪) ▸▸

## ઈન્સ્ટાગ્રામ વીડિયો કૉલ પર કપડાં ન ઉતારનાર યુવતીઓનો બ્લૅકમેલર પકડાયો

**કમ્પ્યુટર નિષ્ણાત યુવક ઈનકાર કરનારી યુવતીઓને નામે બનાવટી પ્રોફાઈલ તૈયાર કરી અશ્લીલ મેસેજ-તસવીરો પોસ્ટ કરતો**

**આરોપીના મોબાઈલમાંથી યુવતીના ૧૩,૫૦૦ સ્ક્રીનશૉટ્સ, ૧૦૦ ઈ-મેઈલ આઈડી અને ૧૧ બનાવટી ઈન્સ્ટાગ્રામ આઈડી મળ્યા!**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સોશ્યલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર યુવતી-મહિલાઓને ફૉલો કરીને તેમને વીડિયો કૉલ સામે નિર્વસ્ત્ર થવાની માગણી કરનારા યુવકને પોલીસે કર્ણાટકથી પકડી પાડ્યો હતો. કમ્પ્યુટર નિષ્ણાત યુવક માગણીનો ઇનકાર કરનારી યુવતીના નામે બનાવટી પ્રોફાઈલ તૈયાર કરી સોશ્યલ મીડિયા પર અશ્લીલ તસવીરો-મેસેજ પોસ્ટ કરતો હતો. તેના મોબાઈલ ફોનમાંથી ૧૩,૫૦૦ યુવતીના સ્ક્રીનશૉટ્સ મળી આવ્યા હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

દહિસર પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ શુભમ કુમાર મનોજપ્રસાદ સિંહ (૨૫) તરીકે થઈ હતી. બિહારના બાગલપુર જિલ્લામાં રહેતા સિંહને કર્ણાટકના બેલ્લારી ખાતેથી તાબામાં લેવાયો હતો. આરોપીએ દિલ્હીના આઈટી સેન્ટર ખાતેથી સૉફ્ટ સ્કિલ કમ્પ્યુટર ટ્રેનિંગ પ્રોગ્રામનો ડિપ્લોમા કર્યો હોવાનું પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું.

દહિસરમાં રહેતી કૉલેજ સ્ટુડન્ટે ૩૧ જાન્યુઆરીએ નોંધાવેલી ફરિયાદને આધારે દહિસર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે યુવતીના નામ અને તસવીરનો ઉપયોગ કરીને અજાણ્યા શખસે અમુક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ બનાવ્યાં હતાં. બાદમાં આ એકાઉન્ટ્સથી યુવતી સંદર્ભે અતિશય બીભત્સ અને ઘૃણાસ્પદ મેસેજ પોસ્ટ કરવામાં આવ્યા હતા. યુવતીને બ્લૅકમેઈલ કરવાનો પ્રયાસ કરી આરોપીએ સોશ્યલ મીડિયા પર તેની બદનામી કરી હતી.

કેસની તપાસમાં દહિસર પોલીસે સાયબર પોલીસની મદદ લીધી હતી. જે ઈન્સ્ટાગ્રામ આઈડી

(જુઓ પાનું ૪) ▸▸

## દિવ્યાંગોના શેલ્ટર હોમમાં શરાબ અને શબાબની પાર્ટીઃ અદાલતનો તપાસનો આદેશ

મુંબઈઃ૧૩ વર્ષ પહેલાં દિવ્યાંગ બાળકો માટેના મુંબઈ સ્થિત એક શેલ્ટર હોમમાં કથિત રીતે યોજાયેલા દારૂ અને ડાન્સરો સાથે નવા વર્ષની પૂર્વસંધ્યાએ યોજાયેલી પાર્ટી અંગે આઘાત વ્યક્ત કરી બોમ્બે હાઇકોર્ટે સોમવારે અધિકારીઓ સામે તપાસના આદેશ આપ્યા હતા.

મુખ્ય ન્યાયમૂર્તિ આલોક આરાધે અને ન્યાયમૂર્તિ સંદીપ માર્નેની ખંડપીઠે નોંધ્યું હતું કે આ ''આઘાતજનક'' ઘટનાના ૧૩ વર્ષ થઈ ગયા હોવા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી નથી કરવામાં આવી.

ખંડપીઠે જણાવ્યું હતું કે તે સમયે તપાસ હાથ ધરવામાં આવી હતી એનું આશ્ચર્ય થયું હતું, પરંતુ અધિકારીઓ અથવા ગૃહના અધિક્ષક સામે કોઈ કાર્યવાહી કરવામાં નથી આવી.

હાઈ કોર્ટે દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરને છ અઠવાડિયામાં તપાસ હાથ ધરવા અને ''અપરાધી'' અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી અને સજા માટે રાજ્ય સરકારને અહેવાલ રજૂ કરવા આદેશ આપ્યો હતો. ત્રણ મહિનામાં અદાલતમાં કમ્પ્લાયન્સ રિપોર્ટ રજૂ કરવાનો રહેશે.

અદાલત સામાજિક કાર્યકર સંગીતા પુણેકર દ્વારા ૨૦૧૪માં દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (પીઆઈએલ) પર સુનાવણી કરી રહી હતી. અરજીમાં (જુઓ પાનું ૪) ▸▸




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**